પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

સુવિચાર

આવડત કરતા દાનતની કિંમત વધારે હોય છે...

# અબતક ®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ  પાના: ૧૪
તા. ૨૭-૨-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૪, અંક: ૨૯૯

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia




### વિશ્વ ઉપર વધુ એક યુદ્ધની આફત

# અફઘાનિસ્તાન અને પાકિસ્તાનો એકબીજા ઉપર હુમલો: તંગદિલી ચરમસીમાએ

## અફઘાન સેનાએ ૧૯ ચોકીઓ પર કબજો જમાવ્યો, વળતા જવાબમાં પાકિસ્તાનનું 'ઓપરેશન ગઝબ લીલ હક' શરૂ

### શું થયું યુદ્ધમાં?

- અફઘાનિસ્તાન અને પાકિસ્તાન બોર્ડર પર ભારેલા અગ્નિ જેવી સ્થિતિ, બંને દેશો વચ્ચે સામસામી એરસ્ટ્રાઇક અને ભારે આર્ટિલરી ફાયરિંગ શરૂ.
- અફઘાનિસ્તાને પાકિસ્તાનની ૧૯ જેટલી લશ્કરી ચોકીઓ પર કબજો જમાવી લીધો હોવાનો તાલિબાનનો સનસનીખેજ દાવો.
- અફઘાન હુમલાઓમાં ૫૫ લોકોના મોત બાદ પાકિસ્તાને જવાબી કાર્યવાહીના ભાગરૂપે 'ઓપરેશન ગઝબ લીલ હક' લોન્ચ કર્યું.
- તાલિબાનનો દાવો છે કે તેઓએ ૫૫ પાકિસ્તાની સૈનિકોને ઢાળી દીધા છે, જ્યારે વળતા પ્રહારમાં પાકિસ્તાન ૧૩૩ તાલિબાનીઓને માર્યાનો દાવો કરે છે.
- પાકિસ્તાન દ્વારા અગાઉ કરાયેલી એરસ્ટ્રાઇકના વિરોધમાં અફઘાનિસ્તાને આ મોટા પાયે આક્રમક અને સશસ્ત્ર જવાબી કાર્યવાહી હાથ ધરી છે.

### પાકિસ્તાન સરકારનું આક્રમક વલણ

પાકિસ્તાનના માહિતી મંત્રી અતાઉલ્લા તરાર દ્વારા સોશિયલ મીડિયા પર આ હુમલાની પુષ્ટિ કરવામાં આવી છે. તેમણે આ કાર્યવાહીને ''સચોટ અને અસરકારક'' ગણાવી છે. પાકિસ્તાનનું કહેવું છે કે તાલિબાને કોઈપણ ઉશ્કેરણી વગર પાકિસ્તાની ચોકીઓ પર હુમલો કર્યો હતો, જેના જવાબમાં આ એરસ્ટ્રાઈક કરવી અનિવાર્ય હતી.

### તાલિબાનની ૯ ચોકીઓ ઉપર પાકિસ્તાને કબજો જમાવ્યો

પાકિસ્તાનના સૂચના મંત્રી અતાઉલ્લાહ તરારે સોશિયલ મીડિયા પર ઓપરેશનની વિગતો શેર કરતા જણાવ્યું હતું કે, હુમલામાં ૧૩૩ તાલિબાની લડાયકોના મોત નિપજ્યાં છે. જ્યારે ૨૦૦થી વધુ ઘાયલ થયા છે. તાલિબાનના ૨ કોર હેડક્વાર્ટર, ૩ બ્રિગેડ હેડક્વાર્ટર અને ૨૭ સૈન્ય ચોકીઓ નષ્ટ કરવામાં આવી છે. ૮૦ થી વધુ ટેન્ક, તોપો અને સશસ્ત્ર વાહનો તબાહ થયા છે. પાકિસ્તાને તાલિબાનની ૯ વ્યૂહાત્મક ચોકીઓ પર પોતાનો કબજો જમાવી લીધો છે.

### વિવાદનું અસલી કારણ શું છે?

૨૦૨૧માં કાબુલ પર તાલિબાનના કબજા બાદથી જ પાકિસ્તાનમાં આતંકી હુમલાઓમાં ભારે વધારો થયો છે. પાકિસ્તાનનો આરોપ છે કે, ટીટીપીના લડાયકો અફઘાનિસ્તાનમાં સુરક્ષિત આશ્રય મેળવી રહ્યા છે. જોકે, કાબુલ હંમેશા આ આરોપોને નકારતું આવ્યું છે. તાજેતરના હુમલા પહેલા બાજોર જિલ્લામાં થયેલા આત્મઘાતી હુમલામાં ૧૧ પાકિસ્તાની સૈનિકોના મોત થયા હતા. જેનો આરોપ પાકિસ્તાને અફઘાન મૂળના હુમલાખોર પર લગાવ્યો હતો.

**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સરહદી વિવાદે હવે ખુલ્લી દુશ્મનાવટ અને ભીષણ યુદ્ધનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી એરસ્ટ્રાઈકનો જડબાતોડ જવાબ આપવા માટે અફઘાનિસ્તાનના શાસક તાલિબાને પાકિસ્તાન પર વળતો અને અત્યંત આક્રમક હુમલો કર્યો છે. બંને દેશોની સેનાઓ વચ્ચે ભારે ગોળીબાર અને તોપમારો ચાલુ છે, જેના કારણે સરહદી વિસ્તારોમાં યુદ્ધ જેવી ભયાનક સ્થિતિ નિર્માણ પામી છે.

અફઘાનિસ્તાન દ્વારા કરવામાં આવેલા ચોંકાવનારા દાવા મુજબ, તાલિબાન દળોએ પાકિસ્તાનની

(અનુ. આઠમા પાને)

## અફઘાન હુમલામાં ૫૫ પાકિસ્તાની સૈનિકોના મોતનો દાવો, પાકિસ્તાને પણ ૧૩૩ તાલિબાનીઓને ઠાર કર્યાનો દાવો

### વસુધૈવ કુટુંબકમ સૂત્રને સાર્થક કરતા મોદીએ ગાઝા શાંતિ યોજનાને આપ્યું સમર્થન

# ભારત-ઈઝરાયેલ વચ્ચે એઆઈ-સંરક્ષણ સહિતના મહત્વપૂર્ણ ૧૭ કરારો

## નરેન્દ્ર મોદી અને બેન્જામિન નેતન્યાહુ વચ્ચે મહત્વપૂર્ણ મુલાકાત, મોદીએ ત્યાંની સંસદ 'કનેસેટ'ને પણ સંબોધિત કરી

### સંરક્ષણ અને ટેકનોલોજીમાં નવો અધ્યાય

બંને દેશો વચ્ચે નવી એનએસએ-સ્તરની ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે. જે અંતર્ગત સંરક્ષણ ક્ષેત્રે સંયુક્ત ઉત્પાદન અને ટેકનોલોજી ટ્રાન્સફર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ટેકનોલોજીને બંને દેશોની ભવિષ્યની ભાગીદારીનું કેન્દ્રબિંદુ ગણાવાયું છે.

### કૃષિ ક્ષેત્રે ૧૦૦ સેન્ટર્સ ઓફ એક્સેલન્સ

કૃષિ ક્ષેત્રમાં ઈઝરાયેલના સહયોગથી ભારતમાં ચાલી રહેલા સેન્ટર્સ ઓફ એક્સેલન્સની સફળતાને ધ્યાનમાં રાખીને મોટો નિર્ણય લેવાયો છે. આગામી સમયમાં આવા કેન્દ્રોની સંખ્યા વધારીને ૧૦૦ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

### નેતન્યાહુ ભારતીય પોશાકમાં સજ્જ થયા

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયેલના બે દિવસના ઈઝરાયેલ પ્રવાસથી પરત ભારત ફર્યા છે. પરંતુ, આ પ્રવાસ દરમિયાન તેમની યાદ વાશેમ હોલોકોસ્ટ મેમોરિયલની મુલાકાત ચર્ચાસ્પદ રહી હતી. તેમણે ૬૦ લાખ પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી. બીજી તરફ, તેમનું ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથેનું ડિનર પણ સોશિયલ મીડિયામાં ખૂબ ચર્ચાયું હતું. આ ડિનર દરમિયાન ઈઝરાયેલના પીએમ ભારતીય પોશાકમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ, સોશિયલ મીડિયામાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ કે, બેન્જામિન નેતન્યાહુએ પહેર્યું છે એ નહેરુ જેકેટ છે કે, મોદી જેકેટ? તેનો કોઈ સ્પષ્ટ જવાબ તો નથી પરંતુ, હા ઈઝરાયેલના પીએમ ભારતીય પોશાકમાં જોવા મળ્યા તેનો આનંદ છે.

### ઈઝરાયેલમાં ભારતનું યુપીઆઇ લોન્ચ

ભારત અને ઈઝરાયેલ વચ્ચે યુપીઆઇના ઉપયોગ માટે કરારો થયા છે, તેલ અવિવમાં મોદી અને નેતન્યાહુએ સંયુક્ત નિવેદનમાં આ જાહેરાત કરી હતી. બન્ને દેશો વચ્ચે થયેલા કરારો મુજબ ભારતના યુપીઆઇને ઈઝરાયેલના સ્થાનિક પેમેન્ટ સિસ્ટમની સાથે જોડવામાં આવશે. જેને કારણે બન્ને દેશો વચ્ચેનો નાણાકીય વ્યવહાર વધુ સરળ બનશે. આ ઉપરાંત ટ્રાન્ઝેક્શન ખર્ચો અને સમય બન્નેની બચત થશે. આ અંગે ખુશી વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે હવે ભારતના યુપીઆઈનો ઈઝરાયેલમાં પણ ઉપયોગ થઈ શકશે જે માટે બન્ને દેશો સંમત થયા છે. ક્રોસ બોર્ડર પેમેન્ટ વધુ સરળ બનવાની પણ આશા છે. જેને કારણે વેપાર, પર્યટન ક્ષેત્રે પણ ફાયદો થશે.

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈઝરાયેલ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો એક નવા મુકામ પર પહોંચ્યા છે. ઈઝરાયેલના પ્રવાસે ગયેલા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ વચ્ચેની મુલાકાત બાદ બંને દેશોના 'ટાઈમ-ટેસ્ટેડ' સંબંધોને 'સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'માં અપગ્રેડ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ મુલાકાત દરમિયાન મહત્વપૂર્ણ ૧૭ કરારો પણ થયા છે.

આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી હતી. આ બેઠકમાં સૌથી મહત્વની બાબત એ રહી કે નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રજૂ કરાયેલી 'કોમ્પ્રિહેન્સિવ પ્લાન ટુ એન્ડ ધ ગાઝા કોન્ફ્લિક્ટ' (ગાઝા શાંતિ યોજના)ને ભારતનું સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું. તેમણે જણાવ્યું કે આ યોજનાએ શાંતિ તરફનો નવો રસ્તો ખોલ્યો છે અને ભારત ભવિષ્યમાં પણ તમામ દેશો સાથે સંવાદ અને સહકાર દ્વારા પ્રદેશમાં શાંતિ, સુરક્ષા અને વેપારની સ્વતંત્રતા સ્થાપિત કરવાના પ્રયાસો ચાલુ રાખશે.

સંરક્ષણ અને આધુનિક ટેકનોલોજીના ક્ષેત્રે પણ બંને દેશોએ મહત્વના કરારો કર્યા છે.

(અનુ. આઠમા પાને)

# વિઝા-ખર્ચની સમસ્યાથી અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય છાત્રોની સંખ્યામાં ૪૫%નો ઘટાડો

## ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલના અહેવાલ મુજબ અમેરિકાનું આકર્ષણ ઘટ્યું, જ્યારે ભારતીય મેનેજમેન્ટ પ્રોગ્રામ્સમાં વિદેશી અરજીઓમાં ૨૫%નો ઉછાળો

### આ ઘટાડા પાછળના મુખ્ય કારણો

**વિઝાની અનિશ્ચિતતા:** અમેરિકા અને કેનેડામાં વિઝા પ્રક્રિયા કડક બનવાથી અને અનેક અરજીઓ નામંજૂર થવાથી વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી પડી રહી છે. ઘણા કિસ્સાઓમાં, યુનિવર્સિટીમાં એડમિશન અને ડિપોઝીટ ભર્યા પછી પણ વિઝાના અભાવે વિદ્યાર્થીઓ અમેરિકા પહોંચી શકતા નથી.

**આર્થિક પરિબળો:** રૂપિયાના મૂલ્યમાં થયેલા ઘટાડા અને મોંઘવારીના કારણે વિદેશમાં અભ્યાસ કરવો હવે પહેલા કરતા ઘણો મોંઘો સાબિત થઈ રહ્યો છે. આ અહેવાલ મુજબ, વિદ્યાર્થીઓ હવે સંસ્થાની 'બ્રાન્ડ વેલ્યુ' કે રેન્કિંગ કરતા આર્થિક બાબતોને વધુ મહત્વ આપી રહ્યા છે.

### વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતનું આકર્ષણ વધ્યું

એક તરફ જ્યાં અમેરિકા જનારા ભારતીયો ઘટ્યા છે, ત્યાં બીજી તરફ ભારતીય ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ પ્રોગ્રામ્સમાં આંતરરાષ્ટ્રીય અરજીઓમાં ૨૫% નો નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. આ બાબત દર્શાવે છે કે ગ્લોબલ એજ્યુકેશન હબ તરીકે ભારત પણ એક મજબૂત વિકલ્પ તરીકે ઉભરી રહ્યું છે.

**અબતક, નવી દિલ્હી**

વિઝાની કડક અને અસ્પષ્ટ નીતિઓ, વિઝા મળવામાં થતો વિલંબ અને સતત વધી રહેલા ખર્ચના કારણે અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ કરવા જવાનું ભારતીય વિદ્યાર્થીઓનું સપનું હવે ઝાંખું પડી રહ્યું છે. ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ એડમિશન કાઉન્સિલના તાજેતરના અહેવાલ અનુસાર, ઓગસ્ટ ૨૦૨૫ના સત્રમાં અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓના એડમિશનમાં ૪૫% નો તોતિંગ ઘટાડો નોંધાયો છે. રિપોર્ટના આંકડા સ્પષ્ટપણે


(અનુ. આઠમા પાને)

# કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની ભારતની મુલાકાતે આર્થિક રોકાણ અને વ્યાપારના નવા દ્વાર ખુલશે

## ઈન્ડિયા-કેનેડા સીઈઓ ફોરમ: ઉદ્યોગપતિઓ અને નિષ્ણાતો સાથે પીએમ કાર્ની કરશે મુલાકાત

**અબતક, નવી દિલ્હી**

કેનેડામાં સત્તા પરિવર્તન બાદ ભારત અને કેનેડાના સંબંધોમાં વ્યાપક સુધારાની આશા જાગી છે. કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્ની શુક્રવારથી ભારતની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે. જસ્ટિન ટ્રૂડોના કાર્યકાળ દરમિયાન ખાલિસ્તાની અલગાવવાદીની હત્યાના પ્રયાસના મામલે બંને દેશો વચ્ચે જે ભારે તણાવ સર્જાયો હતો, તેને દૂર કરી સંબંધોને ફરી પાટા પર લાવવા માટે આ મુલાકાત અત્યંત નિર્ણાયક માનવામાં આવી રહી છે. પીએમ કાર્ની આજે મુંબઈ પહોંચીને તેઓ ભારત અને કેનેડાના અગ્રણી ઉદ્યોગપતિઓ, નાણાકીય નિષ્ણાતો અને ઈનોવેટર્સ સાથે બેઠક કરશે અને વિવિધ વ્યાપારી કાર્યક્રમોમાં ભાગ લેશે રવિવારે તેઓ નવી દિલ્હી પહોંચશે, જ્યાં સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમની ઔપચારિક મુલાકાત અને દ્વિપક્ષીય મંત્રણા યોજાશે.



**વ્યાપાર અને રોકાણ:** આર્થિક સંબંધોને મજબૂત કરવા માટે સોમવારે બંને નેતાઓ 'ઈન્ડિયા-કેનેડા CEO ફોરમ'માં પણ હાજરી આપશે.

**ઊર્જા અને ટેકનોલોજી:** કલીન એનર્જી અને ક્રિટિકલ મિનરલ્સ ક્ષેત્રે સહયોગ વધારવા પર ભાર મુકાશે.

**અન્ય ક્ષેત્રો:** કૃષિ, શિક્ષણ, સંશોધન અને બંને દેશોના લોકો વચ્ચેના સંબંધો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

જસ્ટિન ટ્રૂડોના સમયમાં બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો નીચલા સ્તરે પહોંચી ગયા હતા. પીએમ તરીકે માર્ક કાર્નીની આ પ્રથમ ભારત મુલાકાત છે. ભારતીય વિદેશ મંત્રાલયના મતે, આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવાની પ્રક્રિયામાં એક મહત્વપૂર્ણ તબક્કો સાબિત થશે.

# ટ્રાફિક નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરશો તો 'પોઈન્ટ સિસ્ટમ' થી લાયસન્સ કાયમ માટે રદ થઈ જશે

## ભારતમાં દર વર્ષે ૫ લાખ અકસ્માતો અને ૧.૮ લાખ લોકો જીવ ગુમાવે છે, અકસ્માતો ઘટાડવા માટે સરકારે આ નિર્ણય લીધો

રસ્તા પર દોડતા વાહનો એ દેશની પ્રગતિની નિશાની છે, પરંતુ જ્યારે આ વાહનો શિસ્તની મર્યાદા ઓળંગે છે ત્યારે તે જીવલેણ બની જાય છે. ભારતીય રસ્તાઓ પર ટ્રાફિકના નિયમોનું પાલન કરવું એ 'ફરજ' ને બદલે 'મજબૂરી' ગણવામાં આવે છે. મોટાભાગના લોકો નિયમોનું પાલન અકસ્માતથી બચવા માટે નહીં, પરંતુ 'પોલીસના દંડ' થી બચવા માટે કરતા હોય છે. રોડ પર વધતા અકસ્માતોને રોકવા માટે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ એક મોટી જાહેરાત કરી છે.

હવે ભારતમાં પણ વિદેશોની જેમ ડ્રાઈવિંગ લાયસન્સ માટે 'ગ્રેડેડ પોઈન્ટ સિસ્ટમ' દાખલ કરવામાં આવશે. તમે જ્યારે પણ ટ્રાફિકના નિયમો તોડશો , ત્યારે તમારા લાયસન્સમાંથી પોઈન્ટ કાપવામાં આવશે. જો કપાતા પોઈન્ટ એક નક્કી કરેલી મર્યાદા વટાવી જશે, તો તમારું લાયસન્સ ૬ મહિના માટે સસ્પેન્ડ કરી દેવામાં આવશે. જો કોઈ ચાલક વારંવાર ભૂલો કરવાનું ચાલુ રાખશે, તો તેનું લાયસન્સ કાયમ માટે રદ કરી દેવામાં આવશે.

દેશના સૌથી વધુ અકસ્માતવાળા ૧૦૦ જિલ્લાઓની ઓળખ કરવામાં આવી છે. ત્યાં અકસ્માતો ઘટાડવા ખાસ કામ થશે. હાઈવે પર અકસ્માત થાય તો ૨૦ મિનિટમાં મદદ પહોંચે તે માટે ૪૦૦ અત્યાધુનિક એમ્બ્યુલન્સ તેનાત કરાશે. હિમાલય જેવા પહાડી વિસ્તારોમાં ૩૫૦ એવી જગ્યાઓ શોધી છે જ્યાં જમીન ધસી પડે છે. તેમાંથી ૨૩૫ જગ્યાઓને તાત્કાલિક રીપેર કરવામાં આવશે.

બસ, ટ્રેક્ટર અને ઈ-રિક્ષાની

(અનુ. આઠમા પાને)

# આત્મહત્યા વિશે સર્ચ કરતાં બાળકોના વાલીઓને એલર્ટ કરશે 'ઈન્સ્ટાગ્રામ'

**અબતક, રાજકોટ**

જેન-ઝીમાં ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક સહિતના સોશિયલ મીડિયાનું વળગણ સતત વધી રહ્યું છે. આ પ્લેટફોર્મ્સનો ઉપયોગ રચનાત્મક બાબતો માટે કરવાની સાથે સાથે જ હવે નવી પેઢી તેનો ઉપયોગ પોતાને નુકસાન પહોંચાડવા કે આત્મહત્યાની પદ્ધતિઓ શોધવા માટે પણ કરી રહી હોવાનો ચિંતાજનક ટ્રેન્ડ સામે આવી રહ્યો છે. જેને પગલે ઈન્સ્ટાગ્રામે જણાવ્યું હતું કે, જો કોઈ બાળક તેના પ્લેટફોર્મ પર વારંઘડીએ આત્મહત્યા કે પોતાની જાતને નુકસાન પહોંચાડે તેવી બાબતો અંગે સર્ચ કરતો જણાશે તો તે આવા બાળકોના માબાપને તેની જાણ કરતી એલર્ટ મોકલશે. આવી એલર્ટ માત્ર એવા માબાપને મોકલવામાં આવશે જેઓ ઈન્સ્ટાગ્રામના પેરેન્ટલ સુપરવિઝન પ્રોગામમાં સામેલ હશે. આ એલર્ટ, કંપની પાસે ઉપલબ્ધ માબાપની વિગતોને આધારે ઈમેલ, ટેક્સ્ટ મેસેજ અથવા વોટ્સએપ પર ઉપરાંત તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં પણ મોકલવામાં આવશે. ઈન્સ્ટાગ્રામે જણાવ્યું હતું કે, તેણે બાળકોના એકાઉન્ટ્સના સર્ચ રિઝલ્ટમાં આવી સામગ્રી ઘણાં સમયથી બ્લોક કરી છે. એટલું જ નહીં તેણે આવી સર્ચ કરતાં લોકોને હેલ્પલાઈન તરફ દોરી જવાનું શરૂ કર્યું છે.





સહકારથી સેવા, સેવાથી સમાજ

# માનવતા જ અમારૂં મિશન, સેવા જ અમારી ઓળખ: આજે વિશ્વ એનજીઓ દિવસ

## લોકોની વિવિધ સેવાઓ કરતી એનજીઓ સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છેઃ આવી સંસ્થાઓ ગરીબ, પછાત અને જરૂરિયાતમંદ લોકો સુધી શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, રોજગાર અને માનવ અધિકાર જેવી મૂળભૂત સેવાઓ પૂરી પાડે છે

આજે વૈશ્વિક સ્તરે સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓ દિવસ એટલેકે વિશ્વ એનજીઓ દિવસ ઉજવાય રહ્યો છે. ગ્રુપ, મંડળ, કલબ, ફાઉન્ડેશન, એસોસિએશન, ટ્રસ્ટ જેવા નામોથી ઓળખાતી નોન ગવર્મેન્ટ ઓર્ગેનાઈઝેશન (NGO) ગણાય છે.

ઘણી સંસ્થાઓ સરકારી ગ્રાન્ટ લઈને પ્રોજેક્ટ ચલાવે છે તો બીજી દાન સખાવતથી ચાલતી સંસ્થો હોય છે. અમુક સેવાભાવિ ગ્રુપ પોતાની રીતે જરૂરિયાતમંદ લોકોને મદદ કરતા હોય છે, કે પર્યાવરણ પ્રોજેક્ટ ચલાવતા હોય છે. બાળ, મહિલા કે યુવા પ્રવૃત્તિ પણ ઘણી રજીસ્ટર્ડ કે નોન રજીસ્ટર્ડ સામાજિક સંસ્થાઓ કાર્ય કરતી હોય છે. અમુક સંસ્થાઓ ભૂખ્યાને રોજ ભોજન આપવાનું વિનામૂલ્યે કરતા હોય છે.

આપણા ગુજરાતની વાત કરીએ તો રાજ્યમાં ઘણી બધી સમાજસેવી સંસ્થાઓ જરૂરીયાત મંદ લોકો માટે ખૂબ જ સારું કામ કરી રહી છે. આપણે ત્યાં ગ્રામ્ય કક્ષાએથી શરૂ કરીને શહેર કે મોટા શહેરોમાં પણ વિવિધ સંસ્થાઓ જનસેવા નું કામ કરી રહ્યું છે. અમુક ટ્રસ્ટો શિક્ષણ સેવા યજ્ઞ ચલાવે છે, લોકોમાં શિક્ષણ બાબતે જાગૃતિ પણ લાવે છે.

ભારતમાં વિશ્વના સૌથી મોટા NGO નેટવર્કમાંનું એક છે. વિશ્વમાં યુનિસેફ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થા બાળકો માટે ખૂબ જ સારું કાર્ય કરે છે.

એક અંદાજ મુજબ ભારતમાં ૪૦ લાખથી વધુ ગત્રક્ષ્ઘ નોંધાયેલી છે. જેનો અર્થ થાય છે કે દર ૫૦૦ ભારતીય નાગરિકો માટે લગભગ એક NGO કાર્યરત ગણી શકાય.આ સિવાયની નાની નાની પાયાની સંસ્થાઓ દ્વારા પણ વિવિધ સેવા કરી થાય છે. લાયન્સ, રોટરી અને જેસિસ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થા પણ લોક ઉપયોગી કાયમી પ્રોજેક્ટ ચલાવે છે. આજના યુગમાં વિધવા બહેનોને રાશન કીટ, ગરીબ તેજસ્વી બાળકોને શિક્ષણ સહાય, દર્દીને દવા સહાય, રક્તદાન કેમ્પ, ચક્ષુદાન, દેહદાન, ઓર્ગન ડોનેટ, કલા પ્રોત્સાહનના કાર્યક્રમો અને એઈડ્સ, કેન્સર જેવા રોગીની જાગૃતિ લાવવી પણ એટલીજ જરૂરી છે.




આ વર્ષની ઉજવણી થીમ "સમાવેશ દ્વારા ગૌરવ પુનઃસ્થાપિત કરવું," છે, જેનો હેતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો માટે સમાનતા, સામાજિક ન્યાય અને સશકિતકરણને પ્રોત્સાહન આપવામાં NGO ની આવશ્યક ભૂમિકા પર પ્રકાશ પાડે છે. તે બધા માટે તકો ઊભી કરવા, ભેદભાવ ઘટાડવા અને દરેક વ્યકિત સમાજમાં સંપૂર્ણ રીતે ભાગ લઈ શકે તેની ખાતરી કરવા પર ભાર મૂકે છે. સમાવેશ પર ધ્યાન કેન્દ્રિત કરીને, થીમ ગત્રક્ષ્ઘ, સરકારો અને સમુદાયોને ગૌરવ પુનઃસ્થાપિત કરવા, સ્થિતિસ્થાપકતા બનાવવા અને ન્યાયી, વધુ કરુણાપૂર્ણ વિશ્વને પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરવા પ્રોત્સાહિત કરે છે. આ દિવસની સ્થાપના મૂળ રૂપે ૨૦૦૯ માં એક સામાજિક ઉદ્યોગ સાહસિક માર્સિસ લિયોર્સ સ્કેડમેનિસ દ્વારા કરવામાં આવી હતી. જોકે આ દિવસની પ્રથમ ઉજવણી ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૪માં કરવામાં આવી હતી.લોકોની વિવિધ સેવાઓ કરતી એનજીઓ સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આવી સંસ્થાઓ ગરીબ, પછાત અને જરૂરિયાતમંદ લોકો સુધી શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, રોજગાર અને માનવ અધિકાર જેવી મૂળભૂત સેવાઓ પહોંચાડે છે. સરકાર અને સમાજ વચ્ચે એક મજબૂત કડી તરીકે એનજીઓ કામ કરે છે, જેથી સમાજના દરેક વર્ગ સુધી મદદ અને જાગૃતિ પહોંચે. ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં એનજીઓ લોકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવવાનું કાર્ય કરે છે.

શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે એનજીઓનું યોગદાન વિશેષ મહત્વનું છે. અનેક સંસ્થાઓ ગરીબ બાળકો માટે મફત શિક્ષણ, શાળા સામગ્રી અને માર્ગદર્શન પૂરૂં પાડે છે. આરોગ્ય ક્ષેત્રે મફત આરોગ્ય શિબિરો, રસીકરણ, માતા-બાળ સંભાળ અને રોગજાગૃતિ કાર્યક્રમો દ્વારા લોકોનું સ્વાસ્થ્ય સુધારવામાં મદદ કરે છે. આવી સેવાઓ દ્વારા સમાજમાં શિક્ષિત અને સ્વસ્થ પેઢીનું નિર્માણ થાય છે.આજે ઘણી એનજીઓ સમાજ સેવામાં આગવી ઓળખ ધરાવે છે. આવી સંસ્થાઓ દાન, સ્વયંસેવક સેવા અને જાગૃતિ કાર્યક્રમો દ્વારા લોકોમાં સામાજિક જવાબદારીની ભાવના વિકસાવે છે. એનજીઓના સતત પ્રયાસોથી સમાજ વધુ સમાન, સંવેદનશીલ અને માનવતાભર્યો બનતો જાય છે.

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે વિશ્વના છ ખંડોમાં આજનો દિવસ ઉજવવામાં આવે છે, જે વિશ્વભરમાં સમુદાયો, નેતાઓ અને પરિવર્તન લાવનારાઓને એક કરે છે. પૈસા એકમાત્ર એવી વસ્તુ નથી જે આપવામાં મજા આવે. આપણે સમય આપી શકીએ છીએ, આપણે આપણી કુશળતા આપી શકીએ છીએ, આપણે આપણો પ્રેમ આપી શકીએ છીએ, અથવા ફક્ત સ્મિત આપી શકીએ છીએ. આપણામાંથી કોઈને પણ આપવા માટે યોગ્ય વસ્તુની ક્યારેય કમી નથી હોતી.

આજે NGO ના મહત્વપૂર્ણ કાર્ય વિશે જાગૃતિ લાવવી અને સમુદાય વિકાસમાં સ્વયંસેવા અને સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવું જરૂરી છે. NGO ભંડોળ ઊભું કરવા, ઝુંબેશ અને હિમાયતના પ્રયાસોને સમર્થન આપવું જોઈએ. બિન-સરકારી સંગઠન (NGO) જેને ઘણીવાર બિન-લાભકારી સંગઠન (NPO), નાગરિક સમાજ સંગઠન (CSO), ચેરિટેબલ સંગઠન, સભ્યપદ સંગઠન, ચેરિટી કે ત્રીજા ક્ષેત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. એક બિન-લાભકારી, નાગરિક-આધારિત જૂથ છે જે સરકારથી સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

**એક અંદાજ મુજબ ભારતમાં ૪૦ લાખથી વધુ એનજીઓ નોંધાયેલી છે, જેનો અર્થ થાય કે દર ૫૦૦ ભારતીય નાગરિકો માટે લગભગ એક એનજીઓ ગણી શકાયઃ આ વર્ષની થીમ "સમાવેશ દ્વારા ગૌરવ પુનઃસ્થાપિત કરવું" છેઃ સરકાર અને સમાજ વચ્ચે એક મજબૂત કડી તરીકે એનજીઓ કામ કરે છે**

## નવરંગ નેચર ક્લબ દ્વારા બાલ ભવન ખાતે રવિવારે ઓર્ગેનિક ઉત્પાદનો, ફૂલછોડ અને પ્યોર મધનું વિતરણ

**અબતક, રાજકોટ**

પર્યાવરણ અને પ્રકૃતિપ્રેમી સંસ્થા નવરંગ નેચર ક્લબ દ્વારા તા. ૦૧/૦૩/૨૦૨૬, રવિવારે બાલ ભવન, ઓપન એર થિયેટર, રેસકોર્સ ખાતે સવારે ૮ થી ૧ દરમિયાન 'પક્ષીઓ માટે પાણીના પરબ'નું વિનામૂલ્યે વિતરણ તેમજ ખેડૂત હાટનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં વિવિધ જાતના ફૂલછોડ અને રોપાઓનું રાહત દરે વિતરણ કરવામાં આવશે. જેમાં કાશ્મીરી અને ઈંગ્લિશ ગુલાબ, મોગરો, મયૂર પંખ, રાતરાણી, એક્ઝોરા, ક્રોટોન, જાસૂદ, ગાર્ડનિયા સહિતના શોભાના છોડ તેમજ રીંગણી, મરચી અને ટમેટાના રોપાઓ ઉપલબ્ધ રહેશે.

ખેડૂતો દ્વારા દેસી ઓસડિયા, ગાય આધારિત વિવિધ ઉત્પાદનો, પ્યોર મધ, એલોવેરા જેલ, અળસીયા-કોકોપીટ ખાતર, છાણિયું ખાતર, કાળી શેરડી, સાની, ઓર્ગેનિક ગોળ તેમજ લીલા શાકભાજીનું વેચાણ કરવામાં આવશે. પપૈયા, કેળા, ચીકુ, આંબળા, રાયણ, દ્રાક્ષ જેવા ફળો પણ ઉપલબ્ધ રહેશે.

ડ્રાયફ્રૂટ્સમાં કાજુ, બદામ, અખરોટ, કિસમિસ તેમજ દેસી મુખવાસ, દેસી અથાણાં, અગરબત્તી, ધૂપ, હાથ બનાવટના પાપડ-ખાખરા પણ મળશે. ઉપરાંત માટી અને પ્લાસ્ટિકના કુંડા, લોખંડના સ્ટેન્ડ, બગીચા સાધનો, કંતાનની થેલીઓ અને કપડાની થેલીઓ પણ ઉપલબ્ધ રહેશે. લોકો વધુમાં વધુ મધનો ઉપયોગ કરે તે હેતુથી ક્લબ દ્વારા ખૂબ જ સસ્તા દરે પ્યોર મધનું વિતરણ કરવામાં આવશે. સાથે વાંચન અભિયાન અંતર્ગત સંસ્કારી સાહિત્યના પુસ્તકો 'પાછા આપવાની શરતે' વિનામૂલ્યે આપવામાં આવશે.

આ સમગ્ર આયોજનમાં ખેડૂતો અને અન્ય લાભાર્થીઓને વેચાણ માટે મંચ આપવામાં આવે છે અને સંસ્થા દ્વારા પ્રચાર-પ્રસારની વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવે છે.

નવરંગ નેચર ક્લબના પ્રમુખ વી.ડી. બાલાએ વધુમાં વધુ નાગરિકોને હાજરી આપી પ્રકૃતિ અને પર્યાવરણપ્રેમી આ પહેલને સમર્થન આપવા અનુરોધ કર્યો છે.

## કૃષ્ણ ચિકિત્સાલયમાં હાડકાના રોગોની રાહતદરે સારવાર

**અબતક, રાજકોટ**

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ રાજકોટ કનકરોડ બસ સ્ટેન્ડ પાછળ કૃષ્ણ ચિકિત્સાલયમાં રાહતદરે નિષ્ણાંત ડોકટરોની સેવા ડો. એમ.પી.રાજા ઓથોપેડીક સર્જન દર ગુરૂવારે સવારે ૯ થી ૧૦ ડો. હિરેન કોઠારી દર મંગળવાર તથા શુક્રવારે ઓથો સર્જન સવારે ૯ થી ૧૦ રાહતદરે પોતાની સેવા આપશે.

## સ્વ.લલીતાબેન વાઘાણીની સ્મૃતિમાં રવિવારે મેગા બ્લડ ડોનેશન કેમ્પ

### નાગર બોર્ડિંગ ખાતે યોજાનારી રક્તદાન શિબિરમાં રક્ત દાતાઓને ઉમટી પડવા વાઘાણી પરિવારની હાંકલ



**અબતક, રાજકોટ**

સ્વ. લલીતાબેન મધુસુદન વાઘાણીની પાવન સ્મૃતિમાં આગામી રવિવારે સવારે ૮ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી ટાગોર રોડ સ્થિત વિરાણી હાઈસ્કુલ સામે, નાગર બોર્ડિંગ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.રકતદાન શિબિરના સહ આયોજક શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન -વિનયભાઈ જસાણી છે.આ રક્તદાન શિબિરનું આયોજન સિવિલ હોસ્પિટલના ગરીબ દર્દીઓ અને થેલેસેમિયા પીડીત બાળકોના લાભાર્થે કરવામાં આવ્યું છે.

રકતદાન કરવાના અનેક ફાયદાઓ છે.એક બોટલ રક્તદાનથી ત્રણ જિંદગીઓ બચતી હોય છે. રક્તદાન કરવાથી રક્તદાતાને કશું જ નુકસાન થતું નથી.તો વધુ ને વધુ લોકો રકતદાન કરે તો રક્ત આસાનીથી દર્દીઓને મળી શકે. હાલમાં રક્તની અછત લગભગ બધી જ બ્લડ બેન્કોમાં જોવા મળે છે. તેમાટે રક્તદાન કરવું ખૂબ જ જરૂરી છે. સિવિલ હોસ્પિટલના અનુભવી ડોકટર્સ ની ટીમના માર્ગદર્શન હેઠળ આ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે એટલે સંપૂર્ણ સુરક્ષિત રીતે રક્તદાન કરી શકાય છે.

રક્તદાન શિબિરને નામી - અનામી ઘણી સંસ્થાઓ અને મહાનુભાવોનો સહકાર મળ્યો છે. રાજકોટ મહાજનના પ્રમુખ રાજુભાઈ પોબારૂ, ઉપપ્રમુખ નિશાંતભાઈ ચોટાઈ,કિશોરભાઈ કોટક, હિરેનભાઈ ખખર વગેરેનો આ રકતદાન શિબિરને સફળ બનાવવા માટે નો સહયોગ પ્રાપ્ત થયો છે. મધુરમ ફેમિલી ક્લબના ચેરમેન ડો. હેમાંગભાઈ વસાવડા, વાઈસ ચેરમેન મિલનભાઈ કોઠારી, પ્રમુખ હર્ષદભાઈ રૂપારેલીયા, ખજાનચી સંદીપભાઈ કલ્યાણી, કારોબારી સભ્યો આશિષભાઈ મહેતા, અમિતભાઈ ભીંડે, પ્રદ્યુમનભાઈ તન્ના, પરેશભાઈ જનાણી, નયનભાઈ જીવરાજાણી, હરેશભાઈ વસાણી, દીપેશભાઈ વિઠલાણી, મનીષભાઈ કક્કડ, અમિતભાઈ રૂપારેલીયા,જીતુભાઈ પીઠડીયા, કિરીટભાઈ ઘેલાણી, અલ્પેશભાઈ રૂપારેલીયા અને ડો. મનીષભાઈ પાઠક વગેરે પણ આ રક્તદાન શિબિરને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

આ સિવાય જયોત ફાઉન્ડેશનના અગ્રણી અને સ્થાપક ઋષિ મહેતા, પુજા હોબી સેન્ટરના સંચાલક પુષ્પાબેન રાઠોડ તેમજ દીપુબેનનો સહયોગ પ્રાપ્ત થયો છે.માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર અતુલભાઈ કામાણી,અગ્રણી બિલ્ડર સર્વાનંદભાઈ સોનવાણી, જેનીશ હભાઈ અજમેરા, સુજીતભાઈ ઉદાણી, રાજેશભાઈ માનસત્તા વગેરેનો પણ વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે.રઘુવંશી સોશિયલ ગ્રુપના હોદ્દેદારો ભરતભાઈ સવજાણી અને સંજયભાઈ કક્કડ તેમજ અખિલ ભારતીય રઘુવીર સેનાના પ્રમુખ મિતલ ભાઈ ખેતાણી દ્વારા આ રક્તદાન શિબિરને સફળ બનાવવા અને વધુ ને વધુ લોકો રક્તદાન કરે તેવું આહવાન પણ કરવામાં આવ્યું છે. કુમકુમ ગ્રુપનામનોજભાઈ પટેલનો પણ સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ રક્તદાન શિબિરને સફળ બનાવવા જીતભાઈ વાઘાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

## ભીલ સમાજના રત્ન રંજન ચૌહાણને મુંબઈમાં લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી નવાજાયા



**અબતક, રાજકોટ**

રંગમંચ અને કલાક્ષેત્રે કાર્યરત દરેક કલાકાર માટે દાદા સાહેબ ફાળકે એવોર્ડ મેળવવાનું સપનું હોય છે ત્યારે રાજકોટના આદિવાસી ભીલ સમાજના મહિલા અગ્રણી રંજનબેન ચૌહાણને દાદા સાહેબ ફાલકે ચિત્રપટ યુનિયન લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવતા ભીલ સમાજ સહિત સમગ્ર સૌરાષ્ટ્રનું ગૌરવ વધ્યું છે.

ચિત્રપટ યુનિયન મુંબઈમાં યોજાયેલા લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડમાં ગુજરાત અને ભીલ સમાજ માટે ગૌરવ ની ઘડી આવી હોય તેમ આદિવાસી ભીલ સમાજના મહિલા આગેવાન રંજનબેન ચૌહાણને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. રંજનબેન ચૌહાણ એ એવોર્ડ બદલ સંસ્થાના પ્રમુખ અજીત મામલે કર અને તેમની ટીમનો આભાર માન્યો હતો આ એવોર્ડ ફિલ્મી કલાકારો અને ટીવી કલાકારોની સાથે સાથે વ્યક્તિગત પર્ફોર્મર કલાકારને આપવામાં આવે છે રંજનબેન ને આ એવોર્ડ મળતા તેમને ચોમેરથી અભિનંદન મળી રહ્યા છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૮.૨.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ બારસ, પુનર્વસુ નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કર્ક (ડ,હ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ** (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે.

**મિથુન** (ક,છ,ઘ) : ભાગીદારીમાં કાળજી રાખવી પડે, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, અન્ય બાબતોમાં સારું રહે.

**કર્ક** (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**સિંહ** (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉચ્કેરાટ રહે, સાંજ ખુશનુમા વીતે.

**કન્યા** (પ,ઠ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું, હિસાબ રાખવો.

**તુલા** (ર,ત) : અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંતને સમજી શકો, શુભ દિન.

**વૃશ્ચિક** (ન,ય) : ઈષ્ટદેવની આરાધનાથી લાભ થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય, અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.

**મકર** (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**કુંભ** (ગ,સ,શ) : હિત શત્રુઓથી સાવધ રહેવું, વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખથી કામ કરવું.

**મીન** (દ,ચ,ઝ,થ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

## આકાશિક રેકોર્ડમાં સારા ભવિષ્ય માટે રેકોર્ડ કઈ રીતે એડ કરવા

આકાશિક રેકોર્ડમાં સારા ભવિષ્ય માટે રેકોર્ડ બે રીતે એડ કરી શકાય છે એક તો શ્રેષ્ઠ શુભ કર્મ દ્વારા જે જાગૃત મનથી થાય છે અને અર્ધજાગૃત મનને ચાર્જ કરીને હકારાત્મક અભિગમ સાથે દૈવી કર્મ કરવાથી સારા ભવિષ્ય માટે રેકોર્ડ એડ કરી શકાય છે જેમાં મહત્વના પોર્ટલ આવતા હોય ત્યારે વિશેષ સાધના દ્વારા આ રેકોર્ડ એક કરી શકાય છે વળી આપણા આકાશિક રેકોર્ડ સમજીને ઋણાનુબંધન પૂર્ણ જવાબદરી પૂર્ણ કરતા આકાશિક રેકોર્ડ સારા મહત્વની વિધિમાં અને આ ઉપરાંત હાલના સમયથી માટેના આપણા અને આભારદર્શી જન્મો જન્મના તે મુજબ દૈવી કર્મ અને કરતા જઈએ અને જઈએ એટલે આગામી બનતા જાય છે જેમાં પાસ્ટ લાઈફ રિગ્રેસન છે મહત્વની વિધિમાં લઈને ભવિષ્ય હકારાત્મક વિચારો વિચારો તથા આપણી ભવિષ્યની ઈચ્છાઓ અને અપને કરેલા સંકલ્પને વ્યવસ્થિત રીતે ડાયરીમાં લખવા જોઈએ જે આકાશિક રેકોર્ડમાં મહત્વની ભૂમિકા ભજવે છે જે નિયમિત પણે આપણે એક ડાયરીમાં આ પ્રકારે સંકલ્પ ,ઈચ્છા , આભારદર્શન આપણી ઉર્જાની દિશા લખી શકીએ અને આપનો પ્રોગ્રેસ માટેનો મેપ તૈયાર કરી શકીએ. આ માટે હું નિયમિત રીતે અત્રે માર્ગદર્શન આપતો રહીશ કે કઈ રીતે આપણે આકાશિક રેકોર્ડ દ્વારા આપણા ભવિષ્યનો માર્ગ સુનિશ્ચિત કરી શકીએ અને એ માટેની અલગ અલગ ગુપ્ત વિધિઓ પણ અત્રેથી જણાવતો રહીશ.. હાલ ૩ માર્ચના ખગ્રાસ ચંદ્રગ્રહણ આવી રહ્યું છે ત્યારે યુનિવર્સનું પોર્ટલ ખુલી રહ્યું છે ત્યારે ઉપર જણાવ્યા મુજબ ડાયરીમાં સ્પષ્ટ રૂપે ભવિસ્યની રૂપરેખા અને સંકલ્પો તથા ઈચ્છાઓ લખી શકાય.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૭-૦૨-૨૦૨૬ શુક્રવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અનોખી)
- ૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પીનટ સુપ)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૮-૦૨-૨૦૨૬ શનિવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૨૮-૨ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ બારશ
**નક્ષત્ર** પુનર્વસુ
**યોગ** સૌભાગ્ય **કરણઃ** બવ
**સુર્યોદય** ૭.૧૦ **સુર્યાસ્તઃ** ૬.૪૯
**ચંદ્ર રાશી** કર્ક
**રાશિ અક્ષર** ડ.હ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | | | ૫ | | | | |
| | | | | | ૩ | | | |
| | ૯ | ૩ | ૪ | | | | | ૬ |
| | | | ૬ | | | ૯ | | |
| | ૧ | | | ૯ | ૫ | | ૨ | ૪ |
| | ૫ | | | ૩ | ૪ | | | ૭ |
| | ૨ | | ૫ | ૭ | | ૮ | | ૩ |
| ૩ | ૬ | ૫ | | ૪ | | ૭ | | |
| | ૮ | ૯ | ૩ | | | ૪ | ૬ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | ૭ | ૩ | ૨ | ૧ | ૬ | ૮ | ૫ |
| ૩ | ૧ | ૮ | ૪ | ૫ | ૬ | ૯ | ૨ | ૭ |
| ૬ | ૨ | ૫ | ૮ | ૯ | ૭ | ૩ | ૧ | ૪ |
| ૫ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૨ | ૩ | ૬ |
| ૮ | ૭ | ૨ | ૬ | ૩ | ૪ | ૫ | ૯ | ૧ |
| ૯ | ૩ | ૬ | ૨ | ૧ | ૫ | ૪ | ૭ | ૮ |
| ૨ | ૮ | ૪ | ૧ | ૬ | ૯ | ૭ | ૫ | ૩ |
| ૧ | ૫ | ૯ | ૭ | ૪ | ૩ | ૮ | ૬ | ૨ |
| ૭ | ૬ | ૩ | ૫ | ૮ | ૨ | ૧ | ૪ | ૯ |

# રાજકોટ જિલ્લા પંચાયતના રૂ.૧૧૯૩.૬૮ કરોડના અંદાજપત્રને બહાલી

## વિકાસ કામો માટે સભ્યોને રૂ. ૩૫ લાખની ગ્રાન્ટ મળશેઃ સાધારણ સભા પૂર્વે પ્રમુખના બંગલે યોજાયો રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા નીમીતે પ્રથમવાર પ્રમુખ નિવાસ સ્થાને મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજય સરકારની ગ્રામ પંચાયતો માટે પાણી વેરા વસુલાત પ્રોત્સાહક યોજના અન્વયે રાજકોટ જિલ્લાની ગ્રામ પંચાયતો દ્વારા ગત વર્ષ અગાઉના વર્ષની સરખામણીમાં પાણી વેરાની ખુબ જ સારી વસુલાત



તસવીરઃ શૈલેષ વાડોલિયા



### પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ અઢી વર્ષના લેખા જોખા રજુ કર્યા

પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે, મને જિલ્લા પંચાયત પ્રમુખ તરીકેની જવાબદારી સોંપી અને રાજકોટ જિલ્લાના ગ્રામ્ય લોકોની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો જે જવાબદારી આપ સૌના સાથ અને સહકારથી નિષ્ઠાપૂર્વક નિભાવી છે.

જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ તથા તેમની ટીમના વિઝન થકી ગ્રામ પંચાયત ભવનના નવા બિલ્ડીંગો,આંગણવાડી ભવન, ગ્રામ પંચાયત ઘરો પર સોલાર રૂફ ટોપ, આરોગ્ય કેંદ્રો પર સોલાર રુફ ટોપ વગેરે કામગીરી કરવામા આવી છે.

જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ તથા રાજય સરકારના સહયોગથી 'સુજલામ સુફલામ' યોજના તથા રાજય સરકારની ૮૦:૨૦ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના મોટા ભાગના ચેકડેમો ઊંડા ઉતારવામાં આવ્યા છે. તથા રિપેર કરવામાં આવ્યા છે. જેનાથી જળ સંચય શકિત વધી છે અને કૃષિ તથા પશુપાલન ક્ષેત્રે ઘણો ફાયદો થયો છે. તથા વધુ પ્રમાણમાં વરસાદી પાણીને લીધે થતું ધોવાણ અટકાવવા વિવિધ વિસ્તારોમાં પુર સંરક્ષણ દીવાલોનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.





કરતા લગભગ ૫૭ લાખ જેવી ગ્રાંટની રકમ રાજ સરકાર દ્વારા ફાળવેલ છે.

રાજકોટ જિલ્લાની ઓકટ્રોય ઉઘરાવતી કુલ ૩૬ ગ્રામ પંચાયત તથા ઓકટ્રોય ન ઉઘરાવતી તમામ ગ્રામ પંચાયતોને વધારાના તફાવતની કુલ રકમ રૂપિયા લગભગ ૩૩ કરોડ જેવી ગ્રાંટ રાજય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ છે. જે બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજય સરકારને અભિનંદન પાઠવતો ઠરાવ મંજુર કરવામાં આવ્યો હતો.

(અનુ. આઠમા પાને)

# "રંગોત્સવ"ની રમઝટ માટે બજારમાં રંગોનો મહાસાગર ઘુઘવાયો

## રંગની અવનવી વેરાઈટી સાથે બેટરી ચાર્જ પિચકારી સહિતની અવનવી વેરાઈટીઓ માં સાંસ્કૃતિક પરંપરા અને ટેકનોલોજી નો અદ્‌ભુત સમન્વય, બજારમાં હોળીની ખરીદીની ધૂમ










**રિપોર્ટરઃ વિપુલ ચૌહાણ**
**તસવીરઃ ધ્રુવ જેઠવા - હર્ષ ઝીંઝુવાડીયા**

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં તહેવારોની રોનક કંઈક અલગ જ હોય છે તેમાં પણ રોગોના ઉત્સવ હોળી અને ધૂળેટીના તહેવારો માં તો ઘેર ઘેર વૃંદાવન મથુરા નું અવતરણ થયું હોય તેમ રંગોત્સવની ધૂમ મચે છે સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં પણ હોળી ધુળેટીના તહેવારોની રંગત આવી ચૂકી છે અને બજારમાં હોળી ધુળેટી તહેવારો સબ રંગ અને પિચકારીની ખરીદી મોટા પાયે શરૂ થઈ ચૂકી છેહોળી ધુળેટી નો પર્વ એટલે રંગોનો પર્વ લોકો અને ખાસ કરીને યુવાનો આ પર્વની આતુરતાથી રાહ જોતા હોય છે. આ વર્ષે રાજકોટ શહેરમાં ધુળેટી નો કેવો માહોલ છે હોળી ધુળેટી ની રંગત નો નજારો કરાવવા ટીમ અબતક ના લાઈવ રિપોર્ટિંગ માં રંગોત્સવના તહેવાર નો ઉમંગ લોકોના મનમાં ઊભરતો દેખાય આવ્યો છે. તા. ૩ માર્ચના રોજ શહેરમાં પરંપરાગત હોલિકા દહનના ઠેર ઠેર આયોજનો કરવામાં આવે છે. તા. ૪ માર્ચના રોજ રંગોનો પર્વ ધુળેટી ઉજવાશે

હોળીના પર્વને હવે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે રંગીલા રાજકોટમાં હોળી અને ધૂળેટી પર્વ ને લઈને બજારમાં ઉત્સાહ જોવા મળે છે આ વખતે કલરમાં ખૂબ જ અલગ અલગ વેરાઈટીઓમાં સિલિન્ડર વાડી પિચકારી અને ઓર્ગેનિક કલરના વિવિધ પકંપનીના કલરો જે નોર્મલ કલર કરતાં વધુ પાલીસ હોય જે ચામડીને નુકસાન ન કરે તેવા કલર બજારમાં ઉપલબ્ધ છે કોક બ્રાન્ડ કંપનીના ઉચ્ચ ગુણવત્તાવાળા કલર ઉપલબ્ધ છે. લોકો ધીમે ધીમે ઈકો ફ્રેન્ડલી ઓર્ગેનિક કલર તરફ વધુ વળ્યા છે કેમ કે લોકલ કલર ૧૫૦ રૂપિયામાં ૨૦ કિલો જ્યારે ઓર્ગેનિક કલર ૪૦૦ રૂપિયામાં ૫ કિલો મળે લોકો માટે ઈકો ફ્રેન્ડલી કલર થોડું બજેટ ફ્રેન્ડલી નથી તેથી ધીમે ધીમે ઈકો ફ્રેન્ડલી કલરનો રહેશે વધી રહ્યો છે. ઓનલાઈન શોપિંગ થી આ વેપારને કોઈ ખાસો ફરક પડતો નથી.

### સમરવેલ વોટરપાર્ક ધુળેટીની મોજ કરાવવા સજ્જઃ હરેશ પાંભર





રંગીલા શહેર રાજકોટમાં હોળી ધુળેટી ના તહેવારોની ઉજવણીનો ઉમંગ સાતમા આત્માને છે ત્યારે આ વર્ષે શહેરના જાણીતા એમ્યુઝમેન્ટ સાથે સમર વ્યવસ્થા વોટરપાર્ક દ્વારા અનોખા અંદાજમાં ધુળેટી પર નિમિત્તે વિશેષ ઈવેન્ટ નું આયોજન કરવામાં આવ્યું છે સમર વેવ માં ઓર્ગેનિક કલર લાઈવ ડીજે અને લાઈવ ઢોલ ની સાથે ફૂડની પણ અલાયદી વ્યવસ્થા કરવામાં આવેલ છે. પારિવારિક માહોલમાં લોકો શાંતિથી સુરક્ષિત રીતે હોળી ધુળેટી ના તહેવારો નું આનંદ લઈ શકે તે માટે સમરવમાં સીસીટીવી કેમેરા સિક્યુરિટી બાઉન્સર ની સંગીત વ્યવસ્થા વચ્ચે રૂપિયા ૬૦૦ ના પાસમાં ફૂડ સાથે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે સમય ની આ ઈવેન્ટમાં ૪૦૦ રૂપિયા એન્ટ્રી પાસ ₹૬૦૦ વિથ ફૂડ ની આ સ્કીમ ૨૮ સુધી ચાલશે ત્યાર પછી પહેલી તારીખથી ભાવમાં વધારો થઈ શકે છે સવારે ૧૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી અને ૭ વાગ્યા સુધી વોટરપાર્ક ની મજા લેવા વોટર વેવ ના સંચાલકોએ ઈજન આપ્યું છે

### રંગોત્સવમાં હવે લોકો ઓર્ગેનિક રંગો તરફ વળ્યા છેઃ હિતેન ધનવાણી (સાંઈનાથ સીઝન સ્ટોર)



રાજકોટ શહેરની બજારમાં વિવિધ પ્રકારના રંગો અલગ અલગ કોલેટી માં ઉપલબ્ધ છે અબતક સાથેની વાતચીતમાં સાઈનાથ સિઝન સ્ટોરના માલિક હિતેનભાઈ ધનવાની એ જણાવ્યું હતું કે હવે લોકો આરોગ્ય પ્રત્યે સજાગ થયા છે આ વર્ષે લોકો ઓર્ગેનિક કલર તરફ વધુ આકર્ષાય છે. લોકો સામેથી જ ઓર્ગેનિક કલર માંગે છે જેમાં મૂર્ગા, અણમોલ, તપકીર કલરની વધુ માંગકરે છે. આ ઓર્ગેનિક કલર શરીરને નુકસાનકારક નથી

### બજારમાં પિચકારીની માંગો તેવી વેરાઈટી ઉપલબ્ધ છેઃ ચેતનભાઈ (નવરંગ સ્ટોર)



હોળીના ધુળેટીના તહેવારો ની રંગત બજારમાં જામી છે નવરંગ સ્ટોરના વેપારી ચેતનભાઈ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ વર્ષે બજારમાં ઓર્ગેનિક કલર પિચકારી બલુન અલગ અલગ વેરાઈટીમાં કોલેટીમાં અને ભાવમાં મળે છે જેથી લોકોને અલગ અલગ પસંદગી નો વિકલ્પ બન્યો છે બજારમાં સસ્તા થી લઈ સારી ક્વોલિટીના રંગો અને પિચકારી નો મોટો ખજાનો આવ્યો છે


### કેમિકલ વાળા કલરથી એલર્જી અને ચામડીની તકલીફ થાય તેની સામે સાવચેત રહેવું જોઈએઃ ડો.સુરેશ જોશીપુરા



હોળી ધુળેટી ના તહેવારો આનંદ ઉત્સવના છે રંગ થી રમવું બધાને ગમે છે પરંતુ કેમિકલ વાળા કલરથી સાવચેત રહેવું જોઈએ અબતક સાથેની વાતચીતમાં ચામડીના રોગના નિષ્ણાંત ડોક્ટર સુરેશ જોશીપુરા એ જણાવ્યું હતું કે રંગમાં કેટલાક વાંધાજનક કેમિકલ હોય છે જે ચામડીને ટૂંકા અને લાંબા ગાળાનો નુકસાન કરે છે બાળકો અને વૃદ્ધોને ખાસ કરીને કેમિકલ વાળા કલરથી દૂર રહેવું જોઈએ


# પચ્છેગામનું આ ભવ્ય મંદિર ભાવિ પેઢી માટે સંસ્કાર કેન્દ્ર બનશેઃ મુખ્યમંત્રી

## લાલબાપુના ચરણોમાં વંદન સાથે રાજ્યના સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરીઃ પૂજ્ય ભાઈશ્રીની કથામૃતનું પાન કરી મુખ્યમંત્રીએ ધન્યતા અનુભવી









### મુરલીધરજી મહારાજના નવનિર્મિત મંદિરના પ્રવેશોત્સવ' અને ૫૫૧ કુંડી મહાવિષ્ણુ યજ્ઞના અવસરે મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિત

**અબતક, રાજકોટ**

ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના પચ્છેગામ ખાતે આજે આસ્થા અને આધ્યાત્મિકતાનો અદભૂત નજારો જોવા મળ્યો હતો. ભગવાન મુરલીધરજી મહારાજના નવનિર્મિત ભવ્ય મંદિરના 'નિજ મંદિર પ્રવેશોત્સવ' અને ૫૫૧ કુંડી મહાવિષ્ણુ યજ્ઞના પાવન અવસરે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ વિશેષ ઉપસ્થિત રહી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.

આ ધાર્મિક મહોત્સવમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુંકે, ગુજરાતની ધરતી સંતો, શૂરાઓ અને ભક્તોની ધરતી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ''જ્યારે આપણે સંતોના આશીર્વાદ લઈએ છીએ અને

(અનુ. આઠમા પાને)

# કપડાના વેપારી ડ્રાયફૂટના ધંધામાં રોકાણ કરવા જતાં છેતરાયા : રૂ. ૨૫.૭૫ લાખની ઠગાઈ

## સુભાષનગરના આસિફ અને ભગવતીપરાના શબ્બીર હુસૈને પ્રથમ ૨૦ લાખ વળતર સાથે ચૂકવી હનુમાનમઢીના વેપારીનો વિશ્વાસ કેળવી કળા કરી

**અબતક, રાજકોટ**

હનુમાન મઢી પાસે રેડીમેઈડ કપડાની દુકાન ધરાવતાં વેપારી ડ્રાયફ્રુટના ધંધામાં રોકાણ કરવાં જતાં છેતરાયા હતા. બેલડીએ રૂ.૨૫.૭૫ લાખની છેતરપીંડી આચરતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. સુભાષનગરના આસીફ અને ભગવતીપરાના શબ્બીરહુસૈને કળા કરી, પ્રથમ આપેલા ૨૦ લાખ વળતર સહિત પરત કરી વેપારીનો વિશ્વાસ જીતી ઠગાઈ આચરી હતી.

બનાવ અંગે રૈયા રોડ પર સવન સીમ્ફોનીમાં રહેતાં ધર્મેશભાઈ બળવંતભાઈ વિઠલાણી (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શબ્બીરહુસૈન મહમદ કાસમાણી (રહે, ભગવતીપરા) અને આસીફ લાખાણી(રહે. હાલ આમ્રપાલી ટોકીઝની પાછળ, સુભાષનગર શેરી નં.૮, મૂળ જામનગર) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ હનુમાન મઢી પાસે ઝીલ ફેશ નામની દુકાન રાખી છેલ્લા ૧૮ વર્ષથી રેડીમેઈડ કપડાનો વેપાર કરે છે. તેમની દુકાનમાં કામકાજ અર્થે માણસોની જરૂરીયાત હોય અને શબ્બીરહુસૈન કાસમાણી સાતેક વર્ષ પહેલા દુકાન ખાતે આવેલ અને પોતે દુકાને નોકરી પર રહેવુ હોય તેમ વાત કરતા તેને દુકાન પર નોકરીએ રાખેલ હતો. શબ્બીર હુસેન કાસમાણીએ ત્રણેક વર્ષ સુધી સેલ્સમેન તરીકે નોકરી કરેલ હતી. બાદમાં તે નોકરી છોડી વર્ષ ૨૦૨૨ માં આસીફભાઈ લાખાણી સાથે રાજકોટમાં ભાગીદારીમાં ફાઈવસ્ટાર નામની પેઢી શરૂ કરી ડ્રાયફ્રુટનો વેપાર ધંધો શરૂ કરેલ હતો.

આશરે એકાદ વર્ષ બાદ શબ્બીર તથા આસીફ દુકાન ખાતે મળવા આવેલ અને તેના ધંધામાં રોકાણ કરવા જણાવી કહેલ કે, અમને નફો થાય તેમાંથી તમને થોડુ પ્રોફીટ આપીશું, તમારી સાથે રૂપીયાનો વહીવટ હું કરીશ તેમ સબ્બીર કાસમાણીએ જણાવેલ હતુ, તેઓ ધર્મેન્દ્ર રોડ પર, જુની શાક માર્કેટ પાસે દુકાન રાખી ''ફાઈવસ્ટાર નામથી ડ્રાયફ્રુટનો રીટેલમાં વેપાર કરતો હતો. જે પેઢી શબ્બીર કાસમાણીના નામે હતી, એકાદ વર્ષ બાદ દાણાપીઠ ખાતે બંનેએ ડ્રાયફ્રુટનો હોલસેલમાં ધંધો ચાલુ કરેલ હતો, જે પેઢી આસીફના નામે હતી.આ દરમ્યાન શબ્બીર કાસમાણી એ વર્ષ ૨૦૨૩ માં ધંધામાં ઈન્વેસ્ટ કરવા કહેલ ત્યારે તેમને રૂ. ૨૦ લાખ આપેલ હતા. બંનેએ વિશ્વાસ અપાવવા માટે પોત પોતાની પેઢીના એક-એક કોરા ચેક આપ્યા હતા. જે ૨૦ લાખ રૂપીયા તેણે ત્રણ મહીના પછી વળતરના રૂપીયા એક લાખ સહીત પરત કર્યા. ત્યારબાદ વર્ષ ૨૦૨૪ માં ફરી રૂ.૨૦ લાખ આપ્યા હતા. જે પણ ત્રણ મહીનામાં વળતરના બે લાખ સહીત ૨૨ લાખ પરત આપ્યા હતા. આ બંને રકમ દરરોજના પચ્ચીસ હજારના હપ્તાથી આપેલ હતી. જે બાદ તા. ૨૮/૦૪/૨૦૨૫ ના ફરી શબ્બીરે વોટ્સઅપમાં મેસેજ કરેલ કે તેણે કેનીસ પેઢીમાં હોલસેલના માલની

### ધર્મેશભાઈ વિઠલાણી પાસેથી કટકે કટકે નાણાં ખંખેરી આસિફ ભૂગર્ભમાં ઉતરી ગયો, શબ્બીરહુસૈને હાથ ઉંચા કરી દીધા : ગુનો નોંધાયો

ગાડી મંગાવેલ હોવાથી દશ લાખનુ વેપારીને પેમેન્ટ કરવાનુ છે, કેનીસ દુકાનનો વીડીયો ગાડી સાથે મોકલેલ હતો, એક અઠવાડીયામાં રૂપીયા પરત વળતર પેટે ૫૦ હજાર આપશે તેમ કહેલ હતુ. જેથી ૧૦ લાખ રોકડા શબ્બીરને આપેલ હતા.

બાદ મે મહીનાની શરૂઆતમાં શબ્બીરનો ₹ ફોન આવેલ કે, મારે એક બીજુ પેમેન્ટ અટકી ગયુ છે અરજન્ટમાં પાંચ લાખ રૂપીયાની જરૂર છે. હું કુલ ૧૫ લાખ બે-ત્રણ દીવસમાં આપી દઈશ તેમ કહેતા શબ્બીરને બીજા પાંચ લાખ રૂપીયા આપેલ હતા. ત્યારબાદ શબ્બીર પાસે રૂપીયા પરત માંગ્યા પરંતુ તે જુદા જુદા બહાના બતાવતો હતો, બાદમાં ફરીવાર ૨૦ લાખ રૂપીયાનુ રોકાણ કરવાનું કહેતાં તેને અગાઉ આપેલ પંદર લાખનો એકપણ હપ્તો આપેલ નથી, જેથી તેણે કહેલ કે, આજથી હું તમને રેગ્યુલર ૨૫ હજારનો હપ્તો આપીશ.જેથી તા. ૩૦/૦૬/૨૦૨૫ ના શબ્બીરને ૨૦ લાખ રૂપીયા રોકડા આપેલ હતા. તે જ દીવસે રાત્રીના શબ્બીરની દુકાને કામ કરતો હીમાંશુ દુકાને આવી ૨૫ હજાર રૂપીયા આપી ગયેલ હતો. ગઈ તા. ૦૧/૦૭ ના ફરી વાર હીમાંશુ ૨૫ હજાર દુકાને આપી ગયેલ હતો. આ મુજબ દરરોજ તેઓ રેગ્યુલર ૨૫ હજાર આપી જતા હતા, જેમાં તેણે કુલ રૂ. ૫.૭૫ લાખ મુળ રકમમાં જમા કરાવેલ હતા, ત્યારબાદ તા. ૧૬/૦૭ ના શબ્બીર દુકાને આવી કહ્યું કે, તાત્કાલીક મારે પાંચ લાખની જરૂર છે, મને આપો એટલે બે દીવસમાં બધા પૈસા એક સાથે પુરા કરી દઈશ તેમ કહેતા તેને ૫ લાખ આપતાં કુલ ૪૦ લાખ રૂપીયા તેને આપ્યા છે.બાદ તા. ૧૮/૦૭ થી શબ્બીર ફરાર થઈ ગયેલ છે. ૪૦ લાખ રૂપીયા શબ્બીરને તા. ૨૮/૦૪/૨૦૨૫ થી તા. ૧૬/૦૭/૨૦૨૫ દરમ્યાન આપેલ છે, જે પૈકી રૂ.૫.૭૫ લાખ પરત કરેલ છે. બાદ શબ્બીર ફરાર થઈ જતા તેના ભાગીદાર આસીફે સાથે મીટીંગ કરી અને શબ્બીરના સબંધીમાં કોઈનુ મરણ થઈ ગયાનુ કહેલ હતુ. બે દીવસ બાદ આસીફનો ફરીવાર સંપર્ક કરતા તેને કહેલ કે, શબ્બીરનો ફોન બંધ છે, સંપર્ક થઈ શકતો નથી. આસીફે પેઢીના ભાગીદાર હોવાથી રૂ. ૩.૫૦ હપ્તાથી આપ્યા હતા. પાંચ લાખ રોકડા આ દરમ્યાન આપ્યા હતા. તેમજ બાકી રહેતાં રૂ.૨૫.૭૫ લાખ પરત ન કરી છેતરપીંડી આચરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# 'આઈ એમ સાવન ઉછડીયા, ધીસ ઈઝ માઈ ન્યુ નંબર' : સાયબર ફ્રોડનો નવો કીમિયો

## ખાનગી કંપનીના ડિરેક્ટરના નામે એકાઉન્ટન્ટને મેસેજ કરી રૂ. ૨૫ લાખ ટ્રાન્સફર કરાવી લેવાયા

## કંપની ડિરેક્ટર તરીકેની ઓળખ આપી સાયબર ગઠિયાએ તાત્કાલિક પ્રોજેક્ટ માટે ફંડની જરૂરિયાત હોવાનું કહી છેતરપિંડી આચરી : સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના બિગ બજાર નજીક રહેતા ખાનગી કંપનીના ડિરેક્ટરના નામે એકાઉન્ટન્ટને મેસેજ કરી તાત્કાલિક પ્રોજેક્ટ માટે ફંડની જરૂરિયાત હોવાનું જણાવી સાયબર ગઠીયાએ રૂ. ૨૫ લાખની રકમ બેંક એકાઉન્ટ મારફતે ટ્રાન્સફર કરાવી લઈ ફ્રોડ આંચરતા સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો. બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગ રોડ બિગ બજાર પાસે હાઈ સ્ટ્રીટ એપાર્ટમેન્ટ બી-૧૨૦૧ માં રહેતા અને એસએયુસી મિનિમલ સિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડાયરેક્ટર સાવનભાઈ જયંતીલાલ મુછડીયા(ઉવ ૪૩) એ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ એસએયુસી મિનિમલ સિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડાયરેક્ટર હોય કંપનીના નાણાકીય લેવડદેવડ અને બેંક ટ્રાન્જેક્શનની અંતિમ જવાબદારી તેમની પાસે છે.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, અમારી કંપનીના નામે એચડીએફસી બેન્ક તથા આઈસીઆઈસીઆઈ બેંકમાં કરંટ એકાઉન્ટ આવેલ છે, જે બંને એકાઉન્ટમાં મારા મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી રજીસ્ટર છે. કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે હર્ષ સુરેશભાઈ જાદવ ફરજ બજાવતા હતા અને નાણાકીય વ્યવહારો સરળ રહે તે માટે તેમને ઓફિસિયલ ઈમેઈલ આઈડી તથા મોબાઈલ કોમ્યુનિકેશનનો ઍક્સેસ આપેલા છે.

ગત તા.૦૧-૦૨-૨૦૨૬ ના રોજ અજાણ્યા મોબાઈલ નંબર ૯૬૦૦૧૭૬૯૪૫ પરથી મારા નામે 'આઈ એમ સાવન જેંતીલાલ ઉછડીયા, ધીસ ઈઝ માઈ ન્યુ નંબર' તેવો મેસેજ મારી કંપનીના એકાઉન્ટન્ટ હર્ષભાઈ જાદવને આવેલ હતો. ત્યારબાદ તા. ૦૨-૦૨-૨૦૨૬ ના રોજ સવારે આશરે ૯:૪૭ વાગ્યે 'આર યુ ઈન ધ કંપની ઓફિસ નાઉ?' તેવો મેસેજ કરી મારા એકાઉન્ટન્ટને આ નંબર મારો હોવાનો તેવો વિશ્વાસ સાયબર ગઠીયા દ્વારા અપાવવામાં આવ્યો હતો. બાદમાં આરોપીએ મિટિંગમાં વ્યસ્ત હોવાની વાત કરી, કંપનીના બેંક બેલેન્સ વિશે માહિતી મેળવી તથા તાત્કાલિક પ્રોજેક્ટ માટે રૂ. ૨૫ લાખની એડવાન્સ ચુકવણી કરવાની જરૂર હોવાનું જણાવી ઈન્ડસન્ડ બેંકની ભૂવનેશ્વર શાખામાં આવેલ કેરાલીસ મલ્ટી ટ્રેડિંગ પ્રાઈવેટ લિમિટેડનું બેન્ક એકાઉન્ટ નંબર મોકલેલ હતા.

એકાઉન્ટન્ટ હર્ષ જાદવને આ મારો નંબર હોય અને મેં જ પૈસા ટ્રાન્સફર કરવાનું કહ્યું હોય તેવું માની એચડીએફસી બેન્ક એકાઉન્ટમાંથી પહેલા આઈસીઆઈસીઆઈ બેંક એકાઉન્ટમાં રકમ ટ્રાન્સફર કરી ત્યારબાદ ૪૦ મિનિટ પછી સાયબર ગઠીયા દ્વારા મોકલવામાં આવેલ બેંક એકાઉન્ટમાં ૨૫ લાખ ટ્રાન્સફર કરી દીધેલ હતા, તેમજ તેનો સ્ક્રીનશોટ વોટ્સઅપ દ્વારા સાયબર ગઠીયાને મોકલેલ હતો. થોડીવાર બાદ મને હર્ષ જાદવે ટ્રાન્જેક્શનની વિગતો આપતા મેં આ વોટ્સઅપ નંબર મારો નથી તેમ જણાવી મેં કોઈ ટ્રાન્જેક્શન કરવા કહ્યું નથી તેમ કહેતા અમારી કંપની સાથે સાયબર ફ્રોડ થયાનું ખુલ્યું હતું.

જે બાદ કંપની ડિરેક્ટરે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર રૂ. ૨૫ લાખની ઠગાઈ અંગે અરજી કરી હતી. જે અરજીના આધારે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસની ટીમે મોબાઈલ નંબર ધારક તેમજ બેંક એકાઉન્ટ ધારક અને ઉપયોગકર્તા વિરુદ્ધ રૂ. ૨૫ લાખના સાયબર ફ્રોડનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# કોઠારીયા સોલવન્ટમાં નોનવેજના ધંધાર્થી બંધુ પર છરી-ધોકા વડે જીવલેણ હુમલો

## મિત્રને ખૂનની ધમકી આપતાં શખ્સોને સમજાવવા જતાં મામલો ઉગ્ર બન્યો : હથિયાર સાથે ધસી આવેલા શખ્સોએ યુવકને ધોકાનો ઘા ઝીંકી ખોપડી ફાડી નાખી

**અબતક, રાજકોટ**

કોઠારીયા સોલવન્ટમાં આવેલ ચીકન શોપના માલિક બંધુ પર છરી-ધોકાથી જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ થતાં ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયો હતો. ચીકન શોપ પર મિત્રને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં તે શખ્સોને સમજાવતાં બેફામ બન્યાં હતાં અને હથીયાર સાથે ધસી આવી યુવકને માથાના ભાગે ધોકાના ઘા ઝીંક્યા, ખોપડી ફાડી નાંખી હતી.

બનાવ અંગે આજીડેમ પોલીસ મથકમાં હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ચાર શખ્સો સામે ગુનો નોંધાયો હતો.બનાવ અંગે રાજકોટમાં બરકતીનગર શેરી નં.૧૧ બાલાજી એપાર્ટમેન્ટ વાળી શેરીમાં રહેતાં ફૈજાન લ ઈસ્માઈલભાઈ અંસારી (ઉ.વ.૧૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાહુલ, ઈમરાન, મહેશ અને હરેશ નામના શખ્સનું નામ આપતાં આજીડેમ પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે અને તેનો મોટો ભાઈ હૈદરભાઈ બંને ગુલાબનગર શેરી નં.૨ કોઠારીયા સોલવન્ટ ખાતે ઊંત્ર્ઝ્ઞ ચીકન શોપ નામે નોનવેજની દુકાન ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવે છે.

### આજીડેમ પોલીસ મથકમાં હત્યાની કોશિશ સહિતની કલમ હેઠળ ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

ગઈકાલ રાત્રીના આઠેક વાગ્યાના આસપાસ યુવક અને તેનો ભાઈ હૈદરભાઈ લ, મિત્ર આશીફ ત્રણેય દુકાને હતા ત્યારે ત્યા રાહુલ તથા ઈમરાન બંને આવેલ અને આ બંને મિત્ર આશીફને કહેવા લાગેલ કે, પરમ દીવસે બાઈક કેમ મોડુ પરત કરેલ એમ કહી આ બંને આશીફને ગાળો બોલવા લાગેલ જેથી યુવક અને તેનો મોટા ભાઈ આ બંનેને ગાળો ન બોલવા સમજાવતા હતા આ દરમ્યાન ઈમરાન ઉશ્કેરાઈને ચાલ્યો ગયેલ હતો. થોડીવારમાં હાથમા છરી લઈને પરત આવેલ અને આશીફને છરી મારવાની ધમકી આપવા લાગેલ હતાં.દરમિયાન ફરીયાદી અને તેના ભાઈએ આરોપી ઈમરાનને પકડી સમજાવતા હતા એટલામાં ત્યા રાહુલના બીજા બે ભાઈ મહેશ તથા હરેશ હાથમા લાકડાનો ધોકો લઈને ત્યા આવી ગયેલ અને બંને ભાઈઓને પણ ગાળો બોલવા લાગેલ હતાં. આ દરમ્યાન યુવકના પિતા પણ ત્યા આવી ગયેલ અને આ લોકોને ઝઘડો ન કરવા બાબતે સમજાવતા હતા. ત્યારે હરેશ યુવકની પાસે આવેલ અને માથાના પાછળના ભાગે એક ફડાકો મારી દીધેલ તેમજ મહેશ અને રાહુલે મોટા ભાઈ હૈદરને ધોકા વડે માર મારવા લાગેલ હતાં. જેથી યુવકના પિતા આ બંનેને મારવાની ના પાડતા હતા તે દરમ્યાન હરેશ પણ મોટા ભાઈને ધોકા વડે કાનના ઉપરના ભાગે માથામા મારી નાખવાના ઈરાદે જોરથી ધોકો મારેલ હતો. જેથી યુવકનો ભાઈ ચક્કર ખાઈને પડી ગયેલ હતો.

દરમિયાન માણસો ભેગા થઈ ગયેલ જેથી આરોપી ત્યાંથી ભાગી ગયેલ હતાં. જે બાદ ઈજાગ્રસ્ત હૈદરને કાન તેમજ નાકના ભાગેથી લોહી નીકળતુ હોય જેથી તુરંત રીક્ષામા બેસાડી સારવાર અર્થે અહીં ખાનગી હોસ્પીટલ ખાતે લઈ આવેલ હતા.જ્યાં ફરજ પરના તબીબોએ માથામા ખોપરીમાં મલ્ટીપલ ફ્રેકચરની ગંભીર ઈજા થયેલ હોવાનું જણાવ્યું હતું.

વધુમાં યુવકે બનાવના કારણ અંગે જણાવ્યું હતું કે, ગઈ તા.૨૪/૦૨ ના સાંજના પાચેક વાગ્યે મિત્ર આસીફ રાહુલનુ બાઈક લઈને ગોંડલ ગયેલ ને બાદ રાજકોટ પરત આવીને રાહુલને તેનુ બાઈક બે કલાક મોડુ પરત કરેલ તે બાબતનો ખાર રાખી આરોપી છરી તેમજ ધોકા લઈને દુકાને આવી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી જીવલેણ હુમલો કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી પીઆઈ એ.બી.જાડેજા અને ટીમે આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# જિયાણા ગામે મંદિરમાંથી રૂ.૪૦ હજારની કિંમતના ચાંદીના છતરની ચોરી

## ચામુંડા માતાજીના મંદિરના દરવાજાનો નકુચો તોડી તસ્કરો ત્રાટક્યાં : એરપોર્ટ પોલિસ દ્વારા તપાસનો ધમધમાટ



**અબતક,રાજકોટ**

શહેરની ભાગોળે જીયાણા ગામ પાસે વાંકવડ રોડ પર આવેલા મંદિરને તસ્કરે નિશાન બનાવ્યું હતું. રાત્રીના અહીં મંદિરના દરવાજાનું નકુચો તોડી તસ્કરો રૂપિયા ૪૦ હજારની કિંમતના માતાજીને ચડાવેલ ચાંદીના ત્રણ છત્તર ચોરી કરી ગયા હતા. જે અંગે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

શહેરની ભાગોળે કુવાડવા રોડ પર જીયાણા ગામમાં રહેતા લાલજીભાઈ રામજીભાઈ સરવૈયા (ઉ.વ. ૩૨) દ્વારા એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ અહીં પરિવાર સાથે રહે છે અને કન્ટ્રક્શનનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવે છે તેમના સરવૈયા પરિવારનો ચામુંડા માતાજીનો મઢ જીયાણા ગામ ખાતે વાંકવડ રોડ પર વાંકવડ રોડ ઉપર આવેલ છે.ગઈ તા. ૨૧/૨/૨૦૨૬ ના સવારના ૧૧ વાગ્યા આસપાસ ફરિયાદી ઘરે હતા. ત્યારે પરિવારના માતાજીના મઢના ભુવા બાબુભાઈ વશરામભાઈ સરવૈયાનો ફોન આવ્યો હતો અને વાત કરી હતી કે, ગઈ તા. ૨૦/૨/૨૦૨૬ ના રાત્રીના આઠેક વાગ્યા આસપાસ હું માતાજીની આરતી કરીને મઢના બારણામાં નકુચો મારી ઘરે જતો રહ્યો હતો. આજરોજ સવારના ૧૦:૦૦ વાગ્યાની આસપાસ અહીં મોઢે આવતા જોયું તો માતાજીના મઢમાં માતાજીને જણાવેલ ચાંદીના છત્તર નંગ ત્રણ કિંમત રૂપિયા ૪૦,૦૦૦ ના ગણાય તે જોવા મળ્યા ન હતા. આ વાત સાંભળી ફરિયાદી તુરંત જ અહીં માતાજીના મઢે પહોંચ્યા હતા. બાદમાં આ મામલે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે એવું પણ જણાવ્યું હતું કે, ચોરી એ મારી ધાર્મિક આસ્થા ઉપર પ્રહાર છે અને આ ચાંદીના છત્તર દોઢેક વર્ષ પહેલા કરાવ્યા હતા.આમ કોઈ અજાણ્યો શખસ માતાજીના મઢમાંથી નકુચો ખોલી અંદર ઘૂસી માતાજીને ચડાવેલ ચાંદીના ત્રણ નંગ છત્તર ૫૦૦ ગ્રામ કિ.રૂ. ૪૦,૦૦૦ ચોરી કરી ગયા અંગે આ ફરિયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તસ્કરોના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

# ત્રંબામાં હનુમાનજી મંદિરના પૂજારીને પરિવારની યાદ આવતા કર્યો આપઘાત

## મારી મિલકત સગાને આપી દેજો, : SIRની તપાસમાં વતનમાં રહેલા કુટુંબીજનોની યાદ આવતા પૂજારીએ ગળાફાંસો ખાઈ પગલું ભર્યું

**અબતક, રાજકોટ**

ત્રંબા ગામના જુના પાદારા પાસે વર્ષોથી સેવા-પૂજા કરતા પૂજારીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૂળ હરિયાણાના અને છેલ્લા ૨૫ વર્ષથી હનુમાનજી મંદિરમાં ભક્તિ કરતા પુજારીએ પરિવારની યાદમાં વ્યથિત થઈ આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ થોડા દિવસો પહેલા સરકારના વિશેષ સઘન પુનરીક્ષણ (SIR) અભિયાન હેઠળ અધિકારીઓ વિગતો મેળવવા આવ્યા હતા. આ દરમિયાન પૂજારીને તેમના પરિવાર વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. અઢી દાયકાથી પરિવારથી દૂર રહી સેવા કરતા ઉદયભાઈને પરિવારની વાતો નીકળતા તેમની યાદ સતાવવા લાગી હતી. આ દુઃખ સહન ન થતા તેમણે ગઈકાલે ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા જ તેમને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ગઈકાલે રાત્રે ૧૯:૫૫ કલાકે ફરજ પરના EMT સ્ટાફે તેમને મૃત જાહેર કર્યા હતા. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એ.એન. સોલંકી ચલાવી રહ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ઉદયભાઈ રામદાશભાઈ વૈષ્ણવ (ઉં.વ. ૫૫) પાસેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે. જેમાં તેમણે લખ્યું છે કે, મારી જે મિલકત હોય તે મારા સગા-સંબંધીઓને આપી દેવી, હું આ માટે કોઈને દોષ દેતો નથી. ૨૫ વર્ષ સુધી ગામમાં પૂજા કરનાર પૂજારીના મોતથી ત્રંબા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.


શ્રી પાટણવાવ ગ્રામ પંચાયત

તાલુકો.-ધોરાજી જીલ્લો.-રાજકોટ ફોન :-૯૯૨૪૮ ૮૭૬૪૫

પાટણવાવ ઓસમ કેન્ટીન જાહેર હરાજી ૨૦૨૬

આથી જાહેર કરવામા આવે છે પાટણવાવ ગામે ઓસમ ડુંગર તળેટીમાં ઓસમ કેન્ટીન ની ચાર દુકાન ની જાહેર હરાજી તા-૦૭/૦૩/૨૦૨૬ ને શનિવાર ના રોજ સવારે ૧૧ વાગ્યે પાટણવાવ ગ્રામ પંચાયત કચેરી ખાતે રાખવામા આવેલ છે જે કોઈ ઈસમો ઓસમ કેન્ટીન ની ચાર દુકાન જે હરાજી માં રાખવા માગતા હોય તે તા-૦૭/૦૩/૨૦૨૬ ને શનિવાર ના રોજ સવારે ૧૧વાગ્યા પહેલા ડીપોઝીટ પેટે રૂ.૫૦૦૦૦ (પચાસ હજાર પુરા ) પાટણવાવ ગ્રામ પંચાયત કચેરી એ જમા કરવાના રહેસે હરાજી ની સરતો સ્થળ ઉપર વાંચી સભાળવામા આવસે અને હરાની તારીખ અને સમયમા ફેરફાર કે હરાજી મંજુર કે ના મંજુર કરવાના તમામ અધિકાર,ગ્રામ પંચાયત પાટણવાવ વતી સરપંચ શ્રી ના રહેશે

નોધ-જો કોઈ કારણોસર તા- ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ બંધ રહેશે તો તા-૦૭/૦૩/૨૦૨૬ ના રોજ બપોર પચી ૩-૦૦ કલાકે રાખવામા આવશે

| | |
|---|---|
| પ્રવિણ.સી.યાદવ | કાનજીભાઈ બી સાવલિયા |
| તલાટી કમ મંત્રી | સરપંચ શ્રી |
| પાટણવાવ ગ્રામ પંચાયત | પાટણવાવ ગ્રામ પંચાયત |

માહિતી -રાજ-૧૮૭૫-૨૫-૨૬


# કાલાવડ રોડ પર ચહલ એકેડેમીના માલિક સહિતનાએ એસ્ટેટ બ્રોકરનું નાક તોડી નાખ્યું

## આધેડએ ભાડેથી અપાવેલા મકાનમાં પાણીનો પ્રશ્ન હોય માથાકૂટ કરી માર માર્યો : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

મહિલા કોલેજ પાછળ કૃષ્ણકુંજ બંગલોમાં રહેતા એસ્ટેટ બ્રોકર આધેડને કાલાવડ રોડ પર આવેલી ચહલ એકેડેમીના સંચાલકે ભાડાના મકાનના પાણી પ્રશ્ને બેફામ માર માર્યો હતો. આ હુમલામાં આધેડને નાકમાં ફ્રેકચર થઈ ગયું હતું. જે અંગે તેમણે માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મહિલા કોલેજ પાછળ સેતુબંધ સોસાયટી મેઈન રોડ પર કૃષ્ણકુંજ બંગલોમાં રહેતા અને ઘરે જ મહારાજ પ્રોપર્ટી નામની એસ્ટેટ બ્રોકરની ઓફિસ ધરાવનાર અક્ષયભાઈ કૃષ્ણકાંતભાઈ જોશી (ઉ.વ.૪૯) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નિરવ ભટ્ટ તથા સુધિરના નામ આપ્યા છે. અક્ષયભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,દસેક મહિના પહેલાં તેણે એકેડેમીના માલિક નિરવને તેના સ્ટાફને રહેવા માટે પોતાની સોસાયટીમાં મકાન ભાડે અપાવ્યું હતું. બે મહિના પહેલાં સિવેજના પાણી બાબતનો પ્રશ્ન ઉભો થતાં તેણે આરોપીનો સંપર્ક કર્યો હતો.તેમજ મકાન માલિક અને આરોપીને વાતચીત કરાવી દીધી હતી. ત્યાર બાદ નિરવે ગઈ તા.૧૮-૧૨ના ધમકીભર્યા ફોન અને રેકોર્ડિંગ મોકલ્યા હતા અને વારંવાર વાત કરવાનું કહેતા હતાં.આરોપીએ તેને ફોન કરી મકાનના પ્રશ્ન બાબતે વાત કરતાં ફરિયાદીએ કહ્યું હતું કે, હવે આઠ મહિના પછી મકાનના પ્રશ્ન બાબતે હું જવાબદાર નથી. જેથી તેણે હું તમારા ઘરે આવું છું કહેતા તેણે આરોપીને આવવાની ના પાડી હું તમારી ઓફિસે આવું છું ત્યાં વાતચીત કરશું તેવું કહ્યું હતું. તે આરોપીની ઓફિસે જતાં બંને આરોપીઓએ આજે તો તને મારવો જ છે કહી ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતાં.એટલું જ નહીં ત્યાં હાજર અન્ય વિદ્યાર્થીઓએ પણ મારકૂટ કરતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. આરોપીએ કરેલા આ હુમલામાં આધેડને નાકમાં ફ્રેકચર જેવી ઈજા પહોંચી હતી.

બાદમાં તેણે આ અંગે ફરિયાદ નોંધાવતા આ ઘટનામાં માલવીયાનગર પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

તંત્રી લેખ

# યાત્રાધામો ઉર્જા ક્ષેત્રે બનશે આત્મ નિર્ભર

રાજ્યના યાત્રાધામના વિસ્તારોને ગ્રીન અને વીજ સલામત ઝોનમાં પરિવર્તિત કરવામાં આવશે.

યાત્રાધામોમાં સતત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો જળવાઈ રહે, વીજ સુરક્ષાનું સ્તર વધે તથા સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન મળે તે હેતુસર વીજ વિતરણમાળખાનું આધુનિકરણ કરવામાં આવશે.રૂફટોપ સોલાર સિસ્ટમનો પ્રચાર અને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો.

પ્રવાસન અને મંદિરની કામગીરી તથા તહેવારો દરમિયાન વિશ્વસનીય અને સતત વિજ પુરવઠો મળી રહેશે.અંડરગ્રાઉન્ડ નેટવર્ક, વ્યવસ્થિત વિતરણ સિસ્ટમ અને આધુનિક સુવિધાઓ થકી યાત્રાધામના સૌંદર્યમાં વધારો

સરકારી ઈમારતો તથા લોકલ ઓથોરીટીની ઈમારતો પર મહત્તમ ૫૦૦ કેવી ક્ષમતા સુધીના રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપન માટે રાજ્યની સોલાર સબસિડી સહાય આપવામાં આવશે. વીજ વિતરણ નવીનીકરણ થકી નેટવર્કને વધુ સુરક્ષિત, વિશ્વસનીય અને આધુનિક બનાવવા માટે છે, જેમાં કેબલિંગ, ટ્રાન્સફોર્મર અપગ્રેડ અને મેન્ટેનન્સ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.તબક્કે દ્વારકા, સોમનાથ, અંબાજી અને પાલીતાણા યાત્રાધામના વિસ્તારોને અગ્રતા આપી ગ્રીન અને વીજ સલામત ઝોનમાં વિકસિત કરવા માટેની યોજના છે.

યાત્રાળુઓની વીજ સુરક્ષા માટે અને યાત્રાધામને ઊર્જા આત્મનિર્ભર બનાવા માટેની કામગીરી થશે.રાજ્યના પવિત્ર યાત્રાધામોનો વિકાસ પર સતત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.હવે વિશ્વભરના ભાવિકો ગુજરાતના યાત્રાધામની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે તેઓને સર્વશ્રેષ્ઠ સુવિધા પુરી પાડવા માટે સરકારે કમર કસી છે.

# ભાવનગરઃ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી કેન્સર સ્ક્રીનીંગ વેનની મુલાકાત લેતા પૂ.મોરારિબાપુ







**અબતક, રાજકોટ**

પૂ.મોરારીબાપુ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગરની કેન્સર સ્ક્રીનિગ વેનની મુલાકાત લઈ આશીર્વાદ અને શુભેચ્છાઓ આપી રેડક્રોસ સોસાયટીને જેનબર્ક દ્વારા આપવામાં આવેલ આશા વેન જે ૧૦ પ્રકારના કેન્સરનું પ્રાથમિક સ્ક્રીનીંગ કરે છે જે આશા વાન સત્ય, પ્રેમ અને કરુણાની ધરતી તલગાજરડાના આંગણે પૂ. મોરારિબાપુના આશિષાર્થે પધારી હતી જ્યાં પૂ.મોરારીબાપુ એ વેનની મુલાકાત લઈને આ ખૂબ જ સેવા કાર્ય ગણાવીને શુભેચ્છાઓ આપી હતી તેમજ વેનની મુલાકાત લઈને કેન્સરના વિવિધ પ્રકારો અને વેનમાં થઈ રહેલા પરીક્ષણોની વિગતો મેળવીને કેન્સરના નિદાન માટેના જરૂરી આ પ્રયાસની પ્રશંસા કરી હતી અને ગ્રામ્ય વિસ્તાર સુધી સેવાઓ પહોંચવાથી અનેક લોકોને આ લાભ મળશે જેની ખુશી વ્યક્ત કરી હતી. પૂ. મોરારિબાપુના વરદ્ હસ્તે કેન્સર સ્ક્રીનિંગ અને જનરલ હેલ્થ ચેકઅપ સેવા કાર્યને પ્રેરણાદાયી આશીર્વાદ પ્રાપ્ત થયા હતા બાપુએ વેનના સાધનની પૂજા કરીને ડોક્ટર અને મેડિકલ ટિમ તથા રેડક્રોસના હોદ્દેદારોને બાપુ દ્વારા પ્રસાદી અને સન્માન કરવામાં આવ્યું હતું. સત્ય, પ્રેમ અને કરુણાના સંદેશ સાથે આરોગ્ય જાગૃતિ અને સેવા નો સુંદર સંકલ્પ સાકાર બનતો જોવા મળ્યો, આશા વાન EVA-Pro ડાયગ્નોસ્ટિક્સ, મેમોગ્રાફી યુનિટ તથા નિષ્ણાંત ટેલી કન્સલટેશન જેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ છે, જેના માધ્યમથી ગ્રામ્ય અને શહેર બંને વિસ્તારમાં ૧૦ પ્રકારના કેન્સરનું સ્થળ પર જ પ્રાથમિક સ્ક્રીનિંગ શક્ય બને છે. વહેલા નિદાન માટે આ વાન અત્યંત ઉપયોગી સાબિત થઈ રહી છે. આ વેનમાં ફેફસાં કેન્સર, મોઢાનું કેન્સર ,રક્ત કેન્સર, સ્વાદુપિંડ કેન્સર, ગર્ભાશય કેન્સર, યકૃત કેન્સર , આંતરડાં કેન્સર, વૃષણ કેન્સર, પ્રોસ્ટેટ કેન્સર, સ્તન કેન્સર વગેરેની પ્રાથમિક તપાસ આ આશા વેનમાંથી કરવામાં આવે છે. રેડક્રોસના હોદેદારો ડો.મિલન દવે, સુમિત ઠક્કર, વર્ષાબેન લાલાણી, રોહિતભાઈ ભંડેરી, મહુવા રેડક્રોસ સોસાયટીના હોદેદારો જયપ્રકાશભાઈ દોશી, ડો.ઉમેશભાઈ જોશી, હરકિશનભાઈ મહેતા, મનદીપભાઈ દોશી ,મેહુલભાઈ વ્યાસ, અશોક સિંહ ચુડાસમા વગેરે જોડાયા હતા. આ સેવા કાર્ય ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા સંચાલિત છે તથા જેનબર્ક કંપનીના સહયોગથી પ્રાપ્ત થયેલ આ વાન આરોગ્ય સેવાનો જીવંત સંકલ્પ બની અનેક લોકો માટે આશાનું કેન્દ્ર બની રહી છે. પૂ.મોરારીબાપુ દ્વારા વેન ની સેવા ને બિરદાવી એ ગૌરવ પૂર્ણક્ષણ હોવા નું રેડક્રોસ સોસાયટી દ્વારા જણાવવા માં આવ્યું હતું.

# શ્યામલાલજીની હવેલીમાં પુનમ સુધી ફુલ ફાગ ઉત્સવ



શ્યામલાલજીની હવેલીમાં આવતીકાલે તા. ૨૭-૨ ને ફાગણ સુદ-૧૧ અગિયારસથી ફાગણ સુદ ૧૫ પુનમ સુધી હોળી ફુલ ફાગ રસિયા સાંજે ૬.૩૦ થી ૮ સુધી ઉજવાશે. ખેલન ઝાંખી ૭.૩૦ એ થશે તેમજ રસિયાની સમાપ્તિ પછી કણિકા પ્રસાદની બટાડશે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને લાભ લેવા ભાવભરી આમંત્રણ છે.

# રોટરી કલબ ઓફ પ્રાઈમ દ્વારા રવિવારે પોલીસકર્મીઓ માટે નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પ

## પોલીસ હેડક્વાર્ટર ખાતે વિવિધ તબીબી સેવાઓ ઉપલબ્ધ



**અબતક, રાજકોટ**

રોટરી ક્લબ ઓફ પ્રાઈમ દ્વારા રાજકોટના તમામ પોલીસકર્મીઓ માટે તા. ૧ માર્ચ ૨૦૨૦, રવિવારે વિશાળ નિઃશુલ્ક મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ સવારે ૯:૦૦થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી પોલીસ હેડક્વાર્ટર, તાલીમ ભવન, રેસકોર્સ રોડ ખાતે યોજાશે.

કેમ્પમાં વિવિધ પ્રકારના આરોગ્ય ચેકઅપ સાથે બ્લડ ડોનેશન, કેન્સર અવેરનેસ, મેડિટેશન તથા વ્યસનમુકિત માર્ગદર્શન પણ આપવામાં આવશે. સૌરાષ્ટ્ર અને રાજકોટ શહેરના અનુભવી તબીબોની ટીમ દ્વારા વિવિધ રોગોની તપાસ, પ્રાથમિક નિદાન, જરૂરી સલાહ અને રિપોર્ટ આપવામાં આવશે.પીડિયાટ્રિક, ન્યુરો સર્જરી, ગાયનેકોલોજી, ઈ.એન.ટી., ઓર્થોપેડિક, ફિઝિયોથેરાપી, ડેન્ટલ, ક્રિટિકલ કેર, પેથોલોજી સહિત વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો સેવા આપશે. સાથે મેડિટેશન અને નશામુક્તિ અંગે વિશેષ માર્ગદર્શન પણ આપવામાં આવશે. કેમ્પનો મુખ્ય હેતુ સમયસર રોગનું નિદાન કરી ગંભીર બિમારીઓને પ્રારંભિક તબક્કે જ નિયંત્રિત કરવાનો છે. કલબના પ્રોજેક્ટ ડિરેક્ટર રોટેરિયન દર્શિત મહેતા અને હો. સેક્રેટરી રોટેરિયન મેહુલ પરમાર દ્વારા કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું છે.

# નિધિ સ્કૂલ દ્વારા કાલે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત ''સાયન્સ ફેર''




**અબતક, રાજકોટ**

નિધિ સ્કૂલ દ્વારા આવતીકાલે ''રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'' આ દિવસની ઉજવણી વિદ્યાર્થી ભાઈઓ બહેનો દ્વારા સાયન્સ ફેર એટલે કે વિજ્ઞાન મેળો યોજીને કરવામાં આવશે ,આ વિજ્ઞાન મેળામાં અલગ અલગ ૩૨ કૃતિઓ વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા રજૂ કરવામાં આવશે, જેમાં વરસાદી પાણીનો સંગ્રહ, ગ્રીનહાઉસ, ૩ઉ કાર પાર્કિંગ, પોલ્યુશન, પાક સંરક્ષણ મોડેલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્રોજેક્ટ, સ્માર્ટ સિટી, સોલાર મોબાઈલ ચાર્જર, પાણીનું શુદ્ધિકરણ, રીન્યુએબલ એનર્જી, અર્થ ક્વીક ડિટેક્ટર, માનવ હૃદય, જળચક્ર, સ્મોક બબલ વિગેરે જેવી કૃતિઓ વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા રજૂ કરી તેના અંતર્ગત માહિતી આ વિજ્ઞાન મેળો જોવા આવનાર જાહેર જનતા, વાલીઓ તેમજ વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવશે, આ વિજ્ઞાન મેળાનો સમય આવતીકાલે સવારે ૯:૦૦ થી ૧:૦૦ દરમિયાન નિધિ સ્કૂલ, ભારતીય નગર, ગાંધીગ્રામ ખાતે કરવામાં આવેલ છે, આ વિજ્ઞાન મેળામાં વિદ્યાર્થી ભાઈઓ દ્વારા હોરર હાઉસ એટલે કે ભુત બંગલા નું પણ નિર્માણ કરેલ છે, તો વોર્ડ નંબર - ૧ગાંધીગ્રામ વિસ્તારના સર્વે લોકગણને આ વિજ્ઞાન મેળા નિહાળવા સ્કૂલ તરફથી આમંત્રણ પાઠવવામાં આવે છે, આ વિજ્ઞાન મેળા શહેર ભા.જ.પમાં મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, શહેર બક્ષીપંચ મોરચા મહામંત્રી રાજેશ સવનિયા, તેમજ શહેર આદિજાતિ મોરચા ના મહામંત્રી વિજય રાઠોડને સ્કૂલ તરફથી અભિવાદન પણ કરવામાં આવશે, આ વિજ્ઞાન મેળાને સફળ બનાવવા નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, જાનકી નકુમ, હર્ષદ રાઠોડ તેમજ સ્કૂલનો સમગ્ર શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થી ગણ જહેમત ઉઠાવી રહેલ છે.

# પૂષ્પ નક્ષત્રના રવિવારે ગીતા મંદિરે સવારે સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવાશે

**અબતક, રાજકોટ**

જંકશન પ્લોટ મનહરલાલજી મહારાજ સ્થાપિન સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ ગીતા મંદિર ખાતે તા. ૧-૩ ના રોજ પુષ્ય નક્ષત્રમાં સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન ૧ થી ૧૨ વર્ષની ઉમરના બાળકોને નિઃશુલ્ક ધોરણે સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે. સુવર્ણપ્રાશન સંસ્કારએ આપણા ઋષિમુનિઓની હજારો વર્ષો પૂર્વેની દેન છે. સુવર્ણ ધાતુ શરીરમાં રોગ પ્રતિકારક શકિત તો વધારે જ છે. સાથો સાથો માનસિક અને બૌધ્ધિ ક્ષમતા પણ વધારે છે

આયુર્વેદની ઉત્તમ ઔષધિઓ જેવી કે બ્રાહ્મી, શંખ પુષ્પી, શતપુષ્પા દંતી વચા શતાવરી, ચિત્તક અશ્વગંધા નસોતર બલાબીજ વગેરે ઔષધીઓના સંયોજનને મધ અને ગાયના ઘીમાં મેળવીને નિષ્ણાત વૈદ્યની દેખરેખ નીચે બનાવવામાં આવે છે. ગીતા વિદ્યાલયના સંચાલક ડો. કૃષ્ણકુમાર મહેતાની યાદીમાં જણાવાયું છે.

# નેપાળ બસ દુર્ઘટનામાં માર્યા ગયેલાઓને પૂ.મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય

**અબતક, રાજકોટ**

થોડા સમય પહેલાં નેપાળમાં એક બસ દુર્ઘટનાનો ભોગ બની હતી. પ્રાપ્ત અખબારી યાદી મુજબ નેપાળમાં પોખરાથી કાઠમાંડુ તરફ જઈ રહેલી બસમાં ૪૪ યાત્રીઓ સવાર હતા. અચાનક જ આ બસના ચાલકે કાબૂ ગુમાવતા બસ ૨૦૦ ફીટ ઉંડી ખીણમાં ખાબકી હતી અને જોતજોતામાં ૧૮ લોકોનાં કરૂણ મોત નિપજ્યા હતા.

પૂ.મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રૂપિયા ૨,૭૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. જે નેપાળ સ્થિત રામકથાના શ્રોતા દ્વારા પહોંચાડવામાં આવશે. નેપાળ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમને સાથે રાખી આ સહાયતા રાશિ પહોંચાડવામાં આવશે. પૂ.મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

# સોમનાથ ટ્રસ્ટ - ડિવાઈન ટ્રસ્ટના ઉપક્રમે રવિવારે દંતયજ્ઞ

**અબતક, રાજકોટ**

સોમનાથ ખાતે દર મહિનાની ૧લી તારીખે યોજાતા કેમ્પનો લાભ લેવા શ્રી સોમનાથ ટ્રસ્ટના અગ્રણીઓ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના અગ્રણીઓએ અપીલ કરતા જણાવે છે કે સવારે ૯ થી ૧ ''દંત યજ્ઞ અને દાંતની બત્રીસીના કેમ્પ''નું આયોજન ટુરિસ્ટ ફેસેલીટી સેન્ટર લીલાવતી ગેસ્ટ હાઉસ પાર્કિંગ સામે, મુ.સોમનાથ (પાટણ) ખાતે કરવામાં આવેલ છે. જેમાં દાંતના દર્દીઓને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના ડો.જયસુખ મકવાણા અને તેમની ટીમ, ડો.કુશરાજ સિસોદિયા, ડો.હરેશ માળી, મોનિકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ દ્વારા તપાસી ૫૦ વ્યક્તિઓને વિનામુલ્યે બત્રીસીનું માપ લેવાની વ્યવસ્થા કરેલ છે.

દાંતના અન્ય રોગોની તપાસ કરી સારવાર દવા વિતરણ પણ કરવામાં આવશે. જેમને બત્રીસી બનાવવી હોય તેમને આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે લાવવી. કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

વધુ વિગત માટે મોનિકા ભટ્ટ - ૯૪૦૯૭ ૭૩૬૭૪નો સંપર્ક કરવો.

# બોર્ડના પરીક્ષાર્થીઓને ડો.ભરત બોધરાની શુભેચ્છા તણાવમુકત રહી પરીક્ષાને ઉત્સવ મનાવવા શિખ



**અબતક, રાજકોટ**

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો રાજ્યવ્યાપી પ્રારંભ થયો છે. આ મહત્વપૂર્ણ અવસરે પૂર્વ ધારાસભ્ય ડો. ભરત બોઘરાએ પરીક્ષા આપી રહેલા તમામ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પ્રદર્શન માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી પ્રોત્સાહિત કર્યા છે.

ડો. ભરત બોઘરાએ જણાવ્યું હતું કે, ''બોર્ડની પરીક્ષા એ તમારા વર્ષભરની મહેનતને આખરી ઓપ આપવાનો અવસર છે. તેને જીવન-મરણનો પ્રશ્ન બનાવવાને બદલે એક તક તરીકે જોવી જોઈએ.

પરીક્ષા ખંડમાં જતી વખતે મનને શાંત રાખવું, પૂરતી ઊંઘ લેવી અને પ્રશ્નપત્ર વાંચતી વખતે સકારાત્મક અભિગમ રાખવો. તમારી મહેનત પર વિશ્વાસ રાખશો તો પરિણામ ચોક્કસપણે ઉત્સાહજનક આવશે.

# સતાધાર ગ્રુપ દ્વારા પગપાળા જતા દર્શનાર્થીઓ માટે એક દિવસીય સેવા કેમ્પ



**અબતક, રાજકોટ**

'માંગો વીસ અને આપે ત્રીસ' એવા રાજાધીરાજ દ્વારકાધીશના આશીર્વાદથી સતાધાર યુવા ગ્રુપ રાજકોટ દ્વારા તા. ૨૫-૨ બુધવારના રોજ હોળી - ધુળેટી ના ઉત્સવ નિમિતે દ્વારકા જતા પગપાળા યાત્રાળુઓ માટે એક દિવસીય સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાતાઓ સહકારથી ૩૦૦૦ થી વધુ પદયાત્રીઓને પાણી, ઠંડા પીણા, લીંબુ શરબત તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા ડી.જે. ના તાલે રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં સતાધાર યુવા ગ્રુપ ના પ્રમુખ વિશાલભાઈ ચોટલીયા, ઉપપ્રમુખ શુભમભાઈ લાડવા, જયદીપભાઈ જાદવ, જયભાઈ મારુ, ભવદીપભાઈ રપારકા, રોનકભાઈ ભટ્ટી, ધીરેનભાઈ મારુ, અંકુરભાઈ ભેસાણીયા તથા અન્ય કાર્યકર મિત્રો જોડાયા હતા.

# ડો. રામનની 'રામન પ્રભાવ'ની શોધથી ઉજવાય છે વિજ્ઞાન દિવસ

**અબતક, રાજકોટ**

તા. ૨૮ મી ફેબ્રુઆરીએ ભારત સરકાર દ્વારા પ્રતિ વર્ષ દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિપ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ઈ.સ. ૧૯૨૮ માં રામન પ્રભાવની શોધ થઈ હતી.

આ શોધ માટે ૧૯૩૦ માં ડો. સી. વી. રામનને નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ભારતમાં જ સંશોધન કાર્ય કરીને નોબલ પુરસ્કાર મેળવનાર ડો. રામન એકમાત્ર ભારતીય વૈજ્ઞાનિક છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ૨૮ મી ફેબ્રુઆરીનું નામાભિકરણ અને ઉજવણી પાછળ ડો. રામનની મહાન વૈજ્ઞાનિક સિદ્ધિની કેવળ શિષ્ટાચાર અને સમારંભ કરતાં પણ વિશેષ મહત્વ છે. દેશના મહત્વના પ્રશ્નોના ઉકેલ શોધવા, બીજા દેશોની હરોળ ભારતને અગ્રીમતા આપવી, વિદેશી ટેકનોલોજી આયાત કરીને ભારતને અનુરૂપ ટેકનોલોજીમાં પરિવર્તન કરવા અને બીજી કેટલીક રાષ્ટ્રીય મહત્વાકાંક્ષાઓ પૂર્ણ કરવા ભારતીય વિજ્ઞાનીઓની ફરજ થઈ પડે છે. આ માટે પણ રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી અતિ જરૂરી છે.

ડો. સી. વી. રામન ''રામન પ્રભાવ'' ની શોધ માટે તેમણે બનાવેલ સાધનનો ખર્ચ માત્ર રૂ.૨૦૦/- (બસ્સો) થયો હતો. પરંતુ તેના દ્વારા વિજ્ઞાનની એક નવી દિશા ખુલી. સમગ્ર વિશ્વમાં આ શોધ દ્વારા ગૌરવ પ્રાપ્ત થયું તેની જાહેરાત સૌપ્રથમ ૨૮-૦૨-૧૯૨૮ માં થઈ હોય આ શોધને સન્માનિત કરીને સાથોસાય આ દિવસ સમગ્ર સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ - દ્રષ્ટિકોણ કેળવાય તેમજ અંધશ્રધ્ધા દૂર કરવા જાગૃતિ માટેનો દિવસ છે.

ડો. રામનને ભાળકો, વિદ્યાર્થીઓમાં અતિ રૂચિના કારણે પ્રાથમિક શાળામાંથી વિજ્ઞાનને મહત્વ આપી વૈજ્ઞાનિક લાગણીને કારણે વિજ્ઞાનના કાર્યક્રમો યોજવા સંબંધી શોધની જાહેરાતની તારીખ પસંદ કરવમાં આવી હતી.

# વિશ્વના સૌથી લોકપ્રિય રાજનેતામાં મોદી નં.૧ ઈન્સ્ટ્રા પર ૧૦ કરોડનો સરતાજ તેમના શીરેઃ રાજુભાઈ ધ્રુવ

## ડિજિટલ દુનિયાના દરબારમાં 'દસ કરોડ'નો તાજ, ઈન્સ્ટાગ્રામ પર મોદીજીનું રાજ! વિશ્વનેતાની અજોડ સિદ્ધિ

**અબતક, રાજકોટ**

ભારતીય જનતા પાર્ટીના અગ્રણી રાજુભાઈ ધ્રુવે દેશના યશસ્વી વડાપ્રધાન અને અજોડ વૈશ્વિક નેતા નરેન્દ્ર મોદીને ફોટો-શેરિંગ પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ૧૦ કરોડ (૧૦૦ મિલિયન) ફોલોઅર્સનો જાદુઈ અને ઐતિહાસિક આંકડો પાર કરવા બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે. આ અકલ્પનીય સિદ્ધિ સાથે શ્રી નરેન્દ્ર મોદી વિશ્વના એકમાત્ર અને પ્રથમ એવા નેતા બની ગયા છે જેમણે ઈન્સ્ટાગ્રામ ઉપર લોકપ્રિયતા નો આ મહાન માઈલસ્ટોન સર કર્યો હોય.

વડાપ્રધાનની આ વિરાટ સિદ્ધિને બિરદાવતા રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે, ''આ માત્ર દસ કરોડનો આંકડો નથી, પરંતુ મોદી પ્રત્યે વિશ્વભરના લોકો, યુવાનો અને વૈશ્વિક નેતાઓના અતૂટ વિશ્વાસ અને અસીમ પ્રેમનું જીવંત પ્રમાણપત્ર છે. મોદીજી ભારતના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન તો છે જ સાથોસાથ તેઓ સમગ્ર વિશ્વના હૃદયસમ્રાટ અને 'વિશ્વમિત્ર' બની ચૂક્યા છે. તેમની દૂરંદેશી વિચારધારા અને ડિજિટલ ઈન્ડિયાના વિઝને તેમને જમીનથી લઈને સોશિયલ મીડિયા સુધી દરેક જગ્યાએ 'ગ્લોબલ આઈકોન' તરીકે પ્રસ્થાપિત કર્યા છે.''

બીજા ક્રમે આવતા અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માત્ર ૪.૩૨ કરોડ ફોલોઅર્સ ધરાવે છે. બીજા ક્રમ વચ્ચેનું ૫.૬૮ કરોડનું આ તોતિંગ અંતર જ સાબિત કરે છે કે વૈશ્વિક સ્તરે લોકપ્રિયતાના બાબતે મોદીજીની આસપાસ પણ કોઈ નેતા નથી.

''ટ્રમ્પ ઉપરાંત ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રભોવો સુબિએન્ટો (૧.૫ કરોડ), બ્રાઝિલના પ્રમુખ લુલા ડી સિલ્વા (૧.૪૪ કરોડ), તુર્કીના પ્રમુખ એર્દોઆન (૧.૧૬ કરોડ) અને આર્જેન્ટિનાના પ્રમુખ જેવિઅર મિલે (૬૪ લાખ) જેવા વિશ્વના દિગ્ગજ નેતાઓ પણ લોકપ્રિયતાની દોડમાં મોદીથી જોજનો દૂર છે. ભારતના સંદર્ભમાં પણ મોદીજી પછી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ૧.૬૧ કરોડ ફોલોઅર્સ સાથે બીજા ક્રમે છે, જે દર્શાવે છે કે ભાજપના નેતૃત્વ પર જનતાનો ભરોસો અકબંધ છે.''

વડાપ્રધાનની આ ઐતિહાસિક અને અજોડ સિદ્ધિ સમગ્ર દેશવાસીઓ અને ખાસ કરીને આપણે સૌ ગુજરાતીઓ માટે અત્યંત ગર્વની ક્ષણ છે તેમ જણાવી રાજુભાઈ ધ્રુવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ને અભિનંદન સાથે મંગલમય શુભેચ્છાઓ પાઠવી છે.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિવિધ નિષ્ણાંત સર્જનો નિઃશુલ્ક રવિવારે સારવાર આપશે

**અબતક, રાજકોટ**

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના ૧લી માર્ચ રવિવારે સવારે ૯ થી ૧ હોટલ પેટ્રીયા સ્ટુયસ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

કેમ્પમાં દાતના રોગોની સારવાર દંતવૈદ્ય ભરત વ્યાસ દ્વારા પૌરાણિક જલંધરબંધ યોગપધ્ધતિ દ્વારા દંતને લગતી સમસ્યાઓનું નિદાન અને સારવાર કરવામાં આવશે. પ્રાણીક હિલિંગ થેરાપી દ્વારા મહેન્દ્ર સારવાર આપશે. અરવિંદભાઈ વાળા દ્વારા ફિઝીયોથેરાપી સારવાર આપશે. મહેશ ચાવડા સુઝોક થેરાપી સારવાર આપશે બી.પી. ડાયાબીટીસ નો રિપોર્ટ સેલસ હોસ્પિટલની ટીમ દ્વારા કરવામાં આવશે. ડો. જીત ગાંધી દ્વારા ઓર્થોપેડીક સારવાર આપવામાં આવશે. કામેન્દ્રુ આચાર્ય દ્વારા તંદુરસ્ત જીવન જીવવા માટે માર્ગદર્શન અપાશે. ઉપરાંત ચિંતા, તણાવ, ડિપ્રેશન, પર્સનાલિટી જેવી મેન્ટલ હેલ્થ માટે રેણુકાબેન મહેતા માર્ગદર્શન આપશે.

# જિલ્લા હોમગાર્ડસ કમાડન્ટ કેતન કાનાણીનો આજે જન્મદિવસ



રાજકોટ સીટી અને જિલ્લા હોમગાર્ડસ કમાંડન્ટ કેતનભાઈ બી. કાનાણી નો આજે તા. ૨૭/૦૨/૨૦૨૬નાં રોજ જન્મદિવસ છે. તમામને મદદરૂપ બની અને સૌને સાથે લઈને ચાલવા વાળા, મિલનસાર સ્વભાવ, મહેનતુ, બહોળુ મિત્રવર્તુળ ધરાવતા કેતનભાઈ આજે ૩૮ વર્ષ પુર્ણ કરી તેઓ ૩૯ માં વર્ષમાં પ્રવેશ કરે છે. સ્નેહીજનો, શુભચિંતકો, હોમગાર્ડમિત્રો તથા કુટુંબીજનોએ રૂબરૂ તેમજ મારફતે શુભેચ્છાઓ પાઠવેલ છે. મો.નં. ૯૯૦૯૯ ૦૭૬૩૦ છે.

# રાજકોટ સહિત રાજ્યભરની પાસપોર્ટ-પોસ્ટઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

## અમદાવાદ ખાતેથી રાજકોટ પોલિસ કંટ્રોલ રૂમને કોલ મળતા એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, એ ડિવિઝન પોલિસ દોડી ગઈ : ડોગ સ્કોડ, બોમ્બ સ્કોડ અને ક્યુઆરટીને સાથે રાખી સઘન ચેકીંગ








**અબતક, રાજકોટ**

રાજકોટ સહીત રાજ્યભરની મોટાભાગની રિજિયોનલ પાસપોર્ટ ઓફિસ અને પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા વધુ એક વાર પોલિસ તંત્ર દોડતું થયું હતું. ધમકીને પગલે એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, એ ડિવિઝન પોલિસની ટીમો રાજકોટની પાસપોર્ટ ઓફિસ અને પોસ્ટ ઓફિસ ખાતે દોડી ગઈ હતી અને સઘન તપાસ આદરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર આજે બપોરે એક વાગ્યાં આસપાસ અમદાવાદ ખાતે મુખ્ય પાસપોર્ટ ઓફિસના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર અમદાવાદ, રાજકોટ, સુરત, વાડોદરા, નવસારી, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, સુરેન્દ્રનગર સહીત રાજયની મોટાભાગની પાસપોર્ટ ઓફિસમાં આરડીએકસ આવી ગયો છે, બોમ્બ મુકાઈ ગયો છે, ગમે ત્યારે બ્લાસ્ટ થશે, તાતકાલિક કચેરીઓ ખાલી કરાવો તેવો ધમકીભર્યો ઈમેઈલ મળ્યો હતો. જે ઈમેઈલ મળતા સુરક્ષાના ભાગરૂપે અમદાવાદ ખાતેથી રાજકોટ પોલિસ કંટ્રોલરૂમને બપોરે આશરે ૧:૧૦ વાગ્યે કોલ મળ્યો હતો.

### અરજદારો-કર્મચારીઓને બહાર કાઢી ખૂણેખૂણાની તપાસ બાદ કશું જ શંકાસ્પદ નહિ મળતા તંત્રને હાશકારો : વધુ એકવાર બોમ્બની ધમકી પોકળ સાબિત થઈ

કંટ્રોલરૂમને કોલ મળતા જ એસઓજી પીઆઈ એસ એમ જાડેજા, પીએસઆઈ વી વી ધ્રાંગુ, એમ વી જાડેજા સહીતની ટીમો, ક્રાઈમ બ્રાન્ચની ટીમો તેમજ એ ડિવિઝન પીઆઈ બી વી બોરીસાગરની ટીમો પાસપોર્ટ ઓફિસ ખાતે દોડી ગઈ હતી. પોલિસે ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ અને ક્યુઆરટીને સાથે રાખી પાસપોર્ટમાંથી અરજદારો-કર્મચારીઓને સલામત સ્થળે ખસેડી ખૂણેખૂણાનું ચેકીંગ હાથ ધર્યું હતું. એકાદ કલાક સુધીના ચેકીંગમાં કશું જ વાંધાજનક નહિ મળી આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

આ પ્રકારે જ પોસ્ટ ઓફિસમાં પણ બોમ્બ મુકાયાની ધમકી મળતા એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, એ ડિવિઝન પોલીસે બોમ્બ સ્કોડ, ડોગ સ્કોડ, ક્યુઆરટીને સાથે રાખી તપાસ આદરી હતી પણ કશું જ શંકાસ્પદ નહિ મળી આવતા બોમ્બની ધમકી પોકળ સાબિત થઈ હતી.

---

# સાકળચંદ પટેલ યુનિવર્સિટીમાં જર્મનીના ડો. ઉલરિચ બર્કની હાજરી

## આસ્થાત્મક ઉપચાર અને હોમ થેરાપી માં જર્મનીના વૈજ્ઞાનિક ડો. ઉલરિચ બર્ક ખાસ ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

સાંકળચંદ પટેલ યુનિવસિટી વિસનગરના ભારતીય જ્ઞાન પ્રણાલી કેન્દ્ર અને નૂતન આયુર્વેદિક કોલેજ એન્ડ રિચર્સ સેન્ટર દ્વારા આસ્થાત્મક ઉપચાર અને હોમ થેરાપી વિષય પર આંતરરાષ્ટ્રીય સેમીનારનું આયોજન કરાયું હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ જર્મનીથી પધારેલા આંતર રાષ્ટ્રીય વિદ્વાન ડો. ઉલચિય બર્ક હાજર રહ્યા હતા. તેમને હોમ થેરાપી, વૈદિક ઉપચાર, પર્યાવરણ અને માનવ કલ્યાણ વિષય પર મુખ્ય પ્રવચન આપ્યું હતું. આ સેમીનારમાં દેશ-વિદેશના વિદ્વાનો, સંશોધકો, આરોગ્ય વિદ્યાનો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સમાપન પેપર અને પોસ્ટ પ્રેઝન્ટેશન સુત્રો સાથે થયું હતું. જેના માધ્યમથી પરંપરાગત જ્ઞાનને આધુનિક સંશોધન સાથે જોડવાનો મહતવપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

---

# કુચીયાદડના કારખાનામાં ટ્રકના તોતિંગ વ્હીલ ફરી વળતા ચોકીદારનું મોત

## ટ્રક ચાલકની બેદરકારીથી વૃધ્ધ અડફેટે ચડી જતા હાથ અને પગ છૂંદાઈ ગયા : એરપોર્ટ પોલિસ મથકમાં ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા કુચિયાદડ જીઆઈડીસીમાં કારખાનામાં ટ્રક લેવડાવતી વેળાએ ટ્રકના વ્હીલ હેઠળ આવી જતા ચોકીદાર વૃધ્ધનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યુ હતું. ટ્રકના ચાલકની બેદરકારીના કારણે ચોકીદાર વૃધ્ધ અડફેટે ચડી જતા તેમના હાથ અને પગ છૂંદાઈ ગયા હતા. આ અંગે પોલીસે અકસ્માત સર્જનાર ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, બામણબોર ગામે રહેતા અને કુચિયાદડ જીઆઈડીસીમાં આવેલા આલ્ફા કોસ્ટોવેર નામના કારખાનામાં ચોકીદાર તરીકે નોકરી કરતા વિનુભાઈ હરજીભાઈ ગોહીલ (ઉ.વ.૬૭)નામના વૃધ્ધ ગત તા.૨૫ના રાત્રે નાઈટ ડ્યુટીમાં ચોકીદાર તરીકે ફરજ પર હતા. દરમિયાન તા.૨૬ના સવારે છ વાગ્યાના અરસામાં ટ્રક આવતા તેઓ કારખાનાનો મેઈન ગેઈટ ખોલી ટ્રકને કારખાનામાં લેવડાવતા હતા. ત્યારે ટ્રક ચાલકે બેદરકારીથી ટ્રક ચલાવતા ચોકીદાર વૃધ્ધ અડફેટે ચડી ગયા હતા અને ટ્રકનું તોતિંગ વ્હીલ માથે ચડી જતા તેમનો ડાબો હાથ અને પગ છૂંદાઈ જતા ઘટના સ્થળે જ તેમનુ મોત નીપજ્યુ હતું. બનાવની જાણ થતા પરિવારજનો પણ કારખાને દોડી ગયા હતા. ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી મૃત જાહેર કરતા પોલીસને જાણ કરવામાં આવતા એરપોર્ટ પોલીસ મથકના પીએસઆઈ એસ.એસ.જાડેજા સહિતના સ્ટાફે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે કુવાડવા આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક વૃધ્ધ છેલ્લા બે વર્ષથી આ કારખાનામાં ચોકીદાર તરીકે નોકરી કરતા હતા. તેમને સંતાનમાં બે પુત્ર હોવાનુ જાણવા મળ્યુ છે.

આ અંગે મૃતક વૃધ્ધના પુત્ર શૈલેષભાઈ (ઉ.વ.૩૫)એ એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત સર્જનાર ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

---

# સાત ખોડીયાર મંદિર પાસે રવિવારે યોજાશે માં બગલામુખી પીતામ્બર માતાનો યજ્ઞ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં પીતાંબરા પીઠ શોધ સંસ્થાન તથા પીતાંબરા પરિવાર દ્વારા વિશ્વ શાંતિ તેમજ વિશ્વ કલ્યાણ હેતુ અને સૌના પરિવારમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ તેમજ સમાજમાં ધર્મભકિત વધે તેવા શુભ હેતુથી દર મહિને નિઃશુલ્ક માં બગલા મુખી પીતાંબર માતાજીનો યજ્ઞ કરવામાં આવે છે.

આ મહિનાનો યજ્ઞ તા. ૧-૩ ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે રમાબેન રમેશગર ગોસાંઈ, મો. નં. ૯૫૧૨૮ ૯૧૩૧૭, ઓમ, ભોમેશ્વર પ્લોટ, સાત ખોડીયાર મંદિર પાસે, જામનગર રોડ, રાજકોટ ખાતે યોજાશે. આ યજ્ઞમાં માઈ ભકતોને લાભ લેવા હિમાંશુભાઈ જોશી મો. નં. ૯૮૨૪૨ ૦૮૫૦૩ દ્વારા અનુરોધ કરાયો છે.

---

### કંપની સેક્રેટરીઝ પરીક્ષાનું પરિણામ

# પ્રોફેશનલ પ્રોગ્રામ સિલેબસ-૨૦૨૨ અને એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ સિલેબસ - ૨૦૨૨નું પરિણામ જાહેર

**અબતક, રાજકોટ**

સંસ્થાની વેબસાઈટ www.icsi.edu પર વિષયવાર ગુણ સાથેનું પરિણામ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. પ્રોફેશનલ પ્રોગ્રામ પરીક્ષા (સિલેબસ - ૨૦૨૨)માં ગ્રુપ-૧માં ૨૬.૭૩ ટકા અને ગ્રુપ-૨માં ૨૬.૬૭ ટકા ઉમેદવારો પાસ થયા છે. મુંબઈ પરીક્ષા કેન્દ્રથી પરીક્ષા આપનાર કિંજલ અજમેરાએ પ્રોફેશનલ પ્રોગ્રામ પરીક્ષા (સિલેબસ - ૨૦૨૨)માં ઓલ ઈન્ડિયા પ્રથમ ક્રમ મેળવ્યો છે.

અમદાવાદ પરીક્ષા કેન્દ્રથી પરીક્ષા આપનાર અનિશા દર્શન કેસવાનીએ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ પરીક્ષા (સિલેબસ - ૨૦૨૨)માં ઓલ ઈન્ડિયા પ્રથમ ક્રમ મેળવ્યો છે.

વધુમાં ચેરમેન સી.એસ. રાહુલ ખોખરએ જણાવ્યું કે રાજકોટ પરીક્ષા કેન્દ્રથી પરીક્ષા આપનાર ઈન્સિયા ઈમરાનભાઈ રંગવાલા અને સ્નેહા મુકેશભાઈ ઠકરારએ એક્ઝિક્યુટિવ પ્રોગ્રામ પરીક્ષા (સિલેબસ - ૨૦૨૨)માં અનુક્રમે ઓલ ઈન્ડિયા ત્રીજો અને પાંચમો ક્રમ મેળવ્યો છે.

---

# ઓશો ધ્યાન મંદિરે સોમવારે નિશુલ્ક ધ્યાન શિબિર: સન્યાસ ઉત્સવ સંતવાણી

**અબતક, રાજકોટ**

કિસાન પરા ચોકમાં આવેલ ઓશો ગીતા નિવેદિતા ધ્યાન મંદિરે તા.૨ ને સોમવારના રોજ પુનમ હોળી નીમીતે ઓશો સન્યાસી સ્વામી પ્રેમ મુસાફિરે (વિજયભાઈ ભુવા) સાંજના ૪ થી રાત્રીના ૮.૩૦ દરમ્યાન નિઃશુલ્ક ઓશો ધ્યાન શિબિરનું આયોજન કરેલ છે.

શિબિર દરમ્યાન શિબિર સંચાલીત માં આનંદ યોગી (ચેતનબેન) દ્વારા ઓશોના વિવિધ ધ્યાન પ્રયોગો, સન્યાસ ઉત્સવ, લાફિંગ થેરાપી માસ્ટર સ્વામી દૈવ રાહુલ દ્વારા હસિબા ખૈલીબા ધરીબા ધ્યાનમ તથા પુનમ ઓશો કિર્તન તથા સંધ્યા સત્સંગ બાદ રાત્રે ૮.૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુ માહીતી મેળવવા સ્વામી સત્ય પ્રકાશ મો. નં. ૯૪૨૭૨ ૫૪૨૭૬ પર સંપર્ક સાધવો.

---

# શાપરમાં બુલેટની ઠોકરે રાહદારી આધેડનું મોત અકસ્માત સર્જનાર યુવાન પણ ઘવાયો

## મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા આધેડએ દમ તોડી દેતાં બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક રાજકોટ**

શાપર-વેરાવળના ગંગા ગેટ પાસે આજે સવારે અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં બુલેટ સવાર યુવકે ચાલીને જતા આધેડને અડફેટે લેતા તેમનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અકસ્માત સર્જનાર યુવકને પણ ઈજાઓ પહોંચતા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલના વેજા ગામના વતની અને હાલ શાપર-વેરાવળમાં રહેતા મનસુખભાઈ માલાભાઈ દવેરા (ઉં.વ. ૫૭) આજે સવારે ચાલીને પોતાના કારખાને કામે જઈ રહ્યા હતા. આ દરમિયાન આદર્શ સોસાયટીમાં રહેતા રાજદીપ મંગાભાઈ સોદરવા (ઉં.વ. ૩૨) પોતાની નાઈટ ડ્યુટી પૂરી કરી બુલેટ લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. ગંગા ગેટ પાસે રાજદીપે કાબૂ ગુમાવતા મનસુખભાઈને જોરદાર ઠોકર મારી હતી.

અકસ્માતમાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મનસુખભાઈ દવેરાનું મોત નીપજ્યું હતું, જ્યારે બુલેટ ચાલક રાજદીપભાઈ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક મનસુખભાઈ ચાર ભાઈ અને ચાર બહેનોમાં બીજા નંબરના હતા અને કારખાનામાં મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પિતાની છત્રછાયા ગુમાવતા દવેરા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બીજી તરફ, ઈજાગ્રસ્ત રાજદીપભાઈ બે ભાઈઓમાં મોટા છે અને તેમને સંતાનમાં બે દીકરીઓ છે. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

# બ્રહ્મ સેના દ્વારા પ્રેમ લગ્ન સંબંધે છેતરપીંડી કલમ ઉમેરવા સરકારમાં રજૂઆત

## માતાપિતાની સંમતી જરૂરી

**અબતક,રાજકોટ**

પ્રેમ લગ્ન માં વિશ્વઘાત અને છેતરપીંડી ની કલમ ઉમેરો કરવાની બ્રહ્મ સેના દ્વારા રાજ્ય સરકાર ને લેખીત રજુઆત કરી છે.

પ્રેમ લગ્નથી દિકરી ના પરીવાર ને માતાપિતા ને સામાજિક અને આર્થિક મુલ્યો નું નુકસાન થાય છે રાજ્ય સરકાર દ્વારા પ્રેમ લગ્ન માં વિશ્વઘાત અને છેતરપીંડી ની કલમ નો ઉમેરો કરો તથા માતા પિતા ની હાજરી ઉપસ્થિત અનુમતિ ફરજીયાત રાખો આથી રાજય માં બે અલગ સમાજ વચ્ચે ઘર્ષણ અને ઝઘડા ન થાય સાથે બે કોમ વચ્ચે ઘર્ષણ અને તંગદીલી ઊભી ન થાય સાથે જો પ્રેમ લગ્ન થાય તો વધુ ને વધુ તકલીફ અને નુકસાન દિકરી ના પરીવાર ને થાય છે, એવી બ્રહ્મ સેના સ્થાપક અધ્યક્ષ જગદીશ રાવલ દ્વારા પ્રેમ લગ્નમાં સુધારા માટે ના મંતવ્યો ગુજરાત રાજ્ય સરકાર ને લેખીત રજુઆત કરાયેલ હોય તારીખ:૨૧-૨-૨૯૨૬ ના રોજ રાજકોટ શહેર જિલ્લા કલેકટર કચેરી ખાતે મુખ્ય મંત્રી ગૃહ રાજય મંત્રી કાનુન મંત્રી ને લેખીત રજુઆત કરાયેલ.

---

# જંગલેશ્વરમાંથી કાટમાળ હટાવવાની કામગીરીની વેગવાન બનાવાઈ



**અબતક,રાજકોટ**

જંગલેશ્વર વિસ્તારમાં આજી નદી પટ્ટા તથા ટી.પી. રોડ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બ્લોક નંબર ૪, ૫, ૬, ૭ માંથી કાટમાળ ઉપાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં ડમ્પરના ૪૮૩ ફેરા અને ટ્રેક્ટરના ૫૯૨ ફેરા સહિત કુલ-૧૦૭૫ના ફેરા કરવામાં આવેલ છે. ડમ્પરના ૪૫૫ ફેરા અને ટ્રેક્ટરના ૭૦૩ ફેરા સહિત કુલ-૧૧૫૮ના ફેરા કરવામાં આવી છેઆજે સવારથી અત્યાર સુધીમાં ડમ્પરના ૬૮ અને ટ્રેક્ટરના ૯૪ સહીત કુલ-૧૬૨ ફેરા દ્વારા કાટમાળ દુર કરાયેલ છે. હાલ કાટમાળ ઉપાડવાની કામગીરી પ્રગતિમાં છે.

---

# મેરેજ રજિસ્ટ્રેશનની ઓનલાઈન અરજીમાં લગ્ન સ્થળનું ગુગલ મેપ લોકેશન નાખવું ફરજિયાત

## કોર્પોરેશનમાં ઓનલાઈન લગ્ન નોંધણી પ્રક્રિયા શરૂ: ત્રણ સપ્તાહમાં ૫૦ અરજી મળી

**અબતક રાજકોટ**

કોર્પોરેશનના બજેટમાં ઓનલાઈન લગ્ન નોંધણી ચાલુ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જેની અમલવારી શરૂ થતા ત્રણ સપ્તાહમાં ૫૦થી વધુ અરજીઓ અપલોડ થઈ ગઈ છે.મેરેજ રજિસ્ટ્રેશન માટે એક નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. જે મુજબ હવે કંકોત્રીની સાથે લગ્ન સ્થળનું ગુગલ મેપ લોકેશન ફરિજયાત આપવાનુ રહેશે. વેરેફિકેશન થયા બાદ પ્રમાણપત્રને મંજૂરી મળશે.

લગ્ન નોંધણી માટે લગ્ન સ્થળનું ગુગલ પર સર્ચ કરી જે તે હોલના લોકેશનનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ મુદ્દે આરોગ્ય અધિકારીએ જણાવેલ કે, અનેક વખત મહાનગપાલિકાની હદમાં ન આવતા હોય તેવા સ્થળોએ લગ્ન કર્યા હોય ત્યારે મહાનગપાલિકાના આરોગ્ય વિભાગની મેરેજ સર્ટીની સાઈટ ઉપર અરજદારો દ્વારા ડોક્યુમેન્ટ અપલોડ કરી દેવામાં આવે છે. અજાણતા થઈ ગયેલ ભૂલના કારણે અનેક અરજદારોને હેરાન થવુ પડતુ હોય છે. આથી હવે ગુગલ લોકેશનનો નિયમ અમલમાં મુકવામાં આવ્યો છે. જે સ્થળે લગ્ન થયા હોય તે સ્થળનું લોકેશન ફરજિયાત ઓનલાઈન અપલોડ કરવાનું રહેશે.

---

# દેવામાં ઘટાડો કરવાના રેશિયોમાં ૧૦ વર્ષથી દેશમાં ગુજરાતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન

## ડેબ્ય ટુ જીએસડીપીની નિયમ મર્યાદા ૨૭ ટકા જેવી સામે ગુજરાતનો દર માત્ર ૧૮.૨ ટકાઃ નીતિ આયોગ મુજબ ગુજરાત પ્રથમ શ્રેણીમાં

**અબતક, રાજકોટ**

દેવમાં ઘટાડો કરવાના રેશિયામાં દેશના અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતનું પ્રદર્શન છેલ્લા દશ વર્ષથી સર્વ શ્રેષ્ઠ રહ્યું છે. ડેબ્ટ ટુ જીએસડીપી રેશિયોની નિયત મર્યાદા ૨૭ ટકા છે જેની સામે ગુજરાતનો દર ૧૮.૨ ટકા રહ્યો છે.

આ અંગે મંત્રી જીતુભાઈ વાઘાણીએ એ ગૃહમાં જણાવ્યું હતું કે, નાણા મંત્રીએ રજૂ કરેલું અંદાજપત્ર ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. તેમણે આંકડાકીય તુલના કરતા જણાવ્યું કે, વર્ષ ૨૦૦૧-૦૨માં આ અંદાજપત્રનું કદ માત્ર રૂ. ૩૬,૦૦૦ કરોડ હતું, જે આજે ૧૧૦૦ ટકાના વધારા સાથે રૂ. ૪,૦૮,૦૫૩ કરોડ થયું છે. તેવી જ રીતે, રાજ્યની માથાદીઠ આવક પણ રૂ. ૧૯,૭૧૩થી વધીને રૂ. ૩,૦૧,૦૦૦ થઈ છે, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા ૬૦% વધુ છે. આજે દેશના જીડીપીમાં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા છે.

રાજ્યની નાણાકીય તંદુરસ્તી અંગે નીતિ આયોગના 'ફિસ્કલ હેલ્થ ઈન્ડેક્ષ-૨૦૨૫' નો ઉલ્લેખ કરતા મંત્રી વાઘાણીએ જણાવ્યું હતું, ગુજરાત ''એચિશ્વર'' શ્રેણીમાં એટલે કે પ્રથમ કેટેગરીમાં સ્થાન ધરાવે છે. બીજી તરફ, વિપક્ષ શાસિત પંજાબ, કેરળ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યો નાણાકીય વ્યવસ્થાપનમાં સૌથી છેલ્લી 'એસ્પીરેશનલ' કેટેગરીમાં છે. પહેલા બજેટ હંમેશા ખોટવાળા રહેતા, આજે ગુજરાત રૂ. ૨૫,૫૮૬ કરોડની મહેસૂલી પુરાંત ધરાવતું રાજ્ય બન્યું છે.

જ્યારે પણ દેવાની વાત આવે, ત્યારે કોંગ્રેસ જનતાને ગેરમાર્ગે દોરે છે. પરંતુ સત્ય એ છે કે, સરકાર કોઈ ગૃહિણીની જેમ માત્ર બચત કરીને રાજ્ય ન ચલાવી શકે. હાઈવે, બ્રિજ, નર્મદા ડેમ અને હોસ્પિટલો જેવા મોટા કામો માટે જંગી મૂડી જોઈએ. દેવું કરીને મોજશોખ કરવો તે 'બિન-ઉત્પાદક' છે, પણ દેવું કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું એ ''ઘી પીવા'' સમાન ઉત્પાદક રોકાણ છે, જેના પરિણામે જ આજે ગુજરાત નાણાકીય શિસ્તમાં અવ્વલ છે. મંત્રીશ્રીએ સ્પષ્ટ કર્યું કે, ગુજરાતનું જાહેર દેવું જીએસડીપી માત્ર ૧૮.૨ ટકા છે, જે કાયદાકીય મર્યાદા ૨૭ ટકાથી ઘણું નીચું અને અત્યંત શિસ્તબધ્ધ છે.

આ સંદર્ભે વિપક્ષ પર આકરા પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, ગુજરાતનો ડેબ્ટ ટુ જીએસડીપી રેશિયો ૧૮.૨ ટકા જેટલો નીચો છે, જે નિયત ૨૭ ટકા કરતા ઘણો ઓછો છે, જ્યારે વિપક્ષ શાસિત પંજાબમાં ડેબ્ટ ટુ જીએસડીપી રેશિયો ૪૭ ટકા અને હિમાચલમાં ૪૫ ટકા છે. ગુજરાતનો જીએસડીપી સદ્ધર હોવાથી જ તેને દેવું મળે છે, ભિખારીને કોઈ ઉછીના નાણા ન આપે. અહેવાલ મુજબ, છેલ્લા ૧૦ વર્ષમાં દેવાના રેશિયોમાં ઘટાડો કરવામાં ગુજરાત દેશમાં સર્વશ્રેષ્ઠ છે.

મંત્રીએ વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું કે, જે લોકોએ દાયકાઓ સુધી આંખે પાટા બાંધીને રાજકારણ કર્યું છે, તેમને વિકાસનો સૂર્યોદય દેખાતો નથી. તેમણે કોંગ્રેસના શાસનકાળનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના સમયમાં અંદાજપત્રો માત્ર આંકડાઓની માયાજાળ હતા, જેમાં વિકાસનું કોઈ સંકલિત માળખું નહોતું. તેમના શાસનમાં ભ્રષ્ટાચાર, કૌભાંડો અને 'ગરીબી હટાવો'ના માત્ર પોકળ નારા હતા. કોંગ્રેસની સરકારોએ દેશના અર્થતંત્રને 'અનર્થતંત્ર' બનાવી દીધું હતું. તેમણે જનતાને વાસી ગુલાબ પણ ના આપ્યું. પણ કેટલાક નેતાઓ પોતે દરરોજ તાજા ફૂલો અને પેરીસથી ઈસ્ત્રી થઈને આવેલ કપડા પહેરતા હતા.

ગુજરાત આજે 'પોલીસી ડ્રિવન સ્ટેટ' બન્યું છે. જ્યાં, સેમિકન્ડકટર, આઈ.ટી., બાયોટેકનોલોજી અને રીન્યુએબલ એનર્જી જેવી અનેક આધુનિક પોલિસીઓ દ્વારા રાજ્ય મેન્યુફેક્ચરિંગ હબ બન્યું છે. માત્ર ઉદ્યોગો જ નહિ, આ બજેટ 'જગતના તાત' ની પ્રગતિનો પણ દસ્તાવેજ છે. ખેડૂતોને હવે રાત્રે ઉજાગરા નથી કરવા પડતા, 'કિસાન સૂર્યોદય યોજના'થી તેમને દિવસે વીજળી મળે છે. ચાલુ રવિ સીઝનમાં રાજ્યના ખેડૂતોએ ૪૪ લાખ હેકટરમાં વિક્રમી વાવેતર કર્યું છે, મંત્રીએ અંતમાં જણાવ્યું હતું કે, આ બજેટ કોઈ હવામાં બનાવેલો દસ્તાવેજ નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે સુવર્ણ ભવિષ્યનો લેખિત દસ્તાવેજ છે. તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતની સમગ્ર ટીમ ગુજરાતને આ સર્વગ્રાહી અંદાજપત્ર બદલ અભિનંદન પાઠવી પોતાનું સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું.

# રૈયા રોડ પરની મહિલાનો વ્યાજખોરના ત્રાસથી આપઘાત

## કોરોનામા દેવામાં ડૂબેલા પરિવારે મકાન વેચી દીધા બાદ વ્યાજખોરોનો અસહ્ય દુઃખ આપતા પરિણીતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલા શાંતિનગર ગેટ પાસે મહિલાએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. વ્યાજનું ચક્રવૃદ્ધિ દેણું અને પઠાણી ઉઘરાણીને કારણે મહિલાએ આ આ પગલું ભર્યું હોવાના આક્ષેપ સાથે પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રૈયા રોડ શાંતિનગર ગેટ પાસે આવેલા શ્યામલ અપાર્ટમેન્ટના પહેલા માળે રહેતા ક્રિષ્નાબેન અલ્પિતભાઈ ગોસાઈ (ઉં.વ. ૪૩) એ આજે સવારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવ સમયે તેમના પતિ અલ્પિતભાઈ ઘરે હાજર નહોતા. મોડે સુધી ઘરનો દરવાજો ન ખુલતા પાડોશીઓએ દરવાજો તોડી અંદર તપાસ કરતા ક્રિષ્નાબેન લટકતી હાલતમાં મળી આવ્યા હતા.



૧૦૮ ની ટીમે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ક્રિષ્નાબેનના પતિ અલ્પિતભાઈ ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવે છે. કોરોના કાળમાં આર્થિક ભીંસ વધતા પરિવાર પર દેણું થઈ ગયું હતું. અગાઉ દેણું ભરપાઈ કરવા માટે ક્રિષ્નાબેનના સાસુએ પોતાનું મકાન પણ વેચી દીધું હતું. ઘરના ગુજારાનમાં મદદરૂપ થવા માટે ક્રિષ્નાબેન રસોઈ કામ તેમજ વૃદ્ધોની માલિશનું કામ પણ કરતા હતા. મૃતકના પરિવારના જણાવ્યા અનુસાર, મકાન વેચ્યા બાદ પણ ફરીથી દેણું વધી ગયું હતું. વ્યાજખોરો વ્યાજની રકમ વસૂલવા માટે વારંવાર ઘરે આવીને ધમકીઓ આપતા હતા. વ્યાજખોરોની સતત પજવણી અને માનસિક ત્રાસ સહન ન થતા અંતે ક્રિષ્નાબેને મોતને વહાલું કર્યું હતું. બનાવની જાણ થતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે વ્યાજખોરોના નામ અને અન્ય વિગતો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

## વ્યાજ વસૂલવા વારંવાર ઘરે આવીને ધમકી, પજવણી અને માનસિક ત્રાસથી કંટાળી ક્રિષ્નાબેને અંતિમ પગલું ભર્યું, પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

# રાજ્યના છ સિનિયર આઈપીએસને લાંબી રાહ બાદ પોસ્ટિંગ અપાયું

## વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં રહેલા ચૈતન્ય મંડલીક, તરુણ દુગ્ગલ, આર ટી સુસરા, સુધા પાંડે, સુજાતા મજમુદાર અને મયુર પાટીલનો અટેચ ઓર્ડર કરાયો

**અબતક, રાજકોટ**

રાજ્યના છ સિનિયર આઈપીએસ અધિકારીઓને લાંબી રાહ બાદ અંતે અટેચ ઓર્ડર કરી પોસ્ટિંગ આપવામાં આવ્યું છે.

છેલ્લા લાંબા સમયથી નિમણૂકની પ્રતિક્ષામાં રહેલા રાજ્યના છ સિનિયર આઈપીએસ અધિકારીઓને અંતે અટેચ ઓર્ડર કરી પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. જેમાં ૨૦૧૧ બેચના આઈપીએસ અધિકારી તરુણ દુગ્ગલને સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેના ડીજીપી, ચૈતન્ય મંડલીકને પોલીસ સુધારણા વિભાગના એડીજીપી, આર ટી સુસરાને તકનીકી સેવાઓના એડીજીપી, સુધા પાંડે અને સુજાતા મજમુદારને તાલીમ વિભાગના એડીજીપી તરીકે નિમણુંક આપવામાં આવી છે જ્યારે ૨૦૧૪ કેડરના આઈપીએસ અધિકારી મયુર પાટીલને લો એન્ડ ઓર્ડરના વડા તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

(પહેલા પાનાનું ચાલું)

**પાક-અફઘાનિસ્તાન...**

સરહદમાં ઘૂસણખોરી કરીને ભારે તબાહી મચાવી છે. અફઘાન સેનાએ પાકિસ્તાનની ૧૯ જેટલી લશ્કરી ચોકીઓ પર પોતાનો કબજો જમાવી લીધો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. આ ભીષણ ઘર્ષણમાં ૫૫ જેટલા પાકિસ્તાની સૈનિકોના મોત થયા હોવાનો દાવો પણ તાલિબાન દ્વારા કરવામાં આવ્યો છે, જે પાકિસ્તાન માટે મોટો ફટકો માનવામાં આવે છે.

અફઘાનિસ્તાનના આ આક્રમક વલણ અને સતત થઈ રહેલા હુમલાઓમાં અંદાજે ૫૫ લોકોના મોત નિપજ્યા બાદ પાકિસ્તાન પણ એક્શનમાં આવ્યું છે. પાકિસ્તાને અફઘાનિસ્તાનને જવાબ આપવા માટે લશ્કરી કાર્યવાહી તેજ કરી છે અને 'ઓપરેશન ગઝબ લીલ હક' નામનું મોટું લશ્કરી અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે. આ ઓપરેશન હેઠળ પાકિસ્તાની સેના સરહદ પર આતંકવાદી અને તાલિબાની ઠેકાણાઓને નિશાન બનાવી રહી છે.

ઈસ્લામાબાદ દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, પાકિસ્તાની સેનાએ કરેલી જવાબી કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૧૩૩ જેટલા તાલિબાની લડવૈયાઓને ઠાર કરવામાં આવ્યા છે. પાકિસ્તાન લાંબા સમયથી એવો આક્ષેપ કરી રહ્યું છે કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ પાકિસ્તાન વિરોધી આતંકવાદી ગતિવિધિઓ માટે થઈ રહ્યો છે. તાજેતરમાં શરૂ કરાયેલું આ નવું લશ્કરી ઓપરેશન સરહદને સુરક્ષિત કરવા અને આવા તત્વોનો ખાતમો બોલાવવા માટે જ શરૂ કરાયું હોવાનું સેના જણાવી રહી છે.

બંને પાડોશી દેશો વચ્ચેની આ સામસામી અથડામણ અને ઉગ્ર નિવેદનબાજીને કારણે દક્ષિણ એશિયામાં અસ્થિરતા અને ભયનો નવો માહોલ ઊભો થયો છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન બંને એકબીજા પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે અને કોઈ પણ પક્ષ પાછળ હટવા તૈયાર નથી. આગામી દિવસોમાં જો આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા કોઈ સાર્થક હસ્તક્ષેપ કરવામાં નહીં આવે, તો આ લડાઈ વધુ ઉગ્ર રૂપ ધારણ કરી શકે છે અને સામાન્ય નાગરિકોની જાનમાલની મોટી ખુવારી થઈ શકે છે.

આ સૈન્ય અથડામણની શરૂઆત ત્યારે થઈ જ્યારે પાકિસ્તાને ૨૧ ફેબ્રુઆરીએ અફઘાનિસ્તાનની અંદર શંકાસ્પદ આતંકી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. પાકિસ્તાનનો દાવો હતો કે, તેની પાસે પાકા પુરાવા છે કે પ્રતિબંધિત સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન અને બલોચ બળવાખોરો પાકિસ્તાન પર હુમલા કરવા માટે અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ કરી રહ્યા છે.

**ભારત - ઈઝરાયેલ...**

આ મુલાકાત દરમિયાન ક્રિટિકલ અને ઈમર્જિંગ ટેકનોલોજી માટે નવી એનએસએ-આધારિત ભાગીદારીની જાહેરાત કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ટેકનોલોજી એ ભારત-ઈઝરાયેલની ભવિષ્યની ભાગીદારીના કેન્દ્રમાં છે, જેનાથી સંયુક્ત વિકાસ અને સંરક્ષણ ઉત્પાદનને નવી દિશા મળશે.

પ્રાદેશિક કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટે પણ બંને પક્ષોએ સહમતિ દર્શાવી છે. ભારત-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર અને ઈન્ડિયા-ઈઝરાયેલ-યુએઈ-યુએસએ પ્રોજેક્ટ્સને નવી ગતિ સાથે આગળ વધારવા પર સંમતિ સધાઈ હતી. આ ઉપરાંત, બંને દેશોએ એક સમાન પડકાર સમાન આતંકવાદ સામે લડવાના સામૂહિક સંકલ્પને પણ પુનરાવર્તિત કર્યો હતો.

રાજકીય સ્તરે પણ સંબંધો વધુ ગાઢ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. નરેન્દ્ર મોદીએ ઈઝરાયેલની સંસદ 'કનેસેટ'ને પણ સંબોધિત કરી હતી અને બંને દેશોની લોકશાહી વચ્ચે સંસદીય આદાન-પ્રદાન વધારવા અપીલ કરી હતી. ભારતમાં લોકસભાના સ્પીકર ઓમ બિરલા દ્વારા જાહેર કરાયેલા ૬૪ દ્વિપક્ષીય સંસદીય મૈત્રી જૂથોમાં ઈઝરાયેલ સાથેના જૂથનો પણ સમાવેશ થાય છે, જે આ દિશામાં બંને દેશોની સંસદને નજીક લાવવાનું કામ કરશે.

**વિઝા અને ખર્ચ...**

દર્શાવે છે કે નોર્થ અમેરિકા (ખાસ કરીને યુ.એસ. અને કેનેડા) હવે વિદ્યાર્થીઓની પહેલી પસંદગી રહ્યું નથી. તેની જગ્યાએ એશિયા અને યુરોપના દેશો તરફ વિદ્યાર્થીઓનો ઝુકાવ વધી રહ્યો છે. વર્ષ ૨૦૧૯ માં ૫૭% આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરવા માંગતા હતા, જે ૨૦૨૫ માં ઘટીને માત્ર ૪૨% થઈ ગયા છે.આ ઉપરાંત, બ્રિટન અને ઓસ્ટ્રેલિયામાં પણ સરકારી નિયંત્રણો અને નીતિઓમાં ફેરફારને કારણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. આ સમગ્ર પરિસ્થિતિ દર્શાવે છે કે આગામી સમયમાં વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના રેન્કિંગ કરતા વિઝાની સરળતા, અભ્યાસ બાદ કામ કરવાની તકો અને આર્થિક અનુકૂળતાને જ પ્રાધાન્ય આપશે.

**ટ્રાફિકના નિયમો...**

બનાવટમાં સુરક્ષાના ધોરણો કડક કરવામાં આવશે જેથી ખામીયુક્ત ડિઝાઈનને કારણે અકસ્માત ન થાય. ભારતમાં દર વર્ષે ૫ લાખ અકસ્માતો થાય છે અને ૧.૮ લાખ લોકો જીવ ગુમાવે છે. આ સિસ્ટમ આવવાથી લોકો ટ્રાફિક નિયમો પ્રત્યે વધુ ગંભીર બનશે. આ ડ્રાઈવિંગ લાયસન્સની આખી પ્રક્રિયામાં આવનારો ક્રાંતિકારી ફેરફાર છે, જેની સીધી અસર દરેક વાહન ચાલક પર પડશે.

(ત્રીજા પાનાનું ચાલું)

**જિલ્લા પંચાયત...**

ખાસ સામાન્ય સભામાં રાજકોટ જીલ્લાના કુલ ૧૧ તાલુકામાંથી પાણી વેરો પ્રોત્સાહક યોજના અન્વયે મંજુરી થયેલ કુલ ૬૨ ગામની પસંદગી થયેલ છે તેમના સરપંચને એવોર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજકોટ જિલ્લા પંચાયતનું સનેઃ ૨૦૨૫-૨૬ના વર્ષનું સુધારેલ તેમજ સનેઃ ૨૦૨૬-૨૭ના વર્ષનું અંદાજપત્રને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતું.

ગ્રામ્ય પ્રજા ઉપર કોઈપણ જાતના નવા કરવેરા નાખવામાં આવેલ નથી.

રાજકોટ જિલ્લા પંચાયતનું ૨૦૨૧-૨૭નું અંદાજપત્રમાં કુલ ૧૧૯૩,૧૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જે પૈકી સ્વભંડોળમા રૂ. ૨૧,૦૦ કરોડની, રાજય સરકાર તરફથી મળતા અનુદાનમાં રૂ. ૧૧૪૪.૧૩ કરોડની અને દેવા વિભાગનું રૂ. ૨૩,૫૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ વર્ષના અંદાજપત્રમાં પ્રાકૃતિક ખેતીના સંવર્ધન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ અંતર્ગત, પ્રત્યેક તાલુકા દીઠ એક વેચાણ કેન્દ્રની સ્થાપના માટેની જોગવાઈ કરવામાં આવી છે. તદ્ઉપરાંત, જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિત પ્રાચીન સ્મારકો તથા સ્થાપત્યોના સંરક્ષણ, મરામત અને નવીનીકરણ હેતુ પણ અંદાજપત્રમાં વિશેષ ફાળવણી કરવામાં આવી છે. સને ૨૦૨૬-૨૭નાં અંદાજપત્રમાં સ્વભંડોળમાં વિવિધ ક્ષેત્રમાં કરવામાં આવેલ વિશિષ્ટ જોગવાઈ કરાય છે.

જેમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના અભિયાનના ભાગ રૂપે જિલ્લા તથા તાલુકા કક્ષાએ વેચાણ કેન્દ્રો બનાવવા માટે ૬૦ લાખની વિકાસનાં કામો માટે સદસ્ય દીઠ ૩૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. સામાજિક ન્યાય નિધિમાં તબદીલ કરવાની રકમ ૭૦ લાખની જોગવાઈ કરવામા આવે છે.

જિલ્લા પંચાયત રાજકોટ હેઠળનાં વિસ્તારમાં રહેતા દેશની સુરક્ષા માટે ફરજ બજાવતા શહિદ થયેલા સૈનિકના પરીવારને સહાય ચુકવવા પરિવાર દીઠ રૂ. ૧ લાખમાંથી વધારીને રૂ.૨ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

વિચરતી વિમુક્તિ જાતિની દીકરી માટે ૨૦લાખની શિક્ષણ સહાયની જોગવાઈ પ્રાથમિક શાળામાં વિજ્ઞાન મેળો તેમજ આધુનિક ટેકનોલોજી અને રોબોટિક્સ માટે પ્રશિક્ષણ અને વિજ્ઞાન જાગૃતિ માટે ૭ લાખની જોગવાઈ,

રાજકોટ જિલ્લાને કુપોષણ મુક્ત કરવાના અભિયાનના ભાગરૂપે આઈસીડીએસ વિભાગમાં કુપોષિત બાળકોને પોષણક્ષમ અને પ્રોટીનયુક્ત આહાર પુરો પાડવા માટે ૧૦ લાખની જોગવાઈ કરવામા આવે છે.

સેલ કાઉન્ટર,ગ્લુકોમીટર, આરોગ્યલક્ષી સાધન સામગ્રી, સજીર્કલ સાધનો અને રીએજંન્ટ /નેત્રયજ્ઞ, સજીર્કલ કેમ્પ, ડાયાબીટીસ, લોહી ની તપાસ માટેનાં જરૂરી સ્થાયી પ્રકારના સાધન સામગ્રી અને ફોગીંગ મશીનની ખરીદી તથા અન્ય આરોગ્ય લક્ષી પ્રવૃતિ માટે ૧૮ લાખની જોગવાઈ કરવામા આવી છે.

આંગણવાડીમાં જરૂરી આંતર માળખાકીય સુવિધાઓ તેમજ બ્યુટીફિકેશન માટે ૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

શ્રેષ્ઠ ગ્રામ પંચાયત પસંદગી સ્પર્ધા માટે ૨૨ લાખ તથા ઉતમ તાલુકા પંચાયત પ્રોત્સાહન યોજના માટે ૫ લાખની જોગવાઈ કરવામા આવે છે.,

સ્વભંડોળ સંચાલિત પશુદવાખાના નાં પેટા કેન્દ્રોનાં મકાનોની સ્થાયી પ્રકારના મરામત અને બ્યુટીફીકેશન/મોર્ડનાઈઝેશન ના ખર્ચ માટે ૧૦ લાખની જોગવાઈ કરવામા આવે છે,

તળાવો અને બંધારાની નહેરો અને તેના દેખરેખના કામો માટે ૪૦ લાખની જોગવાઈ કરવામા આવી છે..

વરસાદી પાણીના સંગ્રહ માટેના ગ્રામ્ય કક્ષા ના કામો માટે ૩૫ લાખની જોગવાઈ કરવામા આવે છે.

પુર સંરક્ષણ દિવાલો અને પાળાના મરામતના કામો માટે ૧૦ લાખની જોગવાઈ કરવામા આવે છે.

**સૌરવ યાદવ...**

ઓર્ગેનિક કલર જ પસંદ કરીએ છીએ કેમ કે કેમિકલ વાળા કલર થી એલર્જી થાય છે, ચામડી ખરાબ થાય છે, ખૂબ જ ખંજવાળ આવે છે અને બળતરા પણ થતી હોય છે અને એમાં પણ જો તડકો હોય તો એ વધુ નુકસાન કરે છે અમુક લોકો વાળમાં પણ કલર નાખતા હોય છે જે પણ નુકસાન કરે છે કેરોટિન લેયર વાળને ખૂબ જ નુકસાન કરે છે જેથી ઉપરનું પળ ડેમેજ થાય છે તેથી વાળ ખરવાની સમસ્યાઓ પણ થતી હોય છે. આ ઉપરાંત કલર કાઢવા માટે ખૂબ કાળજી સાથે પાણીથી સાફ કરવું જોઈએ અને ઘસવું નહીં જેથી ચામડી માં બળતરા ન થાય અને સાબુ પણ બિલકુલ સોફ્ટ વાપરવો જોઈએ અને સાફ કરી અને મોસ્ચ્યુરાઈઝર

**મુખ્યમંત્રી...**

ભગવાનના શરણમાં આવીએ છીએ, ત્યારે જનસેવા કરવા માટેની એક નવી શક્તિ અને ચેતનાનો સંચાર થાય છે. પચ્છેગામમાં નવનિર્મિત આ મુરલીધરજીનું મંદિર માત્ર એક સ્થાપત્ય નથી, પરંતુ આવનારી પેઢીઓ માટે સંસ્કારોનું અખંડ ધામ બની રહેશે.''

મુખ્યમંત્રીએ ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના મુખેથી વહેતી શ્રીમદ ભાગવત કથાનું શ્રવણ કરી અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભાઈશ્રીના શબ્દોમાં સમાજ સુધારણા અને માનવતાનો જે સંદેશ વહે છે તે પ્રેરણાદાયી છે. આ પ્રસંગે તેમણે લાલબાપુના ચરણસ્પર્શ કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને રાજ્યના પ્રત્યેક નાગરિકના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ કાયમ રહે તેવી મનોકામના કરી હતી.

ભક્તિ અને શક્તિનો સંગમ

૫૫૧ કુંડી મહાવિષ્ણુ યજ્ઞની પવિત્ર આહુતિઓ અને શ્લોકોચ્ચારથી ગુંજી ઉઠેલા પચ્છેગામમાં મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષએ યજ્ઞશાળાના પણ દર્શન કર્યા હતા. પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ પણ આ પ્રસંગે શ્રદ્ધાળુઓને અભિનંદન પાઠવ્યા હતા અને પચ્છેગામના આ નવનિર્મિત મંદિરને આસ્થાનું પ્રતીક ગણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાધુ-સંતો, રાજકીય અગ્રણીઓ અને હજારોની સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા, જેના કારણે વલ્લભીપુર પંથક 'મુરલીધર'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

(ચોથા પાનાનું ચાલુ)

**એચ.એન.શુક્લ ગ્રુપ ઓફ કોલેજીસ...**

પ્રતિભાશાળી ગાયિકા, તેમના શક્તિશાળી ગાયન માટે જાણીતી. તેમના ભાવપૂર્ણ અવાજ અને પ્રદર્શને ન્યાયાધીશો અને પ્રેક્ષકોને પ્રભાવિત કર્યા, તેમની ઓળખ બનાવી અને તેમને સમગ્ર ભારતમાં વ્યાપક ચાહકોનો આધાર બનાવવામાં મદદ કરી.

આ આયોજનને સફળ બનાવવા માટે શ્રી એચ. એન. શુક્લ ગ્રુપ ઓફ કોલેજીસના પ્રેસિડેન્ટ ડો.નેહલભાઈ શુક્લ, મેનેજીંગ ટ્રસ્ટી ડો.મેહુલભાઈ રૂપાણી, ટ્રસ્ટી પિયુષભાઈ વાઘર તથા કેમ્પસ ડાયરેક્ટર સંજયભાઈ વાઘરના માર્ગદર્શન હેઠળ તમામ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

**જન કલ્યાણ ટ્રસ્ટ...**

અંતિમપળોમાં પણ ચક્ષુ દાન થઈ શક્યા છે.

સમાજમાં જાગૃતિ ફેલાય તે માટે ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૫૮૦ - ચક્ષુદાતા ૫૬ દેહ દાતા ૨૦ સ્કીન ડોનેશન કરેલ આ તમામ પરિવારના સ્વજનોને પ્રોત્સાહિત કરવા અને ઋણ સ્વીકાર કરવા માટે ચાર અત્યાર સુધીસત્કાર સમારંભ આયોજન થઈ ગયેલ છે. જેમાં ચક્ષુદાન સ્વીકારનાર વ્યક્તિબી પણ હાજર રહેતા તેની નોંધ રાજ્યભરના અબબારોએ લીધી હતી. આ વર્ષે પણ સંસ્થા દ્વારા ૦૧-૩-૨૬, ને રવિવારના રોજ સવારે ૯થી ૧૨દરમિયાન સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ ખાતે ૧૮૧ થી ૭૫૦ ચક્ષુ દાતા અને ૫૦ થી ૬૧ દેહદાતાઓ અને ૨૧ થી ૩૮ સ્કીન ડોનેશન કરનાર પરિવારજનોને સન્માનિત કરી તેમનો ઋણ સ્વીકાર કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

દાતાઓના પરિવારજનોને સ્વર્ગસ્થના ફોટા, નામ, સ્વર્ગવાસ તારીખ સાથેના શીલ્ક પણ અર્પણ કરવામાં આવશે

ટ્રસ્ટના ચેરમેન અને આકાશવાણી ના નિવૃત્ત અધિકારી ઉમેશ મહેતા, પોતાનો પૂર્ણ શમય સામાજિક પ્રવૃત્તિઓમાં ફાળવે છેઅને અથાક મહેનત કરી રહ્યા છે. તેમના માધ્યમથીએક જ દિવસમાં ત્રણ ચક્ષુદાન એમ ૧૩ વખત થયેલ છે. આ વર્ષે જાન્યુઆરી મહિનામાં ૧૯ જેટલા ચલુદાન થયેલ છે, જેમાં ૮ દિવસમાં પાંચ ચક્ષુદાન થયેલ છે જેવું આઠ વર્ષમા પ્રથમ વખત બનેલ છેસંસ્થાદ્વારા અત્યાર સુધીમાં ૫૩ રક્તદાન કેમ્પ દ્વારા ૨૧૨૪ - બોટલ, રક્ત એકત્ર કરેલ છે જન કલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ ના તારીખ ૧ માર્ચના રવિવારેરોજ યોજાનારા દાતા ઋણ સ્વીકાર કાર્યક્રમ માં ચક્ષુદાન મેળવી જીવનમાં નવી રોશની પ્રાપ્ત કરનાર લોકો પોતાના જીવનના અનુભવો કહેશે આ કાર્યક્રમમાંસંતો મહંતો અને સામાજિક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે આ અંગેની વધુ વિગત માટે ઉમેશભાઈ મહેતા ૯૪૨૮૫ ૦ ૬૦ ૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

**કવિ નર્મદની પુણ્યતિથિ...**

સાહિત્યકારો કવિ લેખકોએ એકથી એક ચડિયાતી કૃતિઓ રજૂ કરીને જાણે કે કવિ નર્મદ યુગને સજીવન કર્યો હતો

કવિ નર્મદ ની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં યોજાયો હતો જેનું દીપ પ્રાગટ્ય કરીને સાહિત્ય પ્રેમી ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવ ઉદઘાટન કર્યું હતું

કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના સંયોજક જનાર્દન આચાર્યએ સ્વાગત અને મહેમાનોનો પરિચય આપ્યો હતો કવિ નર્મદ ની તસ્વીરને પુષ્પાંજલિ શહેરના સાહિત્યકાર ભાસ્કર ભટ્ટ હર્ષદ દવે નટવર આહલપરા ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને નિમિતાબેન વોરાએ કરી હતી. લીમડી કોલેજમાં પ્રધ્યાપક તરીકે ફરજ બજાવતા ડોક્ટર દલપત ચાવડાએ કવિ નર્મદને શ્રદ્ધાંજલિ આપતા ગુજરાતી સાહિત્યના મોટા ગજાના કવિ તેમજ સાહિત્ય સર્જન સાથે સમાજમાં પ્રવૃત્તિ અંધશ્રદ્ધા કુરિવાજો વહેમ સામે બંડપોકારનાર જય જય ગરવી ગુજરાત સાહિત્યની અમૂલ્ય રચનાઓ આપનાર જેમનો જન્મદિવસ વિશ્વ ગુજરાતી દિવસ તરીકે ઉજવાય છે તેવા બ્રિટિશ શાસનકાળમાં સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર મહાન કવિને પોતાને શબ્દો દ્વારા શ્રદ્ધાંજલિ આપી હતી પ્રકાશ હાથીએ કવિ નર્મદની લોકપ્રિય રચનાઓ જય જય ગરવી ગુજરાત યાહમ કરીને પળો ફતેહ આગે સહિતની રચનાઓ નું ભાવવાહી પઠન કર્યું હતું અને વાતાવરણમાં દેશ પ્રેમ જગાવ્યો હતો

લોકસાહિત્યકાર શાંતિભાઈ રાણીકા કૌશિક સિંધવ આરતી જોશી રાજુભાઈ ધ્રુવ રાજુલ દવે સન્માનમાં જોડાયા હતા કાર્યક્રમમાં કવિ રમેશ પાંચાની અંબાલાલ ખાનપરા રાજેશ ભાતેલિયા હંસાબેન ભટ્ટ નર્મદ પ્રેમી ઉપસ્થિત રહ્યા હતા કાર્યકરનું સફળતાપૂર્વક સંચાલન અનુપમ દોસ્તીએ અંતમાં આભાર વિધિ મેસેજ ભાઈ વોરાએ અને કાર્યક્રમ સફળતા માટે ઉપમન્યુ રાવલ હસુભાઈ શાહ દિનેશભાઈ ગોવા ની અને મહેશભાઈ વ્યાસ ની જહેમત રંગ લાવી હતી.

(૧૧માં પાનાનું ચાલુ)

**સાળંગપુર હનુમાનજી**

રંગોત્સવમાં રાજ્યના લાખો ભક્તો આવશે. મુખ્ય મંદિર પરિસરને ભવ્ય રીતે રંગબેરંગી કાપડનું ડેકોરેશન કરવામાં આવ્યું છે. રંગોત્સવના આકર્ષણ :- '' હોળી-ધૂળેટીના દિવસે દાદાને પંચરંગી વાઘા-રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવશે. '' મંગળા આરતી ૫:૩૦ કલાકે અને શણગાર આરતી સવારે ૭:૦૦ કલાકે કરવામાં આવશે. '' સવારે ૭:૩૦થી ૧૧:૦૦ કલાક દરમિયાન મંદિરના પરિસરમાં જેમાં શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી અને કોઠારી વિવેકસાગર સ્વામી સહિતના સંતો અને ભક્તો એકસાથે દાદાના રંગે રંગાશે.. '' ૭ પ્રકારના ૫૧ હજાર કિલો ઓર્ગેનિક રંગો દાદાને અર્પણ કરાશે. '' મંદિર પરિસરમાં ૭૦થી ૮૦ ફૂટ ઊંચા કલરના ૫૦૦ બ્લાસ્ટ કરાશે, તો કલરને એર પ્રેશર મશીન દ્વારા ભક્તો પર ઉડાશે. '' આ હોળીને વધારે મનોરંજક બનાવવા માટે ઢોલીઓ નાસિક ઢોલના તાલે ધૂમ મચાવી અને ભક્તો હોળી રમ્યા બાદ રાસની રમઝટ બોલાવી- સંતોના સાનિધ્યમાં ભવ્ય રંગોત્સવ ઉજવાશે. '' દાદા સમક્ષ વિવિધ રંગ, પિચકારી પણ મૂકવામાં આવશે. ૧૦૦ રિબિન બ્લાસ્ટ અને રંગીન ફાયરવર્ક્સ કરવામાં આવશે. ૧૦૦૦૦ ફુગ્ગા છોડવામાં આવશે. * દેશના અનેક ભક્તો રંગોત્સવમાં ભાગ લેવા આવશે. '' દાદાના આ ભવ્ય રંગોત્સવમાં પૂજ્ય સ્વામીજીના માર્ગદર્શન હેઠળ કલરને એર પ્રેશર મશીનથી ભક્તો ઉપર ઉડાડવામાં આવશે. '' હોળી (પૂર્ણિમા) ના પરમ પવિત્ર અવસર પર કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને દિવ્ય રંગોના શણગાર અને મુખ્ય મંદિરને ફુલોથી પરિસરને કલરફુલ કાપડથી ડેકોરેશન કરવામાં આવ્યુ છે.

**મહાપાલિકા**

માટે લોન બનાવવામાં આવશે, વોટરબોડી અને ઈકો ફ્રેન્ડલી ફીચર્સમાં નાનકડા તળાવ, ફુવારાઓ, હરિત વિસ્તારો માટે ટપક સિંચાઈ, વરસાદી પાણીના સંગ્રહ માટેની સિસ્ટમ વગેરે વિકસિત કરવામાં આવશે, પબ્લિક એમેનિટીસ અને યુનિવર્સલ એક્સેસેબિલિટીમાં પીવાના પાણીની સુવિધા, સ્વચ્છ જાહેર શૌચાલયો, બેસવા માટે બેન્ચીસ અને ગઝેબો તેમજ દીવ્યાંગો માટે સુવિધાજનક રસ્તાઓનો બનાવાવમાં આવશે, જ્યારે સ્માર્ટ પાર્ક ફીચર્સમાં ગાર્ડનને સૌર ઊર્જાથી સંચાલિત કરવા, વાઈ-ફાઈની સુવિધા, સેન્સર આધારિત લાઈટિંગ સિસ્ટમ, ડિજિટલ ઈન્ફોર્મેશન સાઈનેજિસ વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

આવા થીમ આધારિત નમો ગૌરવ પાર્કનું નિર્માણ રાજ્ય સરકાર દ્વારા થયેલા વ્યૂહાત્મક શહેરી રોકાણોને પ્રદર્શિત કરે છે, જે શહેરી જીવનના પર્યાવરણીય, મનોરંજન અને સામાજિક-સાંસ્કૃતિક પરિમાણોને મજબૂત બનાવે છે. આ પહેલ રાજ્યના સમાવિષ્ટ, પ્રજાલક્ષી અને આબોહવા-સ્થિતિસ્થાપક શહેરી વિકાસના વિઝનને ટેકો આપે છે, અને સાથે જ મહાનગરપાલિકા વિસ્તારોમાં 'ઈઝ ઑફ લિવિંગ' માં વધારો કરે છે.

**સી.એચ.પટેલ**

ગાથાને બંને ઉમેદવારો ચૂંટાઈને આવે અને અધૂરા કામો પૂરા કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ બંને ઉમેદવારોને વિજેતા બનવા શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલીયા, ભાજપ લીગલ સેલ કારોબારી સભ્ય કિશોરભાઈ સખીયા, રાજકોટ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા, શહેર યુવા ભાજપ પ્રમુખ કિશનભાઈ ટીલવા, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, કોર્પોરેટર નેહલભાઈ શુક્લ, ભાજપ લીગલ સેલના પૂર્વ સંયોજક અંશભાઈ ભારદ્વાજ, સિનિયર વકીલ ગિરીશભાઈ ભટ્ટ, મહર્ષિભાઈ પંડ્યા, પ્રવીણભાઈ કોટેચા, મધુભાઈ ખંધાર, જે. ટી. ફળદુ, એ. જી. મોદન, એન. જે. પટેલ,જી. એલ. રામાણી, જે. એફ. રાણા, પરેશભાઈ ઠાકર, ડી.જી.પી. એસ. કે. વોરા, એ. પી. પી. મુકેશભાઈ પીપળીયા, તરુણભાઈ માથુર, રક્ષિત કલોલા, આબિદભાઈ સોસન, અનિલભાઈ ગોગીયા, કમલેશ ડોડીયા, ક્રિમીનલ બારના પ્રમુખ એન. ડી. ચાવડા, મહિલા બારના સભ્યો, રેવન્યુ બારના પ્રમુખ રમેશભાઈ કથીરિયા , રેવન્યુ પ્રેક્ટીશનર એસો. ના પ્રમુખ એન. જે. પટેલ, કલેઈમ બારના પ્રમુખ મનીષભાઈ ખખ્ખર, કન્ઝ્યુમર બાર એસો. પ્રમુખ ગજેન્દ્રભાઈ જાની, ભગીરથસિંહ ડોડીયા, ઈન્દ્રસિંહ ઝાલા, જુનિયર બાર એસો.ના કે.બી. જાડેજા, લેબર બારના પ્રમુખ સુનીલભાઈ વાઢેર, જી. એસ. ટી. બારના પ્રમુખ મનીષભાઈ સોજીત્રા, ઈન્કમટેક્સ બારના પ્રમુખ રણજીતભાઈ લાલચંદાણી સહિતના તમામ બાર એસો.ના, સંગઠનોના હોદ્દેદાર, વકીલ સંજયભાઈ વ્યાસ, નરેન્દ્રભાઈ બુસા, અર્જુનભાઈ પટેલ, રંજનબા રાણા, અલ્કાબેન પંડ્યા, ચેતનાબેન કાછડિયા, અજયભાઈ જોશી, અશ્વિનભાઈ ગોસાઈ, નિતેશભાઈ કથીરિયા, જીતુભાઈ પારેખ, હેમાંશુભાઈ પારેખ, હર્શિલ શાહ, પારસભાઈ શેઠ, મોહિત ઠાકર, નિવિદ પારેખ, મિલન જોષી, અશ્વિનભાઈ મહાલીયા, જીગ્નેશ સભાડ, અભિષેક શુક્લ, રાહુલભાઈ મકવાણા, જયપાલસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.સમરસ પેનલના કાર્યાલયના ઉદઘાટનમાં હાજર રહેવા બદલ તમામનો અનિલભાઈ દેસાઈ, કિશોરભાઈ કિશોરભાઈ સખીયા, પિયુષભાઈ શાહ, કમલેશભાઈ ડોડીયાનો આભાર વ્યકત કર્યો હતો.

**૪૨૮૨૬ બોટલ શરાબનો નાશ**

રૂ. ૧૬,૯૩,૮૬૭ ની કિંમતની ૫૨૧૨ બોટલ અને ક્રાઈમ બ્રાન્ચ કબ્જે ૪૪ કેસો કરી રૂ. ૧,૦૭,૨૨,૩૮૪ ની કિંમતની ૨૭,૬૦૯ બોટલ એમ મળી કુલ રૂ. ૧,૫૬,૫૫,૯૮૩ ની કિંમતની ૪૨,૮૨૬ દારૂ- બિયરની બોટલો પર બુલડોઝર ફેરવી દઈ નાશ કરવામાં આવ્યો હતો. ખરાબાના મેદાનમાં પથરાયેલી શરાબની બોટલો અને તેની પર બુલડોઝર ફરતા પ્યાસીઓના મોઢામાંથી રીતસરની મધલાળ ટપકી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી...**

તકો ઉપલબ્ધ બનશે. માઈક્રોન ટીમ દ્વારા જણાવ્યા અનુસાર અહીં દિવ્યાંગ નાગરિકો પણ ઓપરેટર અને ટેક્નિશિયન તરીકે કામ કરે છે અને કૌશલ્યથી સજ્જ તમામ પ્રકારના નાગરિકો માટે નોકરીની તકો ઉપલબ્ધ છે.

માઈક્રોન ટેકનોલોજીના પ્રમુખ અને સીઈઓ, સંજય મેહરોત્રાએ જણાવ્યું હતું કે આજની ટેકનોલોજીમાં, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં, મેમરી અને સ્ટોરેજ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું કે મજબૂત મેમરી અને સ્ટોરેજ સપોર્ટ વિના એઆઈ પ્રણાલીઓ યોગ્ય રીતે કાર્ય કરી શકતી નથી. જેમ જેમ અંઈ વધુ ઝડપી અને રિઅલ-ટાઈમ પ્રતિભાવો આપવાનું શરૂ કરે છે, તેમ તેને વધારે અને વધુ અદ્યતન મેમરીની જરૂરિયાત પડે છે.

એટીએમપી પ્લાન્ટની કામગીરી વેફર ચીપ્સથી શરૂ થાય છે. સૌથી પહેલા આપણે એ સમજીએ કે એટીએમપી સુવિધા સુધી પહોંચ્યા પહેલા આ ચીપ્સ કેવી રીતે બને છે. સેમિકન્ડક્ટર ચીપ બનાવવાની પ્રક્રિયા રેતીથી શરૂ થાય છે. સૌથી પહેલા રેતીમાંથી પ્યોર સિલિકોનને અલગ કરવામાં આવે છે. આ સિલિકોનને ઓગાળીને તેનું સિલિન્ડર બનાવવામાં આવે છે જેને ઈનગોટ કહેવામાં આવે છે. આ સિલિન્ડરને કાપીને તેમાંથી બારીક પ્લેટ્સ બનાવવામાં આવે છે, જેને વેફર્સ કહેવાય છે. ત્યારબાદ ફેબ્રિકેશન પ્લાન્ટમાં આ વેફર્સ પર ઈલેક્ટ્રિક પેટર્ન પ્રિન્ટ કરવામાં આવે છે અને ઘણા આવરણો (લેયર્સ) તેના પર ચડાવવામાં આવે છે. આ આવરણોને ફોટોલિથોગ્રાફી દ્વારા યોગ્ય રીતે ગોઠવવાથી વેફર્સ પર ટ્રાન્ઝિસ્ટર્સ બને છે. તેના દ્વારા વેફર્સ પર મેમરી બને છે અને આ વેફર્સમાં મેમરી ચીપ ગોઠવાઈ જાય છે. ત્યારબાદ વેફર્સના નાના ચોરસ ટુકડા કરવામાં આવે છે જેને ચીપ કહેવાય છે.

આ ચીપ ત્યારબાદ એટીએમપી પ્લાન્ટમાં પહોંચે છે. અહીં પહેલા તેની એસેમ્બલી કરવામાં આવે છે.ત્યારબાદ ટેસ્ટિંગના તબક્કામાં તેની સ્પીડ, મેમરી અને કામગીરીનું સંપૂર્ણ ટેસ્ટિંગ કરવામાં આવે છે. ત્યારબાદ તેનું વિગતવાર માર્કિંગ કરીને છેલ્લે પેકેજિંગ કરવામાં આવે છે, જેથી એ માર્કેટમાં પહોંચી શકે. સાણંદ પ્લાન્ટમાં સમગ્ર વિશ્વભરના માર્કેટને અનુરૂપ ઈન્ટિગ્રેટેડ સર્કિટ પેકેજ, મોડ્યુલ અને સોલિડ સ્ટેટ ડ્રાઈવ્સનું નિર્માણ કરવામાં આવશે. તેના માટે માઈક્રોનની વૈશ્વિક ફેક્ટરીઓમાં નિર્મિત અદ્યતન ડીઆરએએમ અને એનએએનડી વેફર્સ મેળવીને તેમને ફાઈનલ મેમરી ઉત્પાદનોમાં પરિવર્તિત કરવામાં આવશે. આ ઉત્પાદનો એઆઈ ક્ષેત્રમાં મેમરી અને સ્ટોરેજની વધી રહેલી માંગને પૂરી પાડવામાં મદદરૂપ બનશે.

**દ્વારકા...**

ઉત્સવના તહેવારોને અનુલક્ષીને ૩૦ માર્ચ મંગળા આરતી સવારે ૬ કલાકે, શ્રીજીની અભિષેક પૂજા (દર્શન બંધ) સવારે ૮ થી ૯ સુધી, શૃંગાર આરતી સવારે ૧૦:૪૫ કલાકે તેમજ બપોરે ૧ વાગ્યે અનોસર (મંદિર બંધ) થશે. બપોરે ૨ કલાકે ફુલડોલ ઉત્સવ આરતી અને ૨ થી ૩ સુધી ફુલડોલ ઉત્સવ ઉજવાશે. બપોરે ૩ થી ૫ સુધી મંદિર બંધ રહયા બાદ સાંજે ૫ કલાકે શ્રીજીના ઉત્થાપન દર્શન થશે તેમજ સાંજનો અન્ય ક્રમ નિત્યક્રમ અનુસાર યોજાશે.

**પીજીવીસીએલ...**

ડ્રાઈવમાં માત્ર સામાન્ય ગ્રાહકો જ નહીં, પરંતુ બાકી લેણાં ધરાવતી વિવિધ નગરપાલિકાઓ પાસેથી પણ કડક ઉઘરાણી કરવામાં આવી હતી. તંત્રને નગરપાલિકાઓ પાસેથી રૂ. ૨૭ કરોડ ૨૬ લાખ જેવી મોટી રકમ વસૂલ કરવામાં સફળતા મળી છે. એલ.ટી. કેટેગરીના ગ્રાહકો પાસેથી કુલ રૂ. ૫૯.૬૮ કરોડનું કલેક્શન આવ્યું છે, જેમાં ગ્રાહકોએ ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ઓનલાઈન પેમેન્ટનો પણ મોટો સહારો લીધો હતો.

પીજીવીસીએલ ના ઉચ્ચ અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે, આગામી દિવસોમાં પણ બાકી લેણાં મુદ્દે આ ઝુંબેશ વધુ કડક બનાવવામાં આવશે અને ડિફોલ્ટરો સામે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં.

## જાણીતા એડવોકેટ કે.સી. વ્યાસનું સાંજે બેસણું



**રાજકોટઃ** ઔદીચ્ય ગઢિયા બ્રહ્મસમાજના અગ્રણી કૌશિકભાઈ ચંદ્રકાન્તભાઈ વ્યાસ (એડવોકેટ ) તે સ્વ. ચંદ્રકાન્તભાઈ ચંપકલાલ વ્યાસ (એડવોકેટ ), શોભાબેન વ્યાસના પુત્ર અને તેજલબેન વ્યાસના પતિ, પ્રણવ વ્યાસ (એડવોકેટ ) ના પિતા, નયનાબેન રજનીકાંત પંડ્યા (લંડન), આરતીબેન નિરંજનભાઈ પંડ્યા (રાજકોટ), પ્રવીણભાઈ ચંદ્રકાન્તભાઈ વ્યાસ (પી સી વ્યાસ ,એડવોકેટે) ,જયશ્રીબેન દિપકભાઈ ત્રિવેદી, (અમદાવાદ)ના ભાઈ,દીપ વ્યાસ (એડવોકેટ) ના કાકા, સ્વ.ઈંદ્રવદનભાઈ વ્યાસ અને કુસુમબેન ઈન્દ્રવદન વ્યાસ ના જમાઈ, સચિન વ્યાસના બનેવીનું આજરોજ અવસાન થયું છે. સદગતની પ્રાર્થના સભા અને બેસણું તારીખ ૨૭ ને શુક્રવારે સાંજે ચાર થી છ કલાકે રાષ્ટ્રીય શાળા રાજકોટ ખાતે રાખેલ છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** વિનોદરાય જીવરાજભાઈ ભીંડોરા (ઉ.વ.૯૧) તે સ્વ. જીવરાજભાઈ ખેતશીભાઈ ભીંડોરા બામણબોર વાળાના પુત્ર, સ્વ. કિશોરભાઈ, સ્વ. કીરીટભાઈના મોટાભાઈ, હરેશભાઈ, કૌશિકભાઈ, વર્ષાબેન, સ્વ. નીતાબેનના પિતા, પ્રવીણભાઈ સોમૈયાના સસરા, સ્વ. રૂગનાથભાઈ વલ્લભભાઈ માણેક વાંકાનેરના જમાઈનું તા. ૨૬ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. તેમનુ ઉઠમણું તા. ૨૭ ને શુક્રવારે સાંજે ૫ કલાક દરમિયાન શ્રી જાગનાથ મહાદેવ મંદિર, ડો. યાજ્ઞીક રોડ રાજકોટ મુકામે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. ભગવાનજીભાઈ મોહનલાલ પુજારાના પત્ની પ્રભાબેન પુજારા (ઉ.વ.૯૩) તે સ્વ. વસંતભાઈ, સ્વ. કાંતિલાલ, અરુણભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ પુજારા, સ્વ. ચંદ્રિકાબેન બાવચંદભાઈ ખખ્ખર, ધર્મિષ્ઠાબેન બીપીનકુમાર સુચકના માતા, મનીષ પુજારા, નીલ પુજારાના દાદીનું અવસાન થયેલ છે સ્વ. તુલસીદાસ બાટવીયાના દિકરી, સ્વ. લીલાધર તુલશીદાસ બાટવીયા, સ્વ. શાંતિલાલ તુલસીદાસ બાટવીયાના બેનની પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. તેમનું બેસણું તા. ૨૮ ને શનિવાર સાંજે ૪ થી ૬ દરમિયાન રાષ્ટ્રીય શાળા, યાજ્ઞીક રોડ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. ભગવાનજીભાઈ મોહનલાલ પુજારાના પુત્ર નરેન્દ્રભાઈ પુજારા તેમજ સ્વ. વસંતભાઈ, સ્વ. કાંતિલાલ, અરુણભાઈ, સ્વ. ચંદ્રિકાબેન, ધર્મિષ્ઠાબેનના ભાઈ, શિલ્પાબેન પુજારા (કોમલ હેન્ડીક્રાફટ) ના પતિ, મનીષભાઈ પુજારાના કાકા, નીલ પુજારા (જય કૈલાસ નમકીન લી.) કોમલ વિશાલભાઈ કારીયાના પિતા, તુલસી નીલ પુજારાના સસરા તેમજ વંશ, ધર્વ, દિવાના દાદા, પ્રિયલના નાનાનું અવસાન થયેલ છે. સ્વ. ધરીજલાલ ખીમજીભાઈ પોપટના જમાઈ, હિતેશ ધીરજલાલ પોપટના બનેવીની પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. તેમનું બેસણું તા. ૨૮ ને શનિવારે સાંજે ૪ થી ૬ દરમિયાન રાષ્ટ્રીય શાળા, યાજ્ઞીક રોડ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** બ્રહ્મક્ષત્રિય ઈલાબેન મણિલાલ છાટબાર (ઉ.૭૩) તે મનુભાઈ દુલારી, સ્વ. વજુભાઈના ભાઈના પત્ની. સ્વ. ગોરધનદાસ કેશવજી, સ્વ. પરસોત્તમદાસ છાટબાર(બાબરા)ના ભત્રીજાવહુ, મનહરભાઈ, ભૂપતભાઈ, ગિરીશભાઈ, પંકજભાઈ, ભરતભાઈના ભાભીનું તા. ૨૪ના રોજ જેતપુર ખાતે અવસાન થયું છે. બેસણું તા. ૨૮ને શનિવારે, સાંજે ૫ થી૬, બ્રહ્મક્ષત્રિય વાડી, પેડક રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગુજરાત વિધાનસભા પરિસરમાં 'પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન'નું પ્રદર્શન

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા કરાયું ઉદ્‌ઘાટન

**અબતક, રાજકોટ**

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આજે વિધાનસભા સંકુલ ખાતે ખેડૂતો અને પ્રજાજનોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી તૈયાર કરવામાં આવેલા કુલ ૯ 'પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન' સ્ટોલનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઈ મોદી, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શન સ્ટોલના ઉદઘાટન બાદ રાજ્યપાલ સહિત મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ પ્રદર્શિત કરવામાં આવેલી પ્રાકૃતિક ચીજવસ્તુઓનું નિરીક્ષણ કર્યું હતું અને ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતો સાથે સંવાદ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે કામધેનુ નેચરલ અને પ્રાકૃતિક કૃષિ ફાર્મ, આડેસર વિસ્તાર ખેત ઉત્પાદન પ્રો. કંપની લી., રમીબા અને રમાબા પ્રાકૃતિક કૃષિ ફાર્મ, નીર પ્રાકૃતિક ફાર્મ, પ્રાતેનમા પ્રાકૃતિક ફાર્મ, આણંદ, નવસારી, સરદાર કૃષિનગર દાંતીવાડા અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સ્ટોલનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્ય મંત્રીમંડળના



સભ્ય, વિધાનસભા સચિવ સી.બી.પંડ્યા સહિત વિધાનસભા અને કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# લેઉવા પટેલ વિકાસ ટ્રસ્ટ દ્વારા કાલે પાટીદાર એડવોકેટોનું સ્નેહમિલન અને સન્માન સમારોહ

**અબતક, રાજકોટ**

આવતીકાલે શનિવારે શ્રી લેઉવા પટેલ વિકાસ ટ્રસ્ટ દ્વારા પાટીદાર એડવોકેટ સ્નેહમિલન અને સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

વિશેષ 'પાટીદાર એડવોકેટ સ્નેહમિલન તથા સન્માન સમારોહ' શહેરના સરદારનગર મેઈન રોડ પર, મવડી પટેલ બોર્ડિંગ પાસે આવેલ સરદારનગર કોમ્યુનિટી હોલ ખાતે સાંજે ૬:૩૦ કલાકે યોજાશે. આ પ્રસંગે ખાસ કરીને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સહ-અધ્યક્ષ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત-૨૦૨૬ની ચૂંટણીના ઉમેદવાર દિલીપભાઈ પટેલ તેમજ રાજકોટ બાર એસો.ના પ્રમુખ સુમિતભાઈ વોરા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. આ સમારોહમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ઉપરાંત પાટીદાર સમાજના વિવિધ ક્ષેત્રોમાં ચૂંટાયેલા સભ્યો અને અન્ય નામાંકિત મહાનુભાવોને વિશેષ સન્માન કરવામાં આવશે. કાર્યક્રમના આયોજન અને ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી અનિતાબેન તેમજ રાજકોટના અગ્રણી દ્વારા તમામ પાટીદાર એડવોકેટ મિત્રો અને સમાજના શ્રેષ્ઠીઓને આ સ્નેહમિલનમાં ઉપસ્થિત રહેવા ભાવપૂર્વક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજનમાં એડવોકેટ અને નોટરી શ્રી રજનીકાંત એસ. ગજેરાના માર્ગદર્શન હેઠળ ગજેરા પરિવાર, ડ્રીમ ફાઉન્ડેશન અને અન્ય સહયોગી સંસ્થાઓ જહેમત ઉઠાવી રહી છે.

# માવતરોની રકતતુલા માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં રવિ-સોમવારે યોજાશે બે દિવસીય રકતદાન યજ્ઞ

## સદભાવના વૃધ્ધાશ્રમના નવા પરિસરનું ઉદ્‌ઘાટન સેવા કાર્યથી થશે

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી સદભાવના વૃધ્ધાશ્રમના નવા પરિસરના લોકાર્પણ તેમજ માવતરોની રકતતુલા નિમિતે તા. ૧-૩ રવિવારે સવારે ૧૧ થી ૫ તેમજ ૨-૩ સોમવારે બપોરે ૩ થી ૭ સુધી વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા પરિસર, સદભાવના વૃધ્ધાશ્રમ રાજકોટ-જામનગર હાઈવે રામપર ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરાયું છે.

આ કેમ્પમાં સદભાવના વૃધ્ધાશ્રમના વિજયભાઈ ડોબરીયા તથા ટ્રસ્ટીગણ શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી સિવીલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનવ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા નમ્ર વિનંતી છે. સોમવારે માવતરોની રકતતુલા મોરારીબાપુ તથા અન્ય સંતોની હાજરીમાં થશે.

સ્નેહીના જન્મ દિવસ કે સ્મૃતિરુપે રાજકોટ સિવીલ હોસ્પિટલના લાભાર્થે રકતદાન કેમ્પ કરવા, અંગદાન, દેહદાન, ત્વચાદાન, ચક્ષુદાન, થેલેસેમીયા જાગૃતિ સેમીનાર કરવા જીવદયાના અન્ય કોઈપણ કાર્ય માટે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# દિલ્હી શરાબ કૌભાંડમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા કોર્ટ દ્વારા આરોપમુક્ત

## સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન પાસે તેમની સામે મુકદ્દમો ચલાવવા માટે પૂરતા અને મજબૂત પુરાવા નથીઃ કોર્ટ

**અબતક, નવી દિલ્હી**

દિલ્હીના બહુચર્ચિત શરાબ કૌભાંડ મામલે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તેમજ પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને મોટી રાહત મળી છે. રાઉઝ એવન્યુ કોર્ટે આજે આ કેસમાં મહત્વનો ચુકાદો આપતા બંને ટોચના નેતાઓને આરોપમુક્ત કર્યા છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન પાસે તેમની સામે મુકદ્દમો ચલાવવા માટે પૂરતા અને મજબૂત પુરાવા નથી.

આજે રાઉઝ એવન્યુ કોર્ટમાં મનીષ સિસોદિયાની હાજરીમાં આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે નોંધ્યું હતું કે તપાસ એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓ અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા પર આરોપ ઘડવા અને કેસ ચલાવવા માટે પર્યાપ્ત નથી. પુરાવાના અભાવે કોર્ટે માત્ર આ બંને નેતાઓને જ નહીં, પરંતુ કેસ સાથે જોડાયેલા અન્ય આરોપીઓને પણ ક્લીન ચીટ આપીને આરોપમુક્ત કરી દીધા છે. આમ આદમી પાર્ટી માટે સંજીવની સમાન ચુકાદો

આ ચુકાદો આમ આદમી પાર્ટી માટે રાજકીય અને કાનૂની રીતે ખૂબ મોટી જીત માનવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી સરકારની વિવાદિત એક્સાઈઝ પોલિસી (શરાબ નીતિ)માં કથિત ગેરરીતિઓના આક્ષેપો હેઠળ સીબીઆઈ અને ઈડી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

આ મામલે મનીષ સિસોદિયા અને ત્યારબાદ ખુદ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવામાં આવતા દેશનું રાજકારણ ગરમાયું હતું.હવે જ્યારે કોર્ટે મુખ્ય એજન્સી સીબીઆઈના કેસમાં પુરાવાઓનો સ્પષ્ટ અભાવ હોવાનું ઠેરવીને બંને નેતાઓને આરોપમુક્ત કર્યા છે, ત્યારે તેને તપાસ એજન્સીઓ માટે એક મોટો ફટકો માનવામાં આવે છે. કોર્ટના આ નિર્ણય બાદ આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.



# જે. જે. કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં માતૃભાષા મહોત્સવ યોજાયો

**અબતક, રાજકોટ**

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરઅને જે.જે.કુંડલિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ' માતૃભાષા સાહિત્ય અંતર્ગત માતૃભાષા મહોત્સવ નિમિતે 'માતૃભાષા દિવસની' ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. માતૃભાષાનું જતન થાય અને નવી પેઢી પોતાની માતૃભાષાથી પરિચિત થાય તેવા ઉમદા હેતુથી આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું



કાર્યક્રમની શરૂઆત માઁ સરસ્વતીની વંદના અને મહેમાનોના હસ્તે દીપપ્રાગટયથી કરવામાં આવ્યું હતું ત્યાર બાદ કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહેમાનો અને વકતાઓ રુચિર પંડયા, અમીત ગામી, ધર્મેન્દ્રસિંહ રાઠોડ પુસ્તક અને અમીતસિંહનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ આચાર્ય ડો. યજ્ઞેશભાઈ જોષીએ મુખ્ય મહેમાનો અને વિદ્યાર્થીઓ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક પરિવાર નું શાબ્દિક સ્વાગત કર્યું હતું માતૃભાષા મહોત્સવ કાર્યક્રમના મુખ્ય વકતા ડો.અમિતસિંહ ગામીએ કવિ ભાનુપ્રસાદ પંડયાની ગઝલોને કેન્દ્રમાં રાખી પોતાની કાઠિયાવાડી શૈલીમાં માતૃભાષા મહિમા ને ભાષાપ્રેમીના હૃદય સુધી પહોંચાડવાનું ઉમદા કાર્ય કર્યું હતું. ગઝલો દ્વારા માતૃભાષાની સંસ્કૃતિ અને સંસ્કારોની રસપ્રદ ચર્ચા કરી હતી.તેમણે ગ્રામ્યજીવન કવિતામાં કેવી રીતે પ્રવેશે તે કવિની કવિતા દ્વારા વ્યકત કર્યું હતું.

કાર્યક્રમના બીજા વકતા રુચિરભાઈ પંડયા એ પણ ' ભાષા અને લીપી' ની ઊંડી સમજ આપી વિદ્યાર્થીઓને ગદ્ય અને પદ્ય સાહિત્યની માહિતી આપી માતૃભાષાનું સ્થાન જીવનમાં કેવી રીતે ઉત્કૃષ્ઠ ગણાય છે. તેમજ કવિને કવિતાની સ્ફુરણા કયાંથી અને કેવી રીતે થતી હોય તે પણ દ્રષ્ટાંત આપીને સમજાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.ભારતીબેન પટેલે કર્યું. હતું તેમણે અન્ય ભાષા મોહે રંગાયા વગેર માતૃભાષા ના રંગે રંગાઈને માતૃભાષાની માવજત કરવાની વાત કરી હતી.

# મોરબી પાડાપુલ અને ઓવરબ્રિજની કામગીરીને કારણે વાંકાનેર-મોરબી ૬ ડેમુ ટ્રેનો ૧૨ માર્ચ સુધી રદ

**અબતક, રાજકોટ**

મોરબી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અનુરોધ પર, મચ્છુ નદી પર આવેલ જૂના પાડાપુલના સમારકામની કામગીરી તથા નટરાજ ફાટક પાસે નિર્માણાધીન ઓવરબ્રિજના કાર્યને લીધે વાંકાનેર-મોરબી રેલખંડ પર ચાલતી ૬ ડેમુ ટ્રેનોને અસ્થાયી રૂપે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સમારકામની કામગીરી દરમિયાન માર્ગ પર વાહનોના ભારે ભારણ અને રેલ્વે ફાટક વારંવાર બંધ થવાને કારણે સામાન્ય જનતાને પડનારી સંભવિત મુશ્કેલીઓને ઘટાડવા તથા ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રાખવાના ઉદ્દેશ્યથી રેલ પ્રશાસન દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. જનહિતને ધ્યાનમાં રાખીને વાંકાનેર અને મોરબી વચ્ચે દોડતી ૬ ડેમુ ટ્રેનોનું સંચાલન ૨૭ ફેબ્રુઆરી થી ૧૨ માર્ચ, ૨૦૨૬ સુધી અસ્થાયી રૂપે બંધ રહેશે. ટ્રેન સંખ્યા ૭૯૪૫૪ મોરબી-વાંકાનેર, ટ્રેન સંખ્યા ૭૯૪૫૩ વાંકાનેર-મોરબી, ટ્રેન સંખ્યા ૭૯૪૪૪ મોરબી-વાંકાનેર, ટ્રેન સંખ્યા ૭૯૪૪૫ વાંકાનેર- મોરબી, ટ્રેન સંખ્યા ૭૯૪૪૬ મોરબી-વાંકાનેર અને ટ્રેન સંખ્યા ૭૯૪૪૭ વાંકાનેર-મોરબી રેલ પ્રશાસન મુસાફરોને વિનંતી કરી છેૈ કે ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ માહિતી માટે મુસાફરો ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે,

# ગુજરાત હાઉસિંગ બોર્ડની દંડનીય વ્યાજમાં ૧૦૦% રાહત યોજનાને જબ્બર પ્રતિસાદ

## એક મહિનામાં ૧૪૨ લાભાર્થીઓએ યોજનાનો લાભ લીધો

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની ભાડા ખરીદપધ્ધતિથી બનેલ વિવિધ આવાસ યોજના જેવી કે ઈ.ડબલ્યુ.એસ., એલ.આઈ.જી., એમ.આઈ.જી., હરીફાઈ (કોમ્પો.), કેશલોન આવાસોના લાભાર્થીઓએ મૂળ હપ્તાની ચૂકવવાની બાકી રકમ પર ચડેલ દંડનીય વ્યાજમાં ૧૦૦ ટકા માફી આપવા બાબતની યોજનાને મંજુરી આપવામાં આવેલ છે. જે તા.૩૧/૧/ ૨૦૨૬ થી છ મહિના સુધી લાગુ રહેશે. અત્યાર સુધીમાં અંદાજિત ૧૪૨ લાભાર્થીઓએ મુદલની રકમ રૂ.૪૦,૩૧,૩૯૪ ભરી રૂ.૩,૧૬,૯૬, ૮૩૨ જેટલી દંડનીય વ્યાજમાફીનો લાભ મેળવેલ છે. જેથી મુદત પૂરી થાય તે પહેલા લાગુ પડતા બાકીના લાભાર્થીઓને બોર્ડની તમામ બાકી મૂળ હપ્તાની રકમ પૂરેપૂરી ભરપાઈ કરી દંડનીય વ્યાજમાં ૧૦૦ ટકા માફીનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે. આ યોજનાની મુદત પૂર્ણ થાય ત્યાં સુધીમાં જે લાભાર્થીઓ મૂળ હપતાની બાકી રકમ ભરપાઈ કરશે નહિં, તેમને મુદત પૂર્ણ થયા બાદ દંડનીય વ્યાજમાં માફી આપવામાં આવશે નહિં.

# કોર્પોરેશન દ્વારા ૧૨૧૯૯ કિશોરીઓને અપાશે વેકિસન

## ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી રસીકરણનો પ્રારંભ અજમેર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કરાવશે જયારે ગાંધીનગરથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ કરાવશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૮મીનાં અજમેર ખાતે ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી એચપીવી રસીનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરશે. તે અનુસંધાને ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવશે.

મહિલાઓને સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપવા માટે રાજ્યની ૦૧/૦૧/૨૦૧૧ થી ૨૯/૦૨/ ૨૦૧૨ ના સમયગાળા મુજબ ૧૪ વર્ષની દીકરીઓનું રસીકરણ કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં અંદાજિત ૧૨,૧૯૯ કિશોરીઓને એચપીવી વેક્સિન આપવામાં આવશે, જેથી રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ગર્ભાશયના મુખના કેન્સર સામે મજબૂત સુરક્ષા કવચ ઊભું કરી રોગ સામે રક્ષણ મેળવી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એચપીવીરસીકરણ અભિયાન અને સાવચેતી અંતર્ગત સ્ટ્રેટેજિક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં લાભાર્થીઓની ઓળખ - ૧૪ વર્ષની વય ધરાવતી તમામ કિશોરીઓનો હેડ કાઉન્ટ સર્વે કરી યાદી તૈયાર કરાશે. ટેકો+ અને સીટીએસ મુજબના અંદાજિત લક્ષ્યાંકની હેડ કાઉન્ટ સાથે વેરિફિકેશન કરવામાં આવશે. શાળા બહારની કિશોરીઓનું રસીકરણ ૩ મહિના સુધી સંબંધિત શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (કોલ્ડ ચેઈન પોઈન્ટ)ખાતેકરવામાં આવશે. શિક્ષણ વિભાગ સાથે સંકલન કરી નોડલ શિક્ષક દ્વારા પાત્ર કિશોરીઓની યાદીઆરોગ્ય વિભાગને આપવામાં આવશે. ખાનગી શાળાઓને પૂર્વ સૂચના આપી અભિયાનમાં જોડાશે. રાજકોટ કોર્પોરેશન આરોગ્ય અધિકારી સાથે સંકલન કરીઆયોજન મુજબ કામગીરી થશે. પેરેન્ટ-ટીચર મિટિંગ દરેક શાળામાં ખાસ પીટીએમનું આયોજન કરાશે, આરોગ્ય કર્મચારી, નોડલ શિક્ષક દ્વારારસીકરણ પૂર્વે અને રસી અંગે જાગૃતિ કાર્યક્રમો કરાશે. પ્રવૃત્તિઓ - સર્વાઈકલ કેન્સર અને રસી અંગે પોસ્ટર, બેનર, પેમ્ફલેટ અને માઈક પ્રચાર દ્વારા વ્યાપક જનજાગૃતિ, સોશિયલ મીડિયા અને સ્થાનિક મીડિયા દ્વારા પણ માહિતી પ્રસાર કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સ્વસ્થ દીકરી સુરક્ષિત ભવિષ્ય અંતર્ગત ૧૪ વર્ષની દીકરીઓને રસી અપાવી ગર્ભાશયના મુખના કેન્સરથી સુરક્ષિત કરવા વાલીઓ, શાળા સંચાલકો અને સમાજના આગેવાનોને સહકાર આપવા રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારના આરોગ્ય વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મવડી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં કોચીંગ માટે માસિક રજીસ્ટ્રેશન શરૂ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતની સંયુકત એસપીવી રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન સંચાલિત શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ મવડી ખાતે રમત-ગમત સુવિધાઓનું કોચિંગ માટે માસિક રજીસ્ટ્રેશન કાલે શનિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી www.rmc.gov.in પરથી ઓનલાઈન તથા રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસ ખાતે થઈ શકશે. આરએમસી અને એસએજીની સંયુકત એસપીવી રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન સંચાલિત શ્રી અટલ બિહારી વાજપેયી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ મવડી ખાતે આવેલ રમતગમત સુવિધાઓ જેમ કે બાસ્કેટબોલ, બેડમિન્ટન, લોન ટેનિસ, વોલીબોલ, જેવી રમતોની ત્રિમાસિક મેમ્બરશિપ બેંચ જાન્યુઆરી-૨૦૨૬ થી માર્ચ-૨૦૨૬ માટે ખોલવામાં આવેલ. હાલ કોચિંગ બેંચ માટે રજીસ્ટ્રેશન તા.૨૮-૦૨-૨૦૨૬થી શરૂ કરવામાં આવશે અને બેંચની અવધી તા.૦૧ થી તા.૩૧ માર્ચ સુધીનો રહેશે. જેમાં બાસ્કેટબોલ, બેડમિન્ટન, લોનટેનિસ, વોલીબોલ તથા કબડ્ડી જેવી રમતો માટે પ્રથમ વાર નિષ્ણાંત કોચિસ દ્વારા કોચિંગ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. ઉપરોકત રમતગમતની સુવિધા કોચિંગ બેંચ એક માસ (માર્ચ) માટે ખોલવામાં આવે છે. જેનું રજીસ્ટ્રેશન તા.૨૮/૦૨/૨૦૨૬ શનિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી www.rmc.gov.in પરથી ઓનલાઈન તથા રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફિસ ખાતે થઈ શકશે.

# ઈગ્નુમાં ઘર બેઠા ગ્રેજયુએશન માટેના કોર્ષ માટે અરજી માટે કાલે છેલ્લો દિવસ

## બી.એ., બી.બી.એ, બીકોમ, એમબીએ, એમએ ઘર બેઠા કરી શકાશે

**અબતક, રાજકોટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી એ જાહેરાત કરતા આનંદ અનુભવે છે કે જાન્યુઆરી, ૨૦૨૬ સત્ર માટે તેના ઓપન અને ડિસ્ટન્સ લર્નિંગ અને ઓનલાઈન મોડ દ્વારા વિશાળ શ્રેણીના અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટકાર્યક્રમો માટે પ્રવેશ હવે ચાલુ છે. સંભવિત વિદ્યાર્થીઓ સત્તાવાર પ્રવેશ પોર્ટલઃ ignouadmission.samarth.edu.in પર પ્રવેશ કરી શકે છે અને ઓનલાઈન અરજી કરી શકે છે.

ઈગ્નુ ના પ્રવેશ પોર્ટફોલિયોમાં વિવિધ શાખાઓમાં શૈક્ષણિક કાર્યક્રમોની વિશાળ પસંદગી સામેલ છે, જેમાં બેચલર ઓફ આર્ટસ, બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ), બેચલર ઓફ કોમર્સ (બીકોમ), બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન્સ (બીસીએ), બેચલર ઓફ સાયન્સ (બીએસસી) અને બેચલર ઓફ સોશિયલ વર્ક (બીએસડબલ્યુ) જેવા કાર્યક્રમો ઓનર્સ અને સ્પેશ્યલી સ્ટ્રીમ સાથે એમબીએ, એમએ (વિવિધ સ્પેશ્યલાઈઝેશન), એમસીએ, એમકોમ જેવા પીજી પ્રોગ્રામ્સ અને માસ્ટર ડિગ્રીઓ, તેમજ કારકિર્દી પ્રગતિ અને કૌશલ્ય વૃદ્ધિ માટે રચાયેલ ડિપ્લોમા અને એડવાન્સ્ડ સર્ટિફિકેટ અભ્યાસક્રમો. ભાષા અભ્યાસ અને આઈટી કૌશલ્યથી લઈને પર્યાવરણીય અને વ્યવસ્થાપન ક્ષેત્રો સુધીના ક્ષેત્રોમાં કૌશલ્ય અને વ્યાવસાયિક જ્ઞાનને જોડવા માટે પ્રમાણપત્ર અને ડિપ્લોમા કાર્યક્રમોની વિશાળ શ્રેણી.

ઈગ્નુની ઓબીએલ સિસ્ટમ વિવિધ બેકગ્રાઉંડના વિદ્યાર્થીઓ માટે સુલભ, ફ્લેકિસબલ અને સમાવિષ્ટ શિક્ષણ સુનિશ્ચિત કરે છે. ૨,૦૦૦ થી વધુ વિદ્યાર્થી સહાય કેન્દ્રો, સમગ્ર ભારતમાં પ્રાદેશિક અભ્યાસ કેન્દ્રો અને ઈ-કન્ટેન્ટ અને ઈન્ટરેકિટવ ઓનલાઈન ટૂલ્સ સહિત ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મના રાષ્ટ્રવ્યાપી નેટવર્ક સાથે, ઈગ્નુ વિદ્યાર્થીઓને તેમના સ્થાન અથવા કાર્ય પ્રતિબદ્ધતાઓને ધ્યાનમાં લીધા વિના, તેમની પોતાની ગતિએ અભ્યાસ કરવાની સ્વતંત્રતા પ્રદાન કરે છે.

સરકાર દ્વારા માન્ય અને પ્રમાણભૂત : IGNOU દેશની ટોચની ઓપન યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવવાનું ગૌરવ ધરાવે છે, અને તે NAAC દ્વારા A++ ગ્રેડ સાથે માન્યતા પ્રાપ્ત છે - જે તેની શૈક્ષણિક ગુણવત્તા અને ધોરણોનો પુરાવો છે. વિદ્યાર્થીઓની સંખ્યાની દ્દષ્ટિએ દેશની સૌથી મોટી યુનિવર્સિટી છે. ઓનલાઈન મોડ વિદ્યાર્થીઓને શિક્ષણ અને વ્યકિતગત અને વ્યાવસાયિક જવાબદારીઓનું સંતુલન કરવાની તક આપે છે. વિદ્યાર્થીઓ વિવિધ શિક્ષણ પસંદગીઓને અનુરૂપ પ્રિન્ટેડ અભ્યાસ સામગ્રી, ઓનલાઈન સંસાધનો, રેકોર્ડ કરેલા વ્યાખ્યાનો અને ઈ-લર્નિંગ મોડ્યુલનો ઉપયોગ કરી શકે છે. સસ્તું અને વિદ્યાર્થી-કેન્દ્રિતઃ ઓછી ટ્યુશન ફી માળખું, બહુવિધ ચુકવણી વિકલ્પો અને શિષ્યવૃત્તિ સુવિધા IGNOU ને UG અને PG લાયકાત મેળવવા માંગતા લાખો વિદ્યાર્થીઓ માટે એક સસ્તું અને ઉત્તમ પસંદગીનું બનાવે છે. હમણાં જ અરજી કરોઃ https://ignouadmission.samarth. edu.in અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખઃ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ વધુ વિગતો માટે, www.ignou.ac.in નો સંપર્ક કરવા ડો. રૂપલ એમ. કુબાવત રિજયોનલ ડાયરેકટરની યાદીમાં જણાવાયું છે.

# બ્લેક ફાઈડેઃ શેરબજારમાં ગાબડા

## સેન્સેકસમાં ૫૮૦થી વધુ અને નિફ્ટીમાં ૨૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો

**અબતક,રાજકોટ**

અમેરિકા અને ઈરાન વચ્ચે યુધ્ધના ભણકારાના કારણે ભારતીય શેર બજારમાં છેલ્લા ઘણા સમયથી મંદી જોવા મળી રહી છે આજે સપ્તાહના અંતિમ ટ્રેડીંગ સેશનમાં મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેકસ સેન્સેકસ અને નિફ્ટીમાં કડાકા બોલી ગયા હતા સેન્સેકસે ઈન્ટ્રા ડે આજે ફરી ૮૨ હજારની સપાટી તોડી હતી. નિફ્ટીએ પણ ૨૫૪૦૦ સપાટી તોડી હતી.

બેંક નિફ્ટી અને નીફ્ટી મીડકેપ ઈન્ડેકસમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો બુલીયન બજારમાં તેજી જોવા મળી હતી. જયારે ડોલર સામે રૂપીયા થોડો નરમ રહ્યો હતો. વૈશ્વિક અનિચ્છીતતાના કારણે ભારતીય શેર બજારમાં તેજી મંદીનો ટ્રેન્ડ નકકી થઈ શકતો નથી એકાદ દિવસ બજારમાં તેજી અને બીજા દિવસે મંદી જોવા મળે છે.આજે ઈન્ટ્રા ડેમાં સેન્સેકસે ૮૨ હજારની સપાટી તોડી હતી. ૮૧૫૮૯ની નીચલી સપાટીએ સરકી ગયો હતો. જયારે ઉપલી સપાટી ૮૨૨૪૬ રહેવા પામી હતી જયારે નિફ્ટીએ ૨૫૪૯૦ સપાટી તોડી હતી નીચલી સપાટી ૨૫૨૬૮ રહેવા પામી હતી જયારે ઉપલી સપાટી ૨૫૪૭૬ રહેવા પામી હતી રોકાણકારોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૫૮૫ પોઈન્ટના ઘટાડા સાથે ૮૧૬૫૩ અને નિફ્ટી ૨૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૨૯૪ પર કામકાજ કરી રહ્યા છે.

# ક્રિષ્ના સ્કૂલમાં ધો.-૧૨ના પરીક્ષાર્થીઓનું કુમકુમ તિલક કરી સફળતા માટે ગુરૂજનોએ આપ્યા આશિર્વાદ

## જીવનના મહત્વના પડાવ સમૂ ધો.૧૨નું બોર્ડ હસતા હસતા પાસ થાય તેવી હળવા ફૂલ જેવુ ક્રિષ્ના સ્કૂલનું વાતાવરણ વાલીઓ અને વિદ્યાર્થીઓને ગમ્યું



કેમેરામેનઃ ધ્રુવ જેઠવા
રિપોર્ટરઃ વિપુલ ચૌહાણ

### પૂરી તૈયારી સાથે પરીક્ષા આપવા આવી છું મને મારી મહેનત પર ભરોસો છેઃ માન્યતા મકવાણા



ક્રિષ્ના સ્કૂલ માં પરીક્ષા આપવા આવેલી વિદ્યાર્થીની માન્યતા મકવાણા વિધાર્થિનીએ અબતક ની વાતચીતમાં જણાવ્યું હતું કે હું ઉત્કર્ષ સ્કૂલમાં અભ્યાસ કરું છું અને ધોરણ ૧૨ સાયન્સમાં છું જેમાં મેં બાયો ગ્રુપ રાખેલ છે આજે અમારે ફિઝિક્સનું પેપર છે અહીંયા ની વ્યવસ્થા ખૂબ જ સારી છે મારે ભવિષ્યમાં ડોક્ટર બનવું છે તારી તૈયારીથી મને મારા પર ભરોસો છે અહીંયા નો વાતાવરણ અને વ્યવસ્થા સારિછે

### ક્રિષ્ના સ્કૂલ કેન્દ્રમાં ૪૫૦ વિદ્યાર્થીઓ માટે સુંદર વ્યવસ્થા ગોઠવી છેઃ વા. પ્રિન્સિપલ મિતલ સોજીત્રા



ધોરણ ૧૨પરીક્ષા માટેક્રિષ્ના સ્કૂલ માં સાડા ચારસો વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા સાથેનું કેન્દ્ર મળ્યું છે ફક્ત સાથેની વાતચીતમાં વાઈસ પ્રિન્સિપાલ મિતલભાઈ સોજીત્રાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ મુક્ત નિર્ભય અને આનંદથી સવલત ભરી રીતે પરીક્ષા આપી શકે તે માટે તમામ વ્યવસ્થા ગોઠવી છે તમામ ૧૫બ્લોકમાં બાળકોમાં ખૂબ જ સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે તેમણે વિદ્યાર્થીઓને સફળતાના આશીર્વાદ આપ્યા હતા

**અબતક, રાજકોટ**

ગુજરાત ભરમાં ચાલી રહેલી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષામાં ગઈકાલે બારમા ધોરણ ના પ્રથમ પેપરમાં કૃષ્ણા સ્કૂલમાં પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક અને મોઢા મીઠા કરી ગુરુજનોએ સફળતાના આશીર્વાદ આપી આવકાર્યા હતા. જીવનના મહત્વના ગણાતા પડાવ બારમા ધોરણની પરીક્ષા હળવા મને અને પ્રફુલિત ચિતે ભરીને જીવનમાં ખૂબ સફળ થાય તે માટે વિદ્યાર્થીઓને પારિવારિક માહોલ અને સ્વચ્છ સલામત અને સુંદર વાતાવરણ માટે ક્રિષ્ના સ્કૂલ સંચાલકોની મહેનત લેખે લાગી હોય તેમ વાતાવરણ જોઈને પરીક્ષા ભરવા આવેલા વિદ્યાર્થીઓને વાલીઓ રાજી થયા હતા.

# રાજસ્થાનના બિકાનેર બોર્ડર પર પાકિસ્તાનથી ડ્રોન મારફતે આવેલો હથિયારોનો જથ્થો જપ્ત

## બીએસએફ અને રાજસ્થાન પોલીસના સંયુક્ત ઓપરેશનમાં ૭૦ કિલોનું પાકિસ્તાની ડ્રોન, ૫ ચાઈનીઝ પિસ્તોલ અને ૩૨૫ કારતૂસ મળી આવ્યા

**અબતક, નવી દિલ્હી**

રાજસ્થાનના બિકાનેર જિલ્લાના ખાજુવાલા વિસ્તારમાં સીમા સુરક્ષા દળ અને રાજસ્થાન પોલીસે એક મોટી સફળતા હાંસલ કરી છે. ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા ભારતીય સીમામાં ફેંકવામાં આવેલ હથિયારોનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ખાજુવાલા પોલીસ સ્ટેશન વિસ્તારના ગ્રામ પંચાયત ૧૪ બીડીના ચક ૨૪ કેએનડીમાં એક ખેડૂતના ખેતરમાં સર્ચ ઓપરેશન દરમિયાન ૮ પેકેટમાં આ હથિયારોનો જથ્થો મળી આવ્યો હતો. બીએસએફ અને પોલીસના આ સંયુક્ત ઓપરેશનમાં આશરે ૭૦ કિલો વજન ધરાવતું એક મોટું ડ્રોન, ચીનની બનાવટની ૫ પિસ્તોલ અને ૩૨૫ જેટલા જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે.

બીએસએફના ડેપ્યુટી કમાન્ડન્ટ અને પ્રવક્તા મહેશ ચૌધરીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, પાકિસ્તાન તરફથી ડ્રોન મારફતે ભારતીય ક્ષેત્રમાં મોટી માત્રામાં હથિયારો અને કારતૂસ ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલા ડ્રોનનું ૭૦ કિલો જેટલું વજન એ સ્પષ્ટ કરે છે કે આ હથિયારોની ખેપ પાકિસ્તાનથી જ મોકલવામાં આવી છે. ખાજુવાલા સેક્ટરમાં પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા હથિયારોનો આટલો મોટો જથ્થો પકડાયો હોય તેવી આ પ્રથમ ઘટના છે.આ ઘટના બાદ ખાજુવાલાના સીઓ અમરજીત ચાવલા અને બીએસએફના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસ અને બીએસએફ દ્વારા સમગ્ર વિસ્તારમાં સઘન નાકાબંધી કરીને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

બિકાનેર પોલીસ રેન્જના ઈન્સ્પેક્ટર જનરલ ઓમ પ્રકાશે જણાવ્યું કે, સરહદ પારથી ડ્રોન મારફતે આવેલા આ હથિયારો મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. હાલમાં સુરક્ષા એજન્સીઓ એ તપાસ કરી રહી છે કે આ હથિયારોનું કન્સાઈનમેન્ટ કોના માટે મંગાવવામાં આવ્યું હતું અને આ ષડયંત્ર પાછળ કયું નેટવર્ક કામ કરી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે, પાંચ મહિના અગાઉ પણ પાકિસ્તાન બોર્ડર પર ડ્રોન મારફતે ડ્રગ્સની હેરાફેરીનો મામલો સામે આવ્યો હતો. તે સમયથી જ રાજસ્થાનની એજન્સીઓએ ડ્રોન મારફતે હથિયારો અને ડ્રગ્સની સપ્લાયના જોખમ અંગે ચેતવણી આપી હતી, જેને પગલે સરહદ પર સતર્કતા વધારી દેવામાં આવી હતી.

# મ્યુચ્યુઅલ ફંડ્સમાં હવે આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્કને બદલે ભારતીય એક્સચેન્જોના સ્પોટ પ્રાઈસનો ઉપયોગ કરાશે

## સેબીનો મોટો નિર્ણયઃ ગોલ્ડ અને સિલ્વરના વેલ્યુએશનના નિયમો ૧ એપ્રિલથી લાગુ થશે

**અબતક, નવી દિલ્હી**

માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા હોલ્ડ કરવામાં આવતા ફિઝિકલ ગોલ્ડ (સોનું) અને સિલ્વર (ચાંદી) ના વેલ્યુએશન માટેના નિયમોમાં મહત્ત્વનો ફેરફાર કર્યો છે. નવા નિર્દેશો અનુસાર, હવે મ્યુચ્યુઅલ ફંડ્સે સોના અને ચાંદીનું મૂલ્ય નક્કી કરવા માટે માન્યતા પ્રાપ્ત ભારતીય સ્ટોક એક્સચેન્જો દ્વારા પ્રકાશિત 'સ્પોટ પ્રાઈસ'નો ઉપયોગ કરવાનો રહેશે.અત્યાર સુધી, ગોલ્ડ અને સિલ્વર એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ લંડન બુલિયન માર્કેટ એસોસિએશનના બેન્ચમાર્ક ભાવના આધારે તેમના હોલ્ડિંગનું મૂલ્ય નક્કી કરતા હતા, જેમાં કરન્સી કન્વર્ઝન અને કસ્ટમ ડ્યુટી વગેરે ઉમેરવામાં આવતા હતા. સેબીના આ નવા કદમનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે મૂલ્યાંકન ઘરેલુ બજારની વાસ્તવિક સ્થિતિને વધુ સારી રીતે પ્રતિબિંબિત કરે.આ ઉપરાંત, સેબીએ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સના વર્ગીકરણ માળખામાં પણ ધરખમ ફેરફાર કર્યો છે. રોકાણકારો સરળતાથી સ્કીમ્સ ઓળખી શકે તે માટે તેમને ઈક્વિટી, ડેટ, હાઈબ્રિડ, લાઈફ સાયકલ અને અન્ય સ્કીમ્સ એમ પાંચ મુખ્ય કેટેગરીમાં વહેંચવામાં આવી છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા સેબીના પરામર્શ સાથે આ નવી વેલ્યુએશન પદ્ધતિના અમલીકરણ માટે ટૂંક સમયમાં સમાન નીતિ જાહેર કરશે.

### નવા નિયમની મુખ્ય અને ધ્યાનમાં રાખવા જેવી બાબતો

- ક્યારથી અમલ? નવો વેલ્યુએશન ફ્રેમવર્ક ૧ એપ્રિલ, ૨૦૨૬ થી સંપૂર્ણપણે અમલમાં આવશે.
- પારદર્શિતા વધશેઃ આંતરરાષ્ટ્રીય ભાવના બદલે ભારતીય એક્સચેન્જોના હાજર ભાવ લેવાતા તમામ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં પારદર્શિતા અને એકરૂપતા આવશે.
- સ્કીમના નામોમાં ફેરફારઃ સેબીના આદેશ મુજબ હવે માત્ર 'વળતર' (રિટર્ન) ને હાઈલાઈટ કરતા શબ્દોનો સ્કીમના નામમાં ઉપયોગ કરી શકાશે નહીં.
- નવી કેટેગરીઃ ગોલ-આધારિત રોકાણ માટે 'લાઈફ સાયકલ ફંડ્સ' નામની નવી ઓપન-એન્ડેડ સ્કીમ રજૂ કરવામાં આવી છે, જે મેચ્યોરિટી નજીક આવતા ઈક્વિટી ઘટાડીને ડેટમાં રોકાણ વધારશે.

# ભાજપના ધારાસભ્યો પોતાના સમાજના હક કે અધિકાર માટે બોલવા તૈયાર નથીઃ અમિત ચાવડા

## બોર્ડ નિગમોને બજેટમાં ફાળવાયેલી સામાન્ય રકમનો વિરોધ કરતા કોંગી ધારાસભ્યો

**અબતક, રાજકોટ**

કોંગ્રેસના ધારાસભ્યોએ જયારે સરકાર દ્વારા બજેટ ફાળવણીમાં એસસી, એસટી, ઓબીસી, લઘુમતી સફાઈ કામદારો, દિવ્યાંગો માટેના બોર્ડ નિગમોને ઓછી ફાળવણી કરવામાં આવે છે. તેનો વિરોધ કરી વોક આઉટ કરવામાં આવ્યો ત્યારે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની પ્રશ્નોત્તરી દરમિયાન ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકાર એસસી, એસટી, ઓબીસી, માઈનોરિટી સમાજ , સફાઈ કામદાર,દિવ્યાંગ, પશુપાલક ગોપાલક, પછાત વર્ગના વિચરતી વિમુખ જાતિ સાથે ભેદભાવ કરી રહી છે. આ સમાજનું શોષણ થઈ રહ્યું છે, તેમ છતાં સરકાર કોઈપણ જાતની મદદ કરતી નથી. આ વિવિધ સમાજ વિરોધી ભારતીય જનતા પાર્ટીનો ચહેરો ખુલ્લો પડી ગયો છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ એસસી, એસટી, ઓબીસી અને માઈનોરિટી સમાજ માટે કાર્યરત વિવિધ બોર્ડ નિગમોને છેલ્લા બે વર્ષમાં વસ્તીના પ્રમાણમાં ખૂબ ઓછું બજેટ ફાળવવામાં આવ્યું છે અને તેમાં પણ મોટી રકમ વપરાયા વગર જ રહી ગઈ છે.

વિધાનસભામાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો કે બજેટ ફાળવવાના ધોરણો શું છે? શું આર્થિક, સામાજિક કે શૈક્ષણિક પરિસ્થિતિના આધારે ફાળવણી થાય છે? ઓછી ફાળવણી અને વણવપરાશ પાછળના કારણો શું છે? બજેટમાં ફાળવાય છે પણ ૫૦% રકમ વપરાતી નથી તો એના કારણો શું છે? ભાજપ સરકાર તરફથી વિધાનસભામાં સ્પષ્ટ જવાબ આપવામાં આવતો નથી. ફરી માંગ કરવામાં આવી છે કે ભેદભાવ અને અન્યાય બંધ કરી પારદર્શક રીતે બજેટ ફાળવણી અને ખર્ચ અંગે જવાબ આપો.ભાજપના નેતાઓ બહુમતી વસ્તી એસસી, એસટી, ઓબીસી, માઈનોરિટી સમાજના છે. પરંતુ સમાજના હક અધિકાર રાખવામા માટે વિધાનસભામાં બોલવા પણ ઉભા થતા નથી. ભાજપના ધારાસભ્યોની એવી તો કેવી મજબૂરી છે કે, જવાબ પણ નહીં આપતા અને પોતાના વિસ્તારના લોકો અને સમાજ માટે એક શબ્દ પણ બોલવા તૈયાર નથી.

# જિલ્લા પંચાયત કચેરી ખાતે પ્રમુખ પ્રાકૃતિક ખેતી સ્ટોલનો આરંભ

## શહેરીજનોને ઓર્ગેનિક વસ્તુઓનો ઉપયોગ કરવા માટે અનુરોધ

**અબતક, રાજકોટ**



રાજકોટ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણીના હસ્તે રીબીન કટ કરીને પ્રાકૃતિક ખેતી સ્ટોલનું ઉદઘાટન કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિતના અધિકારીઓએ સ્ટોલની મુલાકાત લઈને ચીજવસ્તુઓ ખરીદી, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ એક દિવસીય ફાર્મર્સ માર્કેટમાં ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ અંતર્ગત નોંધાયેલા, જસદણ, કોટડાસાંગાણી, જામકંડોરણા વગેરે તાલુકાના ગામોમાંથી ખેડૂતો ઓર્ગેનિક ચીજોના વેચાણ માટે આવ્યા હતા. આ સ્ટોલમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ઉગાડેલા શાકભાજી, કઠોળ ઉપરાંત ઓર્ગેનિક હરદળ, રાય, જીરુ, દેશી ગોળ, સિંગતેલ, ગુલકંદ, આયુર્વેદિક સાબુ, ધૂપ, માટીના દીવા સહિતની વસ્તુઓ વેચાઈ રહી છે. આ તકે મહાનુભાવોએ લોકોને ઓર્ગેનિક વસ્તુઓનો ઉપયોગ કરવા માટે અનુરોધ કર્યો હતો. આ તકે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી તૃપ્તિબેન પટેલ, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી હસમુખભાઈ વાદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી દીક્ષિતભાઈ પટેલ સહિત જિલ્લા પંચાયતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કંડકટરોના ટિકિટ મશીન ખોટવાતા એસ.ટી. બસના પૈડા થંભી ગયા !!

## અનેક સ્થળોએ ૨ થી ૩ કલાક સુધી બસ ઉપડી ન શકી

**અબતક, રાજકોટ**

કંડકટરોના ટિકીટ મશીન ખોટવાય જવાના કારણે રાજયભરમાં એસ.ટી. બસના પૈડા થંભી ગયા હતા.

ગુરૂવારે બપોરના એક થી બપોરના ત્રણ સાડા ત્રણ સુધી ત્રણેક કલાક સુધી રાજ્યભરમાં કંડકટરોના મશીન માં સર્વર ડાઉન હોય પ્રોબ્લેમ આવી જતા અફડાતફડી અને અંધાધુંધી ફેલાઈ હતી અને ભારે દેકારો બોલી ગયો હતો. એસટી તંત્રના આધુનિકીકરણના બણગાં વચ્ચે આધુનિકીકરણ પાછળ કરોડો રૂપિયાના ખર્ચાઓ બાદ રાજ્યભરના ડેપોમાં બસો ઉપડતી બંધ થઈ હતી. હજારો મુસાફરોને હાલાકી નો સામનો કરવો પડ્યો હતો. નેટનો ઈશ્યૂ અને સર્વર ડાઉન હોવાથી બપોરે જે કંડકટરો ચડતા હોય તે મશીનમાં પ્રોબ્લેમ હતી. ટિકિટો કાપવાનું કામ મુશ્કેલ બન્યું હતું મશીનોમાં ટિકિટો અપડેટ થતી ન હતી. અન્ય ડેપોમાં વિગતો મેળવતા જાણવા મળ્યું કે જે કંડકટરો રનીંગ ટ્રીપ કરી અને આવ્યા હોય અને એ જ મશીન જો બીજા કંડકટરને આપી દેવામાં આવે તો કોઈ પ્રોબ્લેમ હતો નહીં પરંતુ રાજકોટ ડેપોના સિનિયર ડેપો મેનેજરની બેદરકારી અને લાપરવાહીના પગલે આ બાબત ન બનતા રાજકોટ એસટી બસ પોર્ટ પર ભારે દેકારો બોલી ગયો હતો. અને રાજકોટ થી ઉપડતી બસો બે થી ત્રણ કલાક પ્લેટફોર્મ પરથી જ મોડી ઉપાડવામાં આવી હતી

એવું આધારભૂત વર્તુળોમાંથી જાણવા મળ્યું છે.

આ પ્રકારની સર્વર એરરના કારણે તમામ બસો બસસ્ટેન્ડ પર જ અટકી જાય છે અને રૂટ પર સમયસર રવાના થતી નથી.

કંડકટર ડ્યુટી સ્ટાર્ટ કરી શકતા નથી એટલે ટિકિટ ઈશ્યુ કરવાની પ્રક્રિયા બંધ થઈ જાય છે.

મુસાફરો બસ સ્ટેન્ડ પર લાંબા સમય સુધી રાહ જોવી પડે છે.લોકોને તેમની ગંતવ્ય સ્થળે કેવી રીતે પહોંચવું તે અંગે મોટી મુશ્કેલી ઉભી થાય છે.

ઓફિસ જતાં કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને તાત્કાલિક કામવાળા મુસાફરોને ભારે તકલીફ પડે છે. બસ સમયસર ન ચાલતા જાહેર પરિવહન પ્રત્યે લોકોમાં અસંતોષ અને ગેરવ્યવસ્થા ફેલાય છે.

# પાડોશીની ખોટી અરજીની બદનામીના ડરથી યુવકે ફિનાઈલ પીધુ

## છેડતીની ખોટી અરજી બાદ ૧૫૧ હેઠળ ધરપકડ થતા યુવકને માઠું લાગી આવતા કર્યો આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

શહેરના ઈન્દિરા સર્કલ પાસે આવેલી મિલાપનગર સોસાયટીમાં રહેતા યુવકે પાડોશી દ્વારા કરવામાં આવેલી છેડતીની ખોટી અરજીથી કંટાળી ગઈકાલે રાત્રે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવકને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પંચાયત ચોક મિલાપનગર સોસાયટી-૩ માં રહેતા અને ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવતા રણછોડભાઈ (વિપુલભાઈ) ધરજીયા (ઉં.વ. ૩૩) એ ગઈકાલે રાત્રિના ૯૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું.

ઘટનાની જાણ થતા પરિવારજનોએ તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કર્યા હતા.

રણછોડભાઈએ જણાવ્યું હતું કે, તેમના છૂટાછેડા થઈ ગયા છે અને તેઓ એકલા રહે છે. તેમના પાડોશીએ થોડા સમય પહેલા તેમના વિરુદ્ધ છેડતીની ખોટી અરજી કરી હતી, જેના આધારે પોલીસે તેમની ૧૫૧ હેઠળ ધરપકડ પણ કરી હતી. બદનામીને કારણે તેમને માઠું લાગી આવ્યું હતું અને આથી જ કંટાળીને તેમને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે આ બનાવ અંગેની જાણ થતા સ્થાનિક પોલીસે હોસ્પિટલ પહોંચી યુવકનું નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# નવા ટેક્સ રિજીમમાં એચઆરએ છૂટ અને માસિક ટીડીએસ રિટર્નની ભલામણ

## કરદાતાઓને રાહત આપવા અને નવી ટેક્સ સિસ્ટમને વધુ આકર્ષક બનાવવા નિષ્ણાતો દ્વારા સરકાર સમક્ષ વિવિધ માંગ નોકરિયાત વર્ગને મોટો ફાયદો થવાની આશા

### માસિક ટીડીએસ રિટર્નથી કરદાતાઓને શું ફાયદો થશે?

હાલમાં કંપનીઓ કે સંસ્થાઓ દ્વારા એમ્પ્લોયીનું ટીડીએસ રિટર્ન ત્રિમાસિક (દર ત્રણ મહિને) ફાઈલ કરવામાં આવે છે. ટેક્સ નિષ્ણાતોનું માનવું છે કે આ સિસ્ટમને માસિક (દર મહિને) ધોરણે લાગુ કરવી જોઈએ. જો આમ થશે તો કરદાતાઓને તેમનો કપાયેલો ટેક્સ તરત જ ઓનલાઈન પોર્ટલ પર જોવા મળશે. આનાથી ટેક્સની ગણતરી સરળ બનશે, ભૂલો ઘટશે અને ઈન્કમ ટેક્સ રિફંડની પ્રક્રિયા વધુ ઝડપી બનશે.

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકાર દ્વારા કરદાતાઓ માટે નવી આવકવેરા વ્યવસ્થા ને વધુ આકર્ષક અને સરળ બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સરકારે નવા રિજીમને ડિફોલ્ટ ઓપ્શન તો બનાવી દીધો છે, પરંતુ હજુ પણ ઘણા કરદાતાઓ જૂની સિસ્ટમ તરફ વળેલા છે. આ સ્થિતિને બદલવા અને કરદાતાઓની સુવિધા માટે નવા ટેક્સ રિજીમમાં કેટલાક મોટા ફેરફારોની માંગ ઉઠી છે, જેમાં માસિક ટીડીએસ રિટર્ન અને એચઆરએના નિયમોમાં ધરખમ ફેરફાર મુખ્ય છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ટેક્સ પ્રોફેશનલ્સ અને ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોએ સરકાર સમક્ષ એક 'વિશ લિસ્ટ' રજૂ કર્યું છે. આ માંગણીઓમાં મુખ્યત્વે ટીડીએસ પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવાની વાત કરવામાં આવી છે. હાલના સમયમાં બિઝનેસ અને ટેક્સ સિસ્ટમ ડિજિટલ બની ગઈ છે, ત્યારે ત્રિમાસિક રિટર્નની જગ્યાએ માસિક રિટર્ન ફાઈલિંગ સિસ્ટમ લાગુ કરવાથી નોકરિયાત વર્ગ અને વ્યવસાયિકોને મોટી રાહત મળી શકે છે. આનાથી કરદાતાઓને સમયસર ટેક્સ ક્રેડિટ મળશે અને ફાઈનાન્શિયલ પ્લાનિંગ વધુ સચોટ બનશે.

આ ઉપરાંત, મેટ્રો શહેરોમાં રહેતા નોકરિયાત વર્ગ માટે એચઆરએ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. ભાડાના મકાનમાં રહેતા લોકોને નવા ટેક્સ રિજીમમાં એચઆરએ ક્લેમ ન મળતો હોવાથી ટેક્સનું ભારણ વધી જાય છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો સરકાર નવા ટેક્સ રિજીમના માળખામાં ફેરફાર કરી, તેમાં એચઆરએ ના નિયમોને રિસ્ટ્રક્ચર કરે, તો મોટાભાગનો નોકરિયાત વર્ગ ખુશીથી નવી ટેક્સ સિસ્ટમ અપનાવી લેશે.

સરકાર આ ભલામણો પર આગામી સમયમાં કેવા પગલાં લે છે તે જોવું રસપ્રદ રહેશે. જો આ માંગણીઓ સ્વીકારવામાં આવશે તો તે દેશના કરોડો કરદાતાઓ માટે મોટી ભેટ સાબિત થશે.

### એચઆઈએ નિયમોમાં બદલાવની નોકરિયાતોની સૌથી મોટી માંગ

હાલની સ્થિતિએ જૂના ટેક્સ રિજીમમાં મકાન ભાડા ભથ્થા પર કરમુક્તિનો લાભ મળે છે, જ્યારે નવા રિજીમમાં આ છૂટ મળતી નથી. આ કારણોસર ઘણા નોકરિયાતો હજુ પણ જૂની સિસ્ટમ પસંદ કરે છે. જો સરકાર નવા ટેક્સ રિજીમને વધુ લોકપ્રિય અને સર્વસ્વીકૃત બનાવવા માંગતી હોય, તો સરકારે એચઆરએના નિયમોમાં ફેરફાર કરીને નવા રિજીમમાં પણ મકાન ભાડા પર અમુક અંશે ટેક્સ રાહત આપવી જોઈએ તેવી માંગ ઉદ્યોગજગત અને કરદાતાઓ દ્વારા ઉઠી છે.

# ગુજરાતના સૌથી મોટા રંગોત્સવની તૈયારી / "દાદા"ના સાનિધ્યમાં સાળંગપુરમાં હોળી-ધુળેટી પર્વની કરાશે ઉજવણી

**અબતક,રાજકોટ**

દિવ્ય રંગોત્સવ, ઢોલના તાલે ભક્તિ રંગે દાદાના સંગે દાદાના દરબારમાં હોળી-ધુળેટી પર્વનું ભવ્ય આયોજન સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ સાળંગપુરધામ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે હરિપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી તથા કોઠારી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી હોળી-ધુળેટી પર્વ નિમિત્તે 03 માર્ચે પૂર્ણિમાના દિવસે ગુજરાતના સૌથી મોટા રંગોત્સવ અંતર્ગત દાદાને હોળીના દિવસે વિશેષ શણગાર કરી તથા સાત કલરના ૫૧,૦૦૦ કિલો ઓર્ગેનિક રંગો દ્વારા દિવ્ય રંગોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે. હરિપ્રકાશદાસજી સ્વામીના સાંનિધ્યમાં અને કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી સહિત સંતો અને દેશ દુનિયાથી પધારેલા લાખોની સંખ્યામાં આવેલા ભક્તો એક સાથે દાદાના રંગે રંગાશે.

## સાત પ્રકારના ૫૧ હજાર કિલો ઓર્ગેનિક રંગો દાદાને કરાશે અર્પણ

આજે સવારે શણગાર આરતી બાદ ફુલડોલોત્સવમાં દાદાનું વિશેષ પૂજન અર્ચન કરવામાં આવશે. આ પછી સંતોને રંગ લાગાવીને ભક્તોની સાથે રંગોત્સવ ઉજવવામાં આવશે. કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ જણાવ્યું કે, આ જીવનનો અલૌકિક લ્હાવો છે ભક્તિના રંગે રંગાવાનો. દાદાની પ્રસાદીના રંગોથી ભક્તિના રંગે રંગાઈને ભક્તો આનંદ-કિલ્લોલ કરશે.

(અનુ. આઠમા પાને)





શહેરીજનોને મનોરંજક પ્રવૃત્તિઓ માટે વાઈબ્રન્ટ કોમ્યુનિટી સ્પેસ પ્રદાન કરવા

# રાજ્યની તમામ મહાપાલિકાઓમાં બનશે 'નમો ગૌરવ પાર્ક'

## ગુજરાતમાં નમો ગૌરવ પાર્ક માટે રાજ્ય સરકાર દ્વારા શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ હેઠળ રૂ.૨૦ કરોડની રકમની ફાળવણી

### પાર્કમાં આયોજિત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સામાજિક મેળાવડાઓ અને સંગઠિત કાર્યક્રમો થકી શહેરી સમુદાયો વચ્ચેનું જોડાણ મજબૂત થશે

**અબતક રાજકોટ**

ગુજરાતના શહેરી વિસ્તારોમાં વિવિધ વયજૂથના લોકો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા મનોરંજન સ્થળોની માંગ હવે વધી રહી છે. એવા વાયબ્રન્ટ કોમ્યુનિટી સ્થળો જે મનોરંજનની સાથે સાથે સર્વાંગી સ્વાસ્થ્ય અને સુખાકારીને પણ પ્રોત્સાહન આપે છે. ઝડપી શહેરીકરણને કારણે શહેરી વિસ્તારમાં વસતા લોકો માટે મનોરંજક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવા માટે ખુલ્લી જગ્યાઓ ઓછી થઈ રહી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે રાજ્યની મહાનગરપાલિકાઓમાં થીમ-આધારિત 'નમો ગૌરવ પાર્ક' વિકસિત કરવાનો નિર્ણય કર્યો છે. આવા થીમ આધારિત પાર્ક વિકસિત કરવા માટે રાજ્ય સરકારે ગુજરાત બજેટ ૨૦૨૬-૨૭માં શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ હેઠળ ૨૦ કરોડની રકમની ફાળવણી કરી છે.

ઉલ્લેખનીય છે કે, થીમ આધારિત પાર્ક બહુવિધ પ્રકારની મનોરંજન પ્રવૃત્તિઓ માટે સુવિધાઓ પ્રદાન કરે છે, જેમાં રમત-ગમત, ફિટનેસ પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ઈકોલોજી, ટેક્નોલોજી આધારિત સુવિધાઓ વગેરેનો સમાવેશ થાય છે. આવા પાર્ક ફક્ત શહેરી વિસ્તારોમાં રહેવા માટેના માહોલને વધુ બહેતર જ નથી બનાવતા, પરંતુ ગ્રીન કવરમાં વધારો કરીને, બાયોડાયવર્સિટીને પ્રોત્સાહન આપીને અને માઈક્રોક્લાઈમેટિક પરિસ્થિતિઓમાં સુધાર કરીને ક્લાઈમેટ એટલે કે આબોહવા જાળવણીને પણ સહયોગ કરે છે.

### નમો ગૌરવ પાર્ક વિકસિત કરવાના ઉદ્દેશ

થીમ આધારિત નમો ગૌરવ પાર્ક વિકસિત કરવાનો ઉદ્દેશ શહેરીજનોની મનોરંજન અને સાંસ્કૃતિક જરૂરિયાતોને પૂર્ણ કરતા સલામત, સમાવિષ્ટ અને વાઈબ્રન્ટ કોમ્યુનિટી સ્થળોનું નિર્માણ કરવાનો છે. આ પહેલ થકી બાળકો, યુવાનો અને વરિષ્ઠ નાગરિકો એમ તમામ વયજૂથના લોકોને આધુનિક અને આકર્ષક મનોરંજન સુવિધા પૂરી પાડવામાં આવશે. સાથે જ, આ પાર્કમાં વિવિધ પ્રકારની શારીરિક પ્રવૃત્તિઓ માટેના ઝોન્સ બનાવવામાં આવશે જે શારીરિક તંદુરસ્તી, માનસિક સુખાકારી અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપશે. પાર્કમાં આયોજિત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સામાજિક મેળાવડાઓ અને સંગઠિત કાર્યક્રમો થકી શહેરી સમુદાયો વચ્ચેનું જોડાણ મજબૂત થશે. વધુમાં, આ પાર્ક વિકસિત કરવાનો એક ઉદ્દેશ સ્વચ્છ પર્યાવરણને પ્રોત્સાહન આપવાનો છે. વિવિધ વૃક્ષો અને છોડવાંઓના વાવેતર, થીમેટિક ગ્રીન લેન્ડસ્કેપ્સ અને પર્યાવરણને અનુકૂળ સુવિધાઓ દ્વારા શહેરી ઈકોલોજીમાં વધારો કરવામાં આવશે, તેમજ ગ્રીન કવરમાં વધારો, જળ સંરક્ષણ તેમજ સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને એકીકૃત કરીને હવામાનની સ્થિતિસ્થાપકતામાં પણ સુધારો કરવામાં આવશે. આ પાર્કના નિર્માણ થકી શહેરી જીવનની એકંદર ગુણવત્તામાં વધારો કરવામાં આવશે.

### રૂ.૧૦૦ કરોડના કુલ પ્રસ્તાવિત ખર્ચે બાળકોથી લઈને વરિષ્ઠ નાગરિકો સુધી તમામ વયજૂથના લોકોને આધુનિક અને આકર્ષક મનોરંજન સુવિધાઓ પ્રદાન કરવામાં આવશે

નમો ગૌરવ પાર્કમાં વિવિધ પ્રકારના કોમ્પોનેન્ટ્સ પ્રસ્તાવિત કરવામાં આવ્યા છે, જેમાં ચિલ્ડ્રન પ્લે ઝોન્સ, થીમ-બેઝ્ડ લેન્ડસ્કેપિંગ એન્ડ ગ્રીન ઝોન, ફિટનેસ એન્ડ સ્પોર્ટ્સ એરિયા, , રિક્રિએશનલ એન્ડ કલ્ચરલ એક્ટિવિટી સ્પેસ, વોટરબોડી અને ઈકો ફ્રેન્ડલી ફીચર્સ, પબ્લિક એમેનિટીસ અને યુનિવર્સલ એક્સેસેબિલિટી તેમજ સ્માર્ટ પાર્ક ફીચર્સનો સમાવેશ થાય છે.

ચિલ્ડ્રન પ્લે એરિયામાં બાળકો માટે રમત-ગમતના સાધનો હશે, તો થીમ-બેઝ્ડ લેન્ડસ્કેપિંગ એન્ડ ગ્રીન ઝોનમાં સ્થાનિક વૃક્ષોનું વાવેતર અને ફૂલોની ક્યારીઓ, થીમ આધારિત શિલ્પો અને કલાકૃતિઓનું સ્થાપન તેમજ બટરફ્લાય ગાર્ડન, હર્બલ ગાર્ડન વગેરે હશે, ફિટનેસ એન્ડ સ્પોર્ટ્સ એરિયામાં ઓપન જીમ, જોગિંગ અને વોકિંગ ટ્રેક્સ તેમજ બેડમિંટન, વોલીબોલ જેવી રમતો માટેનો એરિયા હશે, રિક્રિએશનલ એન્ડ કલ્ચરલ એક્ટિવિટી સ્પેસમાં ઓપન એર એમ્ફિથિયેટર અથવા પર્ફોર્મિન્સ માટેના સ્ટેજ, યોગ અને મેડિટેશન

(અનુ. આઠમા પાને)

# ગુજરાત બાર કાઉન્સિલના અમૃતા ભારદ્વાજ અને સી.એચ.પટેલના કાર્યાલયનો પ્રારંભ



### કન્યાદાન , મતદાન તો ખાનદાની જોઈને જ કરવુ જોઈએ, વકીલો સમજી વિચારીને મતદાન કરે: સિનિયર ધારાશાસ્ત્રીઓ





**અબતક,રાજકોટ**

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી તા. ૬ માર્ચના રોજ યોજાનાર છે, તેમાં રાજકોટ શહેર ભાજપ લીગલ સેલ દ્વારા અમૃતા અભયભાઈ ભારદ્વાજ અને સી.એચ. પટેલને મેદાનમાં ઉતાર્યા છે ત્યારે સિનિયર જુનિયર અને મહિલા વકીલો દ્વારા સમરસ પેનલના બંને ઉમેદવારોને જીતાડવા માટે તનતોડ મહેનત કરી અને બાર કાઉન્સિલમાં રાજકોટને પ્રભુત્વ મળે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં શહેર ભાજપ લીગલ સેલ દ્વારા સમરસ પેનલમાં સૌરાષ્ટ્રના જાણીતા સિનિયર ધારાશાસ્ત્રી સ્વ. અભયભાઈ ભારદ્વાજના પુત્રી અમૃતાબેન ભારદ્વાજ અને રાજકોટ શહેર ભાજપ લીગલ સેલના પૂર્વ સહ કન્વીનર સી. એચ. પટેલને મેદાનમાં ઉતાર્યા છે. ચૂંટણીને લગતી કામગીરી અને સંપર્ક સુત્ર માટે રાજકોટના પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયાના કાર્યાલય ખાતે સમરસ પેનલના મધ્યસ્થ કાર્યાલય ધમધમતું થયું છે.

આ તકે ઉમેદવારોને સમર્થન આપવા માટે ભાજપ આગેવાનો, ધારાસભ્યો, લીગલ સેલના હોદેદારો, રાજકોટ બારના ભૂતપૂર્વ પ્રમુખ, સેક્રેટરી સહિત કારોબારી ટીમ, વકીલોના અલગ અલગ સંગઠનોના હોદેદારો વિગેરેએ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ તકે સિનિયર ધારાશાસ્ત્રી તુલસીદાસ ગોંડલિયાએ જણાવ્યું હતું કે, રાજકોટના વકીલો ખુબજ શાણા છે. આપણી સંસ્કૃતિમાં આમ પણ કહેવાય જ છે કે, કન્યાદાન અને મતદાનતો ખાનદાની જોઈને જ કરવું જોઈએ, તેથી વકીલો સમજી વિચારીને મતદાન કરે, જ્યારે બારના ભૂતપુર્વ પ્રમુખ લલિતસિંહ શાહીએ જણાવ્યું હતું કે, ભૂતપૂર્વ હોદેદારોએ વકીલોના હિતમાં અથાગ પ્રયત્નો કરીને નવા કોર્ટ બિલ્ડીંગ સાથે જરૂરી સુવિધા માટે કરોડો રૂપીયાની ગ્રાન્ટ મંજુર કરાવેલી છે. બાકી કાર્યને બંને ઉમેદવારો ચૂંટાઈને આવે અને આગળ ધપાવે તેવી ભાવના પ્રગટ કરી હતી.


### સમરસ ઉમેદવારને વિજય બનાવવા તમામ બારના હોદેદારો - સભ્યો, સિનિયર, જુનીયર અને મહીલા વકીલોની જંગી હાજરી

શહેર ભાજપ લીગલ સેલ કન્વીનર પિયુષભાઈ શાહે સમરસ પેનલના તમામ ઉમેદવારોને બહુમતિથી જીત માટે મતદાન કરવા અનુરોધ કર્યો હતો. જાણીતા ધારાશાસ્ત્રી કમલેશભાઈ શાહે સમરસ ટીમે શરૂ કરેલી વિકાસ

(અનુ. આઠમા પાને)

# પ્યાસીઓના છાંટા પાણી પર બુલડોઝર ફરી વળ્યું : ૪૨૮૨૬ બોટલ શરાબનો નાશ

### શહેર પોલિસે ચાર માસમાં કબ્જે કરેલો રૂ. ૧.૫૬ કરોડના દારૂનો નાશ કરાયો





**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પોલિસે ચાર મહિનામાં ૨૩૮ કેસો કરી કબ્જે કરેલા રૂ. ૧.૫૬ કરોડની કિંમતની દારૂ-બિયરની ૪૨,૮૨૬ બોટલ પર બુલડોઝર ફેરવી દઈ નાશ કરવામાં આવ્યો હતો.

રાજકોટ શહેરી વિસ્તારમાં ઓક્ટોબર ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ગેરકાયદે ઠલાવવામાં આવેલ અને પકડાયેલ વિદેશી દારૂના જથ્થાનો નિકાલ કરવા કોર્ટમાંથી હુકમ કરવામાં આવ્યો હતો. જેના માટે સમિતિની રચના કરવામાં આવી હતી. જેથી સમિતિના અધ્યક્ષ, સભ્યો તથા સભ્ય સચિવની હાજરીમા આજે સવારે સાત વાગ્યે કુવાડવા રોડ પર સાત હનુમાન મંદિરથી આગળ સોખડા અને નાકરાવાડી ગામ વચ્ચે આવેલ સરકારી જગ્યા ખાતે દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. ચાર માસ દરમિયાન ઝોન-૧ પોલીસે ૬૮ કેસોમાં કબ્જે કરેલો રૂ.૩૨,૩૯,૭૩૨ ની કિંમતની દારૂ-બિયરની ૧૦૦૫ બોટલ, ઝોન-૨ પોલીસે ૧૨૬ કેસો કરી

(અનુ. આઠમા પાને)

## સ્પોર્ટ્સ અબતક

# ઝિમ્બાબ્વેને ૭૨ રનથી કચડી ભારતે સેમિફાઈનલની આશા જીવંત રાખી

### ભારતનો ૨૫૬ રનનો તોતિંગ વિક્રમી સ્કોર, ઝિમ્બાબ્વેના ૧૮૪, હાર્દિકના ૨૩ બોલમાં અણનમ ૫૦ અને અભિષેક ફોર્મમાં આવ્યો, ૫૫ રનની જબરદસ્ત ઈનિંગ રમી

**અબતક, રાજકોટ**

ઓપનર અભિષેક શર્માએ તેનું ફોર્મ પરત મેળવી લેતી અડધી સદી ફટકાર્યા બાદ હાર્દિક પંડ્યા અન તિલક વર્માએ બેટિંગમાં ઝંઝાવાત સર્જતા ભારતે રમાયેલી મેચમાં ઝિમ્બાબ્વે સામે ૭૨ રનથી શાનદાર વિજય હાંસલ કરીને ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં પોતાના સેમિફાઈનલ પ્રવેશની આશા જીવંત રાખી હતી. જોકે ભારતનો બાકી રહેલી એક મેચ જીતવી ફરજિયાત છે પરંતુ તેણે ફોર્મ પરત મેળવ્યાના સંકેત આપી દેતી રમત દાખવી હતી.ચેપોક ખાતે રમાયેલી મેચમાં ઝિમ્બાબ્વેએ ટોસ જીત્યા બાદ ભારતને પ્રથમ બેટિંગ આપી હતી જે કેપ્ટન સિકંદર રઝાની ભૂલ પુરવાર થઈ હતી કેમ કે ભારતે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૫૬ રનનો તોતિંગ સ્કોર ખડકી દીધો



હતો જેની સામે ઝિમ્બાબ્વે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૮૪ રન કરી શક્યું હતું. ભારતની બેટિંગમાં તેના તમામ બેટરનું યોગદાન રહ્યું હતું.વર્તમાન વર્લ્ડ કપમાં અગાઉ ખાતું પણ ખોલાવી નહીં શકેલા અભિષેક શર્માએ ટીમને મજબૂત પ્રારંભ અપાવ્યો હતો. ચોથી ઓવર સુધીમાં તેણે સંજુ સેમસન સાથે મળીને ૪૮ રન ઉમેરી દીધા હતા. સંજુએ પણ મહત્વનું યોગદાન આપતાં ૧૫ બોલમાં ૨૪ રન ફટકાર્યા હતા. અભિષેક તેના મૂળ ફોર્મમાં જણાતો હતો. તેણે માત્ર ૩૦ બોલમાં ચાર સિક્સર અને ચાર ચોગ્ગા સાથે ૫૫ રન ફટકારી દીધા હતા. ઈશાન કિશનને ત્રીજા ક્રમે મોકલાયો હતો પરંતુ તેણે પણ પોતાનું ફોર્મ જાળવી રાખીને ૨૪ બોલમાં આક્રમક ૩૮ રન ફટકાર્યા હતા તો કેપ્ટન સૂર્યકુમાર યાદવે વધુ આક્રમકતા દાખવી હતી. તે માત્ર ૧૩ જ બોલ રમ્યો હતો જેમાં તેણે બે સિક્સર સાથે ૩૩ રન ફટકારી દીધા હતા. જોકે ભારતીય ઈનિંગ્સમાં રનની રમઝટ તો સૂર્યાના આઉટ થયા બાદ જોવા મળી હતી. ૧૫મી ઓવરના પાંચમા બોલે કેપ્ટન સૂર્યકુમાર યાદવ આઉટ થયો ત્યારે હાર્દિકની સાથે તિલક વર્મા જોડાયો હતો. અહીંથી ઝંઝાવાતનો પ્રારંભ થયો હતો. બંનેએ માત્ર ૩૧ બોલમાં ૮૪ રન ઝૂડી નાખ્યા હતા. ઈનિંગ્સના છેલ્લા બોલે અડધી સદી પૂરી કરનારા હાર્દિક પંડ્યાએ ૨૩ બોલમાં ચાર સિક્સર અને બે ચોગ્ગા સાથે અણનમ ૫૦ રન ફટકાર્યા હતા તો તિલક વર્મા તો પોતાના સિનિયર જોડીદાર કરતાં પણ વધારે આક્રમક રહ્યો હતો. તેણે માત્ર ૧૬ જ બોલ રમીને ચાર સિક્સર અને ચોગ્ગા સાથે અણનમ ૪૪ રન ફટકાર્યા હતા.ટીર૦ વર્લ્ડ કપમાં ભારતનો આ સર્વોચ્ચ સ્કોર અને ટુર્નામેન્ટના ઈતિહાસનો બીજો સર્વોચ્ચ સ્કોર હતો. ભારતીય ઈનિંગ્સમાં ૧૭ સિક્સર જોવા મળી હતી. બેટિંગમાં આવેલા તમામ બેટરે કમસે કમ એક સિક્સર ફટકારી હતી. ૨૫૭ રનના પ્રારંભથી જ કપરા ટારગેટ સામે રમતાં ઝિમ્બાબ્વે માટે ઓપનર બ્રાયન બેનેટે લડાયક બેટિંગ કરી હતી પરંતુ શરૂઆતથી જ તેની ટીમ વિજયથી દૂર રહી ગઈ હતી. ભારત હવે સુપર-૮ની તેની અંતિમ મેચમાં પહેલી માર્ચે વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે. આ મેચ તેના માટે જીતવી ફરજિયાત છે.



### ટી-૨૦ વર્લ્ડ કપમાં બીજો સર્વોચ્ચ સ્કોર ભારતના નામે

આઈસીસી ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ગુરુવારે ઝિમ્બાબ્વે સામેની ચેન્નાઈ ખાતેની મેચમાં ભારતે અત્યંત આક્રમક બેટિંગ કરીન ચાર વિકેટે ૨૫૬ રનનો સ્કોર રજૂ કર્યો હતો. ટીર૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં આ બીજો સર્વોચ્ચ સ્કોર રહ્યો હતો. અગાઉ શ્રીલંકાએ ૨૦૦૭માં કેન્યા સામે છ વિકેટે ૨૬૦ રન કર્યા હતા. હજી ત્રણ દિવસ અગાઉ વેસ્ટ ઈન્ડિઝે આ જ હરીફ સામે મુંબઈ ખાતે ૨૫૪ રન નોંધાવ્યા હતા.

### અર્શદીપ-બુમરાહ સિવાયના બોલરો ભારતને દબાણમાં લાવશે

ભારતે ગઈકાલના મેચમાં મોટા અંતરથી જીત મેળવી હતી પરંતુ બોલિંગમાં ફરી એકવાર ખામીઓ દેખાઈ. કેપ્ટન સૂર્યકુમાર યાદવએ પણ સ્વીકાર્યું કે બોલિંગ વધુ ક્લિનિકલ (સચોટ અને અસરકારક) હોવું જોઈએ હતું.શિવમ દુબે જેવા સિક્સ્થ બોલર તરીકેના ખેલાડીએ બે ઓવરમાં ૪૬ રન આપ્યા, જેમાં નો-બોલ અને વાઈડ પણ સામેલ હતા. આવું પ્રદર્શન ટીમ માટે મોટી ચિંતાનો વિષય બન્યું છે.આકાશ ચોપડા જેવા નિષ્ણાતોએ કહ્યું છે કે શિવમ દુબેમાં હાલ કોઈ આત્મવિશ્વાસ નથી, અને છેલ્લી ત્રણ મેચમાં તેણે ૭ ઓવરમાં ૧૧૩ રન આપ્યા છે. આવા ખેલાડીને બોલિંગ આપવી પડે તો ટીમ મુશ્કેલીમાં આવી જાય છે.સ્પિન બોલિંગમાં પણ સમસ્યા છે .વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલ જેવા બોલર્સ રિધમ ગુમાવી રહ્યા છે, જ્યારે ફિંગર સ્પિન સામે ભારતના બેટ્સમેન પણ સંઘર્ષ કરી રહ્યા છે.

### ભારતીય ટીમે ૧૭ સિક્સ ફટકારી

ઝિમ્બાબ્વે સામેની મેચ દરમિયાન ભારતની ઈનિંગ્સમાં ૧૭ સિક્સર જોવા મળી હતી જેમાં અભિષેક શર્મા, હાર્દિક પંડ્યા અને તિલક વર્માની ચાર ચાર સિક્સર સામેલ હતી. ટીર૦ વર્લ્ડ કપમાં ભારતે એક ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સરનો પોતાનો રેકોર્ડ બહેતર બનાવ્યો હતો. અગાઉ તેણે એપ્રિલ ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયા સામે ૧૫ સિક્સર ફટકારી હતી.

### રવિવારે જે ટીમ જીતશે તે સેમિફાઈનલમાં પહોંચશે

ગ્રુપ ૧માં પોઈન્ટ ટેબલ પર નજર કરીએ તો સાઉથ આફ્રિકા પહેલાથી જ સેમીફાઈનલમાં સ્થાન મેળવી ચૂક્યું છે, જ્યારે ઝિમ્બાબ્વે બહાર થઈ ગયું છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ, બંને ટીમોએ ૨-૨ મેચ રમી છે અને ત્રીજી મેચમાં તેઓ એકબીજા સામે રમવા માટે તૈયાર છે, જેનાથી બીજી સેમીફાઈનલ ટીમ નક્કી થશે. ગ્રુપમાં બાકીની ૨ ટીમો, ભારત અને વેસ્ટ ઈન્ડિઝ, ૨-૨ મેચ રમી ચૂકી છે. તેઓ એકબીજા સામે પોતાની ત્રીજી મેચ રમવાના છે. હાલમાં તેમના ૨-૨ પોઈન્ટ છે. જે ટીમ એકબીજા સામે પોતાની મેચ જીતશે તે ૪ પોઈન્ટ સાથે સેમીફાઈનલમાં પહોંચશે.

# ન્યૂઝીલેન્ડ આજે ઈંગ્લેન્ડને હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ માટે રમશે

### અગાઉથી જ ક્વોલિફાઈ થઈ ગયેલી અંગ્રેજ ટીમ માટે વોર્મ અપ, કિવિને જીતવું જરૂરી

**અબતક, રાજકોટ**

શ્રીલંકાને પરાજય આપ્યા બાદ લગભગ સેમિફાઈનલમાં પહોંચી ગયેલી ન્યૂઝીલેન્ડની ટીમ આજે ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડને હરાવીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરવાના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરશે. ઈંગ્લેન્ડની ટીમ પહેલેથી જ સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે, તેથી તેના પર વધારે દબાણ નથી. તેવામાં હેરી બ્રૂકની ટીમ સામે ન્યૂઝીલેન્ડનો માર્ગ આસાન નહીં રહે.ઈંગ્લેન્ડે શ્રીલંકા અને બાદમાં પાકિસ્તાન સામે વિજય મેળવીને અંતિમ-૪માં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરી લીધું છે.સુપર-૮માં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ સામેની મેચ વરસાદમાં ધોવાઈ જતાં બંને ટીમને એક-એક પોઈન્ટ મળ્યા હતા. ન્યૂઝીલેન્ડના સ્પિનર્સે શ્રીલંકા સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. મિચેલ સેન્ટનર, રચિન રવીન્દ્ર, ગ્લેન ફિલિપ્સ, કોલ મેકકોન્ચી પલ્લિકલની તુલનામાં પ્રેમદાસા સ્ટેડિયમમાં વધારે સફળ સાબિત થઈ શકે છે.ન્યૂઝીલેન્ડ માટે ઓપનર ટિમ સેફર્ટ અને ફિન એલન આક્રમક ફોર્મમાં છે પરંતુ શ્રીલંકા સામે તે વધારે સફળ રહ્યા ન હતા. શ્રીલંકા સામે ન્યૂઝીલેન્ડે એક સમયે ૮૬ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી પરંતુ કેપ્ટન સેન્ટનરની ૪૭ રનની ઈનિંગ્સ અને કોલ મેકકોન્ચીના અણનમ ૩૧ રનની મદદથી ટીમે શાનદાર કમબેક કર્યું હતું અને બાદમાં સ્પિનર્સે તરખાટ મચાવતા કિવિ ટીમે મેચ જીતી લીધી હતી. બીજી તરફ ઈંગ્લેન્ડ ભલે સેમિફાઈનલમાં પહોંચી ગયું હોય પરંતુ ટુર્નામેન્ટમાં તેનું પ્રદર્શન અપેક્ષા પ્રમાણેનું રહ્યું નથી. કેપ્ટન બ્રૂક સારા ફોર્મમાં છે અને તેણે છેલ્લી મેચમાં પાકિસ્તાન સામે સદી ફટકારીને ટીમને એકલા હાથે જીતાડી હતી. જ્યારે અનુભવી ઓપનર જોઝ બટલર અને ફિલ સોલ્ટ જેવા ખેલાડીનો દેખાવ ઘણો જ નિરાશાજનક રહ્યો છે. શ્રીલંકા સામે પોતાના મેચ-વિનિંગ પ્રદર્શન પછી ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર રચિન રવીન્દ્રએ કહ્યું હતું કે, ભલે ટુર્નામેન્ટમાં ઈંગ્લેન્ડનું પ્રદર્શન અપેક્ષા પ્રમાણેનું નથી રહ્યું પરંતુ તેને ઓછું આંકવું મોટી ભૂલ સાબિત થઈ શકે છે. સેમિફાઈનલમાં સ્થાન સુનિશ્ચિત કરવા માટે ટીમ એકજૂટ થઈને શાનદાર પ્રદર્શન કરશે. ટીમ આત્મવિશ્વાસથી ભરેલી છે અને તે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરશે.



### ન્યૂઝીલેન્ડ હારે તો પાકિસ્તાનની સેમિફાઈનલની આશા જીવંત બની શકે

શ્રીલંકા સામે ૬૧ રનના જંગી અંતરથી વિજય નોંધાવીને ન્યૂઝીલેન્ડે તેનો નેટ રન રેટ વધારીને +૩.૦૫૦ કરી દીધો છે અને તેથી જીતીને તે સીધું સેમિફાઈનલમાં પહોંચી જશે. જોકે, જો તે મોટા અંતરથી હારશે તો તેનો માર્ગ મુશ્કેલ બની શકે છે. ઈંગ્લેન્ડ સામે હાર્યા બાદ પાકિસ્તાનનો નેટ રન રેટ -૦.૪૬૧ અને જો ન્યૂઝીલેન્ડ ખરાબ રીતે હારે તો તેના માટે સેમિફાઈનલની આશા જીવંત બની શકે છે. જોકે, તેના માટે પાકિસ્તાને પોતાની અંતિમ મેચમાં શ્રીલંકા સામે જંગી અંતરથી વિજય નોંધાવવો પડશે.

# આઈપીએલ પહેલા વૈભવ સૂર્યવંશીની વિસ્ફોટક બેટિંગ, ૧૪ બોલમાં ફિફ્ટી ફટકારી

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ પહેલા વૈભવ સૂર્યવંશી ફરી એકવાર શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. વૈભવે હાલમાં રમાઈ રહેલી ડીવાય પાટિલ ટીર૦ ટૂર્નામેન્ટમાં આ કમાલ કરી બતાવી છે. વૈભવે માત્ર ૧૪ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. તેના બેટથી આ ઈનિંગ રન ચેઝ દરમિયાન આવી હતી. વૈભવનું આ ફોર્મ રાજસ્થાન રોયલ્સ માટે મોટા સમાચાર છે.

ડીવાય પાટિલ બ્લૂ તરફથી રમતા વૈભવે ઈન્ડિયન નેવી સામેની મેચમાં ધમાકો કર્યો હતો. આ યુવા બેટ્સમેને ૧૯ બોલમાં ૩૩૧.૫૮ ના તોફાની સ્ટ્રાઈક રેટથી ૬૩ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેના બેટથી ૭ ચોગ્ગા અને ૫ છગ્ગા નીકળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, શરૂઆતી ૧૨ બોલમાં જ વૈભવ ૪૩ રનના સ્કોર પર પહોંચી ગયો હતો. ત્યારબાદ તેણે છગ્ગો અને ચોગ્ગો ફટકારીને પોતાની અડધી સદી પૂરી કરી હતી.

પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈન્ડિયન નેવીની ટીમે ૨૦ ઓવરમાં ૨૧૯/૪ રન બોર્ડ પર લગાવ્યા હતા. ટીમ માટે ઓપનર કુંવર પાઠકે સૌથી મોટી ઈનિંગ રમતા ૫૩ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૮૭ રન બનાવ્યા હતા. આ ઉપરાંત પાંચમા નંબરે ઉતરેલા નીતિન તનવરે ૫૭ રનની ઈનિંગ રમી હતી.ત્યારબાદ રન ચેઝ માટે ઉતરેલી વૈભવ સૂર્યવંશીની ટીમ ડીવાય પાટિલ બ્લૂએ ૫ બોલ બાકી રહેતા એટલે કે ૧૯.૧ ઓવરમાં ૨૨૫/૫ રન બનાવીને જીત મેળવી લીધી હતી. ટીમ માટે વૈભવ ઉપરાંત અર્જુન તેંડુલકરે પણ શાનદાર ઈનિંગ રમી હતી. અર્જુને ૨૯ બોલમાં ૭ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૫૫ રન બનાવ્યા હતા.



# ક્રિકેટર રિંકુ સિંહના પિતાનું નિધનઃ નોઈડાની યથાર્થ હોસ્પિટલમાં લીધા અંતિમ શ્વાસ

### ટી-૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાના સૌથી મહત્વપૂર્ણ ખેલાડી રિંકુ સિંહ ટીમ છોડીને ઘરે પરત ફર્યા

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટર રિંકુ સિંહના પિતાનું અવસાન થયું છે. તેમણે ગ્રેટર નોઈડાની યથાર્થ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. રિંકુ સિંહના પિતા, ખાચંદ્ર સિંહ, સ્ટેજ-૪ લીવર કેન્સર સામે લડી રહ્યા હતા. તાજેતરમાં તેમની તબિયત ખૂબ જ બગડી હતી, જેના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પિતાની બગડતી તબિયતની જાણ થતાં, રિંકુ સિંહને અચાનક ટીમ ઈન્ડિયા છોડીને ઘરે પાછા ફરવું પડ્યું.ખાચંદ્ર સિંહ ઘણા દિવસોથી મિકેનિકલ વેન્ટિલેટર સપોર્ટ પર હતા અને સતત રીનલ રિપ્લેસમેન્ટ થેરાપી લઈ રહ્યા હતા.ટીર૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાના સૌથી મહત્વપૂર્ણ ખેલાડીઓમાંના એક રિંકુ સિંહ ટીમ છોડીને ઘરે પરત ફર્યા છે. ટીમ ઈન્ડિયાએ ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં પ્રેક્ટિસ સેશન યોજ્યું હતું, પરંતુ રિંકુ સિંહે ભાગ લીધો ન હતો. અન્ય ખેલાડીઓ પ્રેક્ટિસ કરતા જોવા મળ્યા હતા. આ પછી જ સમાચાર આવ્યા કે, તેના પિતા ગંભીર રીતે બીમાર છે.આ કારણે રિંકુને ઘરે પરત ફરવું પડ્યું. ૨૮ વર્ષીય ખેલાડી ઉત્તર પ્રદેશના અલીગઢનો રહેવાસી છે.

ભારતીય ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટકે રિંકુ સિંહ વિશે અપડેટ આપતા કહ્યું કે તેના પિતા બીમાર છે અને ઘરે પરત ફર્યા છે. કોચે વધુમાં પુષ્ટિ આપી હતી કે રિંકુ ટૂંક સમયમાં ટીમમાં જોડાશે. જો કે, આ દુઃખદ સમાચાર પછી, તે ક્યારે ટીમ ઈન્ડિયાનો ભાગ બનશે તે અંગે કંઈ કહી શકાય નહીં.



# રણજી ટ્રોફી જીતી ઈતિહાસ રચવાને આરે જમ્મુ કાશ્મીર

### જમ્મુએ પ્રથમ ઈનિંગમાં ૫૮૪ રનના ખડકલાના જવાબમાં કર્ણાટક ૨૯૩માં ઓલઆઉટ: બીજી ઈનિંગમાં જમ્મુની ધીમી પણ મક્કમ શરૂઆત, ૪૦૦+ની લીડ

**અબતક, રાજકોટ**

રણજી ટ્રોફી ૨૦૨૫-૨૬ની ફાઈનલમાં જમ્મુ અને કાશ્મીર અને કર્ણાટકની ટીમો આમને-સામને છે.હુબલીના ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ રહેલી મેચમાં જમ્મુ અને કાશ્મીરનો દબદબો રહ્યો છે. પોતાની પહેલી રણજી ટ્રોફી ફાઈનલ રમી રહેલા જમ્મુ અને કાશ્મીર ઈતિહાસ રચવા માટે તૈયાર છે અને તેણે પહેલી ઈનિંગમાં લીડ મેળવી લીધી છે. જમ્મુ અને કાશ્મીરના બોલર ઓકિબ નબીએ ફરી એકવાર પોતાની છાપ છોડી દીધી,ધમાકેદાર શરૂઆત કરી.



આ મેચમાં, જમ્મુ અને કાશ્મીરે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો,પોતાની પહેલી ઈનિંગમાં ૫૮૪ રન બનાવ્યા.જવાબમાં કર્ણાટકનો પ્રથમ ઈનિંગ ૨૯૩ રનમાં સમેટાઈ ગયો જેના કારણે જમ્મુ અને કાશ્મીરને ૨૯૧ રનની નોંધપાત્ર લીડ મળી.જો આ મેચ ડ્રોમાં સમાપ્ત થાય, તો જમ્મુ અને કાશ્મીરનું પ્રથમ વખત રણજી ટ્રોફી જીતવાનું નિશ્ચિત છે.જમ્મુ અને કાશ્મીરના બોલર ઓકિબ નબીએ આ ઈનિંગમાં શાનદાર બોલિંગ કરી, જેના કારણે કર્ણાટકનો પતન થયો. તેણે ૨૩ ઓવરમાં માત્ર ૫૪ રન આપીને ૫ વિકેટ લીધી,જેમાં ૭ મેડનનો સમાવેશ થાય છે.આ સમયગાળા દરમિયાન નબીએ કેએલ રાહુલને કેચ આપ્યો,કરુણ નાયરને બોલ્ડ કર્યો, રવિચંદ્રન સ્મૃતિને વિકેટકીપર દ્વારા કેચ આપ્યો,મયંક અગ્રવાલને એલબીડબ્લ્યુ આઉટ કર્યો, અને શિખર શેટ્ટીને એલબીડબ્લ્યુ આઉટ કરીને પાંચ વિકેટ લીધી. કર્ણાટકના સ્ટાર બેટ્સમેન આકિબ નબી સામે નિષ્ફળ ગયા.

### ૧૦ મેચમાં ૬૦ વિકેટ... ઓકિબ નબીએ ફરી પંજો ખોલ્યો

ઓકિબ નબીએ આ સિઝનમાં૧૦ મેચમાં ૬૦ વિકેટ લીધી છે,જે અન્ય તમામ બોલરોમાં સૌથી વધુ છે. તે દરેક મોટી મેચમાં ટીમ માટે મુખ્ય મેચ વિજેતા સાબિત થઈ રહ્યો છે. તેણે ક્વાર્ટર-ફાઈનલ મેચમાં કુલ ૧૨ વિકેટ, સેમિફાઈનલમાં ૯વિકેટ લીધી, અને હવે તેણે ફાઈનલની પહેલી ઈનિંગમાં પણ પોતાની છાપ છોડી દીધી છે. આકિબ નબીનું આ મજબૂત પ્રદર્શન તેને ટીમ ઈન્ડિયામાં પણ પ્રવેશ અપાવી શકે છે, જે એક મોટો દાવેદાર બની ગયો છે.

# જન ઔષધિ કેન્દ્રના સંચાલકનું અભ્યાસે વકીલ યુવતી પર વારંવાર દુષ્કર્મ

## રાજકોટની યુવતીને મૂળ માંગરોળ પંથકના શખ્સે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હોટેલ અને ભાડાના મકાનમાં લઈ જઈ દેહ ચૂંથ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટમાં અભ્યાસે વકીલ યુવતી પર મૂળ માંગરોળ પંથકના વતની અને જન ઔષધિ કેન્દ્રના સંચાલકે લગ્નની લાલચે અનેકવાર દુષ્કર્મ ગુજાર્યો હતો. યુવતીને પ્રેમજાળમાં ફસાવી હોટેલ, ભાડાના મકાનમાં લઈ જઈ હવસખોરે પોતાની હવસ સંતોષી હતી. બાદમાં ફોન ઉપાડવાનું બંધ કરી સબંધ તોડી નાંખતા યુની. પોલીસ મથકમાં દુષ્કર્મ, એટ્રોસીટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટમાં રહેતી ૩૦ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મિલન રામ પીઠડીયા (રહે. લાઈટ હાઉસ, વિંગ નં.૦૫, ફ્લેટ નં.૩૦૭, મૂળ. નગીચાણા, માંગરોળ) નું નામ આપતાં યુની. પોલીસે દુષ્કર્મ, એટ્રોસીટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણીએ એમ.કોમ. તથા એલ.એલ.બી. સુધી અભ્યાસ પુર્ણ કરેલ છે, તેમના અભ્યાસના આધારે સ્કુલના તથા અન્ય ઓફીસના કામ ઘરેથી કરે છે. તેમના પિતા આઈ.ઓ.સી. કંપનીમાંથી નિવૃત થયેલ છે, તેમની માતા સામાજીક સેવા પ્રવુતિ કરે છે.

આશરે દોઢ-બે વર્ષ પહેલા નાણાવટી ચોક નજીક એસબીઆઈ એટીએમની નજીક આવેલ જન ઔષધી કેન્દ્રમાં દવા તથા વસ્તુ લેવા જતા ઔષધિ કેન્દ્ર ચલાવતા મિલન પિઠીયા સાથે ઓળખાણ થયેલ અને વાત ચીત થતાં પરીચયથી તેના સંપર્કમાં આવેલ હતી. ફેબ્રુઆરી ૨૦૨૪ માં આરોપીએ પ્રેમનો પ્રસ્તાવ મુકી તારી સાથે લગ્ન કરીશ તેવી લાલચ આપેલ હતી. વધુમાં અમારા ગામમા પ્રેમ લગ્ન કરવાની છુટ છે, તેમ જણાવતા તેણી પ્રેમમા અને વિશ્વાસમાં આવી ગયેલ હતી.

બાદ મિલન તેણીએ ગઈ તા. ૨૯/૦૫/૨૦૨૪ ના કાલાવડ રોડ પર આવેલી હોટલ ખાતે લઈ ગયેલ અને તેણે કહેલ કે, આપણે નજીકના સમયમાં લગ્ન કરવાના છીએ, તો થોડી વાતચીત કરવાની છે તેમ કહી તે હોટલના રૂમમાં લઈ ગયેલ. ત્યારે તેણીએ આઈ.ડી. પ્રુફ પણ આપેલ અને તે હોટલના રૂમમાં પાંચેક કલાક રોકાયા દરમ્યાન મિલન પીઠીયાએ શરીર સંબંધ બાંધવા માંગણી કરેલ તો તેને ના પાડેલ તેમ છતા કહેલ કે, આપણે તો હમણા જ લગ્ન કરવાના છીએ, તો આમા કોઈ ખોટુ નથી તેમ કહી શરીર સંબંધ બાંધેલ હતો.

આરોપી તેણીને તે જ હોટલમાં તા.૨૫/૦૭/૨૦૨૪ તથા તા.૦૮/૧૦/૨૦૨૪ ના હોટલના રૂમમાં લઈ જઈ શરીર સંબંધ બાંધેલ હતો. હોટલમાં આઈ.ડી.પ્રુફ આપવાના થતા હોય જેથી તે હોટલમાં લઈ જવાની ના પાડેલ તો નવેમ્બર ૨૦૨૪ માં મિલન તેની બાઈકમાં બેસાડી કહેલ કે, મારા રૂમે જઈએ અને ત્યાં મળીએ તેમ કહી તેના પરશુરામ ચોકડી પાસે આવેલ લાઈટ હાઉસ વાળા ભાડાના મકાન રૂમ નં.૩૦૭ માં લઈ જઈ શરીર સંબંધ બાંધેલ હતો. આરોપી લાઈટ હાઉસ રુમમાં અવારનવાર લઈ જઈ શરીર સંબંધ બાંધતો હતો.

ગઈ તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ આરોપીએ તેણીનો ફોન ના ઉપાડતા તેણી લાઈટ હાઉસ વાળા મકાને જતા બીજા અજાણ્યા સ્ત્રી સાથે ઘરે મળી આવેલ હતો. તેમજ આરોપી ફોન ન ઉપાડતા અને મેડીકલની તેની દુકાને ન દેખાતા તેની તપાસ કરવા તેના ગામ નગીચાણા જતાં ત્યાં ગામના સરપંચ મળતા તેમને વિગતે વાત કરેલ તો તેમણે કહેલ કે, આ મિલન પીઠીયાના લગ્ન થઈ ગયેલ છે, જે બાદ તેને ફોન કરતાં ફોન લાગેલ નહી જેથી ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ એસસી એસટી સેલ એસીપી ચિંતન પટેલ અને ટીમે આદરી આરોપીની ધરપકડ કરવાં તજવીજ હાથ ધરી હતી.

**હવસ સંતોષી હવસખોરે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું : યુવતી આરોપીના ગામ નાગીચાણા પહોંચતા તે પરિણીત હોવાનું ખુલ્યું : દુષ્કર્મ, એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો**

# બોગસ દસ્તાવેજ ન ખરા તરીકે ઉપયોગ કરવાના ગુનામાં આરોપી નિર્દોષ

## પાકિસ્તાનમાં જન્મેલ વ્યકિત એ પાસપોર્ટ મેળવવા માટે રાજકોટમા જન્મ થયેલા ખોટા ડોક્યુમેન્ટ બનાવ્યા

**અબતક, રાજકોટ**

પાકિસ્તાન મા જન્મેલ વ્યકિત એ પાસપોર્ટ મેળવવા માટે રાજકોટ મા જન્મ થયેલા ખોટા ડોક્યુમેન્ટ બનાવવા અને તેનો ખરા તરીકે ઉપયોગ કરવા ગંભીર ગુન્હામા આરોપીને નિદોર્ષ છોડી મૂકવાનો અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા નાનકરામ વિષનદાસ ગંગવાણી એ તા. ૦૩/૦૯/૨૦૦૯ ના રોજ ભારતીય પાસપોર્ટ મેળવવા જન્મ ના સ્થળ અને સ્કુલલીવીંગ સર્ટીફીકેટ અને જરૂરીય ડોક્યુમેન્ટ સાથે અરજી કરી હતી. જે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમા જન્મ નુ સ્થળ પાકિસ્તાનના જેકોબાબાદ જણાવેલ હોય જેથી પાસપોર્ટ કચેરી દ્વારા નાનકભાઈને ભારતીય નાગરીક તરીકે ના આધાર પુરાવા રજુ કરવા માટે પાસપોર્ટ ઓફીસ માથી જણાવેલ હોય જે અંગે ના કોઈ આધાર પુરાવા પાસપોર્ટ ઓફીસ મા જમા કરાવી ન શકતા નાનકભાઈને પાસપોર્ટ મળેલ ન હોય અને ફાઈલ બંધ કરવામા આવી હતી, ત્યાર બાદ નાનકભાઈ ગંગવાણીએ ફરી તા.૨૦૨૧ ના રોજ પાસપોર્ટ મેળવવા માટે પાસપોર્ટ કલેશન સેન્ટર ખાતે રૂબરૂ અરજી કરી હતી. જેમા જન્મ સ્થળ રાજકોટ બતાવેલ અને જે ફાલઈ જરૂરી કાર્યવાહી માટે અમદાવાદ પાસપોર્ટની ઓફીસમા મોકલી હોય જેમા વેરીફીકેશન દરમ્યિાન પાસપોર્ટ અફીસના અધીકારીને જાણવા મળેલ કે નાનકભાઈ ગંગવાણી એ ૨૦૦૯ ની સાલ મા પણ પાસપોર્ટ મેળવવા માટે અરજી કરી હતી જેમા પોતાનું જન્મ નુ સ્થળ પાકિસ્તાનના

જેકોબાબાદ દર્શાવેલ હોય અને હાલ ની ૨૦૨૧ ની પાસપોર્ટ મેળવવા ની અરજી મા પોતનુ જન્મનુ સ્થળ રાજકોટ દર્શાવેલ હોય તેમજ અગાઉ પાસપોર્ટ મેળવવા માટે અરજી કરેલ તેવી કોઈ વિગત પણ પાસપોર્ટ ઓફીસના ફોર્મ મા જણાવેલ નથી. અમદાવાદ પાસપોર્ટ ઓફીસના સિનીયર સુપરીટેન્ડેન્ટ સોનલબેન

જેઠવાએ ડીસ્પયુટ પાસપોર્ટ ની અરજી ચકાસણી કરી યોગ્ય

કાર્યવાહી સાથે પાસપોર્ટ ઓથોરીટીના લીગલ ડીપાર્ટમેન્ટને મોકલતા જેની ચકાસણીમા નાનકભાઈ ગંગવાણીએ પાસપોર્ટ મેળવવા માટે અગાઉ ની અરજીની હકિક્ત છુપાવી અને જન્મ સ્થળ ખોટી માહિતી આપી જન્મ ના ખોટા દસ્તાવેજ બનાવી ભારતીય પાસપોર્ટ મેળવવા માટે ખરા તરીકે ઉપયોગ કરેલ હોય તે મતલબ ની ફરીયાદ એ ડીવીઝન ની પોલીસ સ્ટેશનમા નોધાવી હતી. જે ફરીયાદ અનુસંધાને પોલીસ અધીકારીએ તમામ ડોક્યુમેન્ટ મેળવી તપાસ કરતા જેમાં આરોપી જે સ્કુલ મા અભ્યાસ કરેલ તે સ્કુલના એડમીશન સમયના ડોક્યુમેન્ટ કબ્જે કરી આરોપીની અટક કરી હતી.બાદ કોર્ટમા ચાર્જશીટ દાખલ કર્યું હતું. કોર્ટ કાર્યવાહી ચાલવા આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ આરોપીના વકીલે આરોપીના બચાવમા પ્રશ્નોતરી કરેલ અને આ ફરીયાદી તરફ થી કેસ ચાલતા દરમ્યાન તમામ ડોકયુમેન્ટ અને પુરાવાઓ રજૂ કર્યા અને કાયદાની તમામ પ્રક્રિયા પુર્ણ થયા બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ ધ્યાને લઈ રાજકોટના જજ લીઝા અભય ખંડેવાલએ આરોપી નાનકરામ વિષનદાસ ગંગવાણીને નિર્દોષ છોડી મુકવાનો આદેશ ફરમાવેલો છે.આ કામમાં આરોપીઓ વતી રાજકોટના યુવા એડવોકેટ દુર્ગેશ જી. ધનકાણી, વીજય સીતાપરા, વિવેક સોજીત્રા, દિવ્યાબા વાળા, તથા સજય કાટોળીયા,ધનશયામ શીરોડીયા રોકાયેલા હતા.

# હીટ એન્ડ રનઃ અજાણ્યા વાહનને બાઈકને ઠોકરે લેતા યુવાનનું મોત

## જૂનાગઢથી પરત આવતી વેળાએ સર્જાયો અકસ્માત, સિવિલ હોસ્પિટલમાં સારવારમા દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

જૂનાગઢની ઝાંઝરડા ચોકડી પાસે ગત ૨૬ ફેબ્રુઆરીના રોજ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં રાજકોટના એક આશાસ્પદ યુવાનનું કરુણ મોત નીપજ્યું છે. અજાણ્યા વાહનની ઠોકરે ચડેલા યુવાનને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડાયા બાદ આજે તેમણે અંતિમ શ્વાસ લેતા પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટના આંબેડકર એસટી વર્કશોપ પાછળ રહેતા દીપકભાઈ કાનજીભાઈ ચૌહાણ (ઉં.વ. ૨૭) ગત ૨૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ જૂનાગઢથી પરત રાજકોટ આવી રહ્યા હતા. આ દરમિયાન ઝાંઝરડા ચોકડી પાસે કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમને અડફેટે લીધા હતા. અકસ્માત સર્જી વાહન ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત દીપકભાઈને ૧૦૮ મારફતે તાત્કાલિક પ્રથમ સારવાર જૂનાગઢ ખાતે આપવામાં આવી હતી, ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ગંભીર ઈજાઓને કારણે ચાલુ સારવાર દરમિયાન આજે તેમનું મોત થયું છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક દીપકભાઈ કારખાનામાં મજૂરી કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ બે ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના હતા. બનાવને લઈ ચૌહાણ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પારવડી ચોકમાં બીમારીથી કંટાળી યુવાનનો આપઘાત

## સદગુરૂધામના નીલ કારિયાએ ઘરે માંકડ મારવાની દવા પીધી

**અબતક, રાજકોટ**

શહેરના પારવડી ચોક પાસે આવેલા સદગુરુ ધામ વિસ્તારમાં રહેતા યુવાને આજે બપોરે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સદગુરુ ધામ પાસે રહેતા નીલ જગદીશભાઈ કારિયા (ઉં.વ. ૩૦) છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા. આજે બપોરે આશરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ ઘરે હતા, ત્યારે બીમારીના કંટાળાને કારણે તેમણે માંકડ મારવાની દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનોએ તેમને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, નીલભાઈ અગાઉ મેડિકલ સ્ટોરમાં કામ કરતા હતા, પરંતુ છેલ્લા બે મહિનાથી તબિયત ખરાબ હોવાને કારણે તેઓ ઘરે જ હતા અને કોઈ કામ-ધંધો કરી શકતા ન હતા. કામ વગર ઘરે રહેતા અને માનસિક બીમારી વધતા તેઓ તણાવમાં રહેતા હોવાનું જણાય છે. નીલભાઈના પિતા માર્કેટિંગ યાર્ડમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. નીલભાઈ બે ભાઈઓમાં નાના છે. હાલ હોસ્પિટલ ચોકી દ્વારા પોલીસને જાણ કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# એડવાન્સ લીધેલા રૂ.૨૨.૨૪ લાખ ઓળવી જવાના ગુનામાં સુનીલ ચૌહાણને એક વર્ષની કેદ

## ચેક રિટર્ન કેસમાં આરોપી કૂલિંગ સોલ્યુશન ધંધાર્થી ચેકની રકમથી દોઢું વળતર ન ચૂકવે તો વધુ એક વર્ષની જેલસજા

**અબતક,રાજકોટ**

સીપીપી ફિલ્મ્સ ફેકટરીનો કૂલિંગ ટાવર સિસ્ટમનો ઓર્ડર પૂરો ના થઈ શકતા એડવાન્સ મળેલા રૂપિયા ૨૧.૨૪ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં કૂલિંગ સોલ્યુશન્સ ધંધાર્થીને અદાલતે એક વર્ષની સજા અને ચેક રકમની દોઢી રકમનું વળતર ચૂકવવાનો અને જો વળતરની રકમ દિન-૬૦માં ન ચુકવે તો વધુ એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા રાહિલ સીપીપી ફિલ્મ્સ પ્રા.લી.ને પોતાની ફેકટરીમાં કુલિંગ ટાવર સીસ્ટમની જરૂરિયાત માટે ઈન્ડિયા માર્ટ ઓનલાઈન સાઈટ દ્વારા લીવા કુલિંગ સોલ્યુશનના પ્રોપરાઈટર સુનીલ વલ્લભભાઈ ચૌહાણ સાથે સંપર્ક થતા ઓર્ડર આપવામાં આવેલ, જે કામ માટે રહિલ સીપીપી ફિલ્મસે એડવાન્સ પેટે રૂ. ૨૧.૨૪ લાખ આર.ટી.જી.એસથી ટ્રાન્સફર કરેલ હોય કુલિંગ ટાવર સીસ્ટમનું ફિટિંગ કામ ત્રણ માસમાં પૂર્ણ કરવાનું હોય, પરંતુ લીવા કુલિંગ સોલ્યુશનના પ્રોપ્રાઈટર સુનીલ ચૌહાણે દ્વારા ત્રણ માસ કરતા વધુ સમયમાં કુલિંગ સિસ્ટમ ફિટ કરી આપેલ નહિ, જેથી સુનીલ ચૌહાણે રૂ. ૨૧.૨૪ લાખ પરત કરવા રાહિલ સીપીપી ફિલ્મસ પ્રા.લીને ચેક લખી આપેલ હતો. આ ચેક રિટર્ન થતા ફરિયાદીએ લીવા કુલિંગ સોલ્યુશનના પ્રોપ્રાઈટર સુનીલ ચૌહાણ સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ-૧૩૮ મુજબ નોટીસ ફટકારી હોવા છતાં નિયત સમયમાં ચેકના નાણા ચુકવ્યા ન હતા, આથી તેની સામે ફરિયાદ ફરિયાદી રાહિલ સીપીપી ફિલ્મસ પ્રા.લી દ્વારા દાખલ કરેલ હતી. આ કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષના પુરાવા પૂર્ણ થતા બંને પક્ષની દલીલો કોર્ટ સમક્ષ કરવામાં આવેલ, જેમાં ફરિયાદીનું કાયદેસરનું લેણુ સાબિત થતું હોય અને ફરિયાદ પક્ષની દલીલને માન્ય રાખી અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.એ. શેખે લીવા કુલિંગ સોલ્યુશનના પ્રોપ્રાઈટર સુનીલ ચૌહાણને તકસીરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમની દોઢી રકમનું વળતર ચૂકવવા અને જો આરોપી દિન-૬૦માં વળતરની રકમ ન ચુકવે તો વધુ એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરિયાદી વતી વકીલ તરીકે કેવલ જયંતકુમાર પુરોહિત, તન્વી ભદ્રેશભાઈ શેઠ, સમીર મન્સૂરી રોકાયા હતા.

# બેડી ચોકડી નજીક બસ-ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા મારવાડી યુનિ. સુધી બે કિ.મી. લાંબો ટ્રાફિકજામ

## ચોકની વચ્ચોવચ જ મુસાફરો ભરેલી બસને સવારના સુમારે ડમ્પરે ઠોકર મારતા ટ્રાફિકજામ સર્જાયોઃ વાહનોના થપ્પા લાગ્યા

**અબતક, રાજકોટ**

બેડી ચોકડી પાસે ખાનગી બસનો અકસ્માત થતાં મારવાડી યુની. સુધી બે કિમી લાંબો ટ્રાફિકજામ થયો હતો જેનાથી અનેક વાહન ચાલકો ટ્રાફીકમાં ફસાતા તંત્ર પર રોષ પણ ઠાલવ્યો હતો. જો કે, ટ્રાફિક પોલીસની ટીમોએ દોડી જઈ ચાર કલાકે ટ્રાફિક ક્લિયર કર્યો હતો.



પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટ-મોરબી હાઈવે પર આજે સવારે બેડી ચોકડી ખાતે ખાનગી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત બાદ અહીં વાહનોની લાંબી કતારો લાગી ગઈ અને ટ્રાફિક સંપૂર્ણપણે થંભી ગયો. અકસ્માત સ્થળથી મારવાડી યુનિવર્સિટી સુધી અને તેનાથી આગળના વિસ્તારોમાં વાહનોના થપ્પા લાગ્યા હતા. આ અકસ્માતને કારણે મોરબી તરફથી રાજકોટ આવતા તેમજ રાજકોટથી મોરબી જતા હજારો મુસાફરો, હોસ્પિટલમાં જતા દર્દીઓના સંબંધીઓ, દુકાનદારો અને કામકાજે જતા લોકો લાંબા સમય સુધી રસ્તા પર ફસાઈ ગયા છે. મુસાફરોમાં આક્રોશ જોવા મળ્યો હતો. અકસ્માતના ભારે ટ્રાફિકજામ બાદ ટ્રાફિક પોલીસની ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને ચાર કલાકના અંતે ટ્રાફિક કલિયર કરાવ્યો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં મોટી જાનહાનિ થઈ ન હતી. આ અકસ્માત અને ટ્રાફિક જામ અંગે પોલીસે જણાવ્યું હતું કે, આજે વહેલી સવારે જામનગર તરફથી આવતી એક ખાનગી બસ સાથે ગ્રીનલેન્ડ ચોકડી તરફથી આવતા ડમ્પરે ટક્કર મારી હતી. જેથી બંને વાહનો બેડી ચોકડી વચ્ચે જ બંધ પડી ગયા હતા અને લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. બે કિમી લાંબો ટ્રાફિક જામ થયા બાદ ટ્રાફિકમાં ફસાયેલા ઘણા લોકોએ સોશિયલ મીડિયા પર આ ઘટનાના ફોટા અને વીડિયો શેર કરીને ટ્રાફિક વ્યવસ્થા અને સલામતી પર સવાલ ઉઠાવી આક્રોશ ઠાલવ્યો હતો.



**સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કરી વાહનચાલકોએ રોષ ઠાલવ્યો : પોલિસે દોડી જઈ ટ્રાફિક ક્લિયર કરાવ્યો**

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૭૫૧ | ૭૮૨ | ૧૬૨૭ |
| પપૈયા | ૩૦ | ૯૮ | ૧૯૪ |
| બટેટા | ૫૦૪૦ | ૯૩ | ૨૦૬ |
| ડુંગળી સુકી | ૧૩૬૨ | ૫૧ | ૨૪૩ |
| ટમેટા | ૧૦૬૨ | ૮૪ | ૧૬૬ |
| સુરણ | ૧૩ | ૬૯૪ | ૮૫૭ |
| કોથમરી | ૪૦૩ | ૧૫૩ | ૨૧૧ |
| સકરીયા | ૫૨ | ૬૧૩ | ૬૯૪ |
| મુળા | ૬૯ | ૨૦૨ | ૩૧૪ |
| રીંગણા | ૪૪૬ | ૧૨૬ | ૩૩૬ |
| કોબીજ | ૪૨૩ | ૫૮ | ૯૨ |
| ફલાવર | ૩૬૧ | ૧૮૪ | ૨૯૪ |
| ભીંડો | ૨૦૬ | ૬૦૭ | ૧૦૧૬ |
| ગુવાર | ૧૫૩ | ૧૧૮૭ | ૧૫૧૯ |
| ચોળાસીંગ | ૧૦૧ | ૫૦૫ | ૧૦૧૩ |
| વાલોળ | ૧૭૯ | ૨૪૭ | ૬૦૨ |
| ટીંડોળા | ૨૯ | ૪૦૮ | ૮૧૬ |
| દુધી | ૩૫૩ | ૬૪ | ૯૮ |
| કારેલા | ૩૦૯ | ૬૮૨ | ૧૦૧૦ |
| સરગવો | ૫૪ | ૮૦૨ | ૧૨૧૬ |
| તુરીયા | ૨૯ | ૭૨૧ | ૧૦૧૧ |
| પરવર | ૩૦ | ૧૦૧૯ | ૧૬૨૭ |
| કાકડી | ૩૧૬ | ૩૧૩ | ૪૨૧ |
| ગાજર | ૩૩૪ | ૧૯૮ | ૪૦૬ |
| વટાણા | ૨૭૮ | ૩૮૯ | ૫૨૧ |
| તુવેરસીંગ | ૧૦૩ | ૫૦૯ | ૭૨૪ |
| ગલકા | ૧૬૨ | ૫૧૪ | ૭૧૩ |
| બીટ | ૨૫૧ | ૬૧ | ૧૦૯ |
| મેથી | ૨૯૬ | ૨૦૬ | ૨૬૪ |
| વાલ | ૩૯ | ૮૧૫ | ૧૦૧૯ |
| ડુંગળી લીલી | ૩૦૩ | ૨૧૯ | ૩૨૩ |
| આદુ | ૨૯૪ | ૯૮૨ | ૧૧૨૪ |
| ચણા લીલા | ૧૯૬ | ૯૬ | ૨૩૨ |
| મરચા લીલા | ૧૧૩૮ | ૩૮૪ | ૬૦૬ |
| હળદર લીલી | ૩૯ | ૨૯૯ | ૫૦૫ |
| લસણ લીલું | ૩૧ | ૫૧૩ | ૮૨૧ |
| મકાઈ લીલી | ૨૩૧ | ૨૦૧ | ૩૨૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૬૦ | ૧૪૨૫ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૪૪૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૫૮૦૦ | ૪૪૨ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૧૧૭૦ | ૮૫૦ | ૧૧૦૦ |
| બાજરી | ૧૪ | ૨૫૦ | ૩૨૫ |
| મકાઇ | ૨૦ | ૨૭૦ | ૩૭૦ |
| તુવેર | ૦ | ૧૨૯૦ | ૧૫૭૦ |
| ચણા પીળા | ૩૦૦૦ | ૯૨૫ | ૧૦૭૦ |
| ચણા સફેદ | ૬૦૦ | ૧૧૦૦ | ૧૭૭૫ |
| અડદ | ૧૫૦ | ૧૪૦૦ | ૧૬૬૧ |
| મગ | ૪૫ | ૯૬૦ | ૧૫૭૫ |
| વાલ દેશી | ૮૦ | ૮૦૦ | ૧૦૨૦ |
| ચોળી | ૩૫ | ૮૦૦ | ૧૧૬૦ |
| મઠ | ૧૦ | ૯૫૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૫૦૦ | ૭૫૦ | ૧૨૦૦ |
| રાજમા | ૪૬૦ | ૧૧૫૦ | ૧૭૫૬ |
| મગફળી જાડી | ૨૦૦૦ | ૧૧૯૦ | ૧૪૬૮ |
| મગફળી જીણી | ૨૦૦૦ | ૧૨૨૦ | ૧૪૫૨ |
| તલી | ૨૮૦ | ૧૪૦૦ | ૧૯૦૫ |
| એરંડા | ૬૦૦ | ૧૨૧૭ | ૧૨૬૮ |
| અજમો | ૧ | ૧૫૦૦ | ૨૬૬૦ |
| સોયાબીન | ૨૩૦ | ૯૫૧ | ૯૯૦ |
| સીંગફાડા | ૬૬૦ | ૧૨૫૦ | ૧૫૯૮ |
| કાળા તલ | ૩૫ | ૨૪૦૦ | ૪૧૦૦ |
| લસણ | ૨૮૦ | ૯૦૦ | ૧૫૯૦ |
| ધાણા | ૦ | ૧૪૭૦ | ૨૦૯૦ |
| મરચા સુકા | ૨૪૦ | ૩૨૧૧ | ૫૬૦૦ |
| ધાણી | ૦ | ૧૫૬૦ | ૨૩૮૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૩૦૦ | ૪૩૭૧ |
| રાય | ૪૦૦ | ૧૧૪૦ | ૧૩૮૦ |
| મેથી | ૧૩૦૦ | ૯૩૦ | ૧૪૦૦ |
| અશેરીયો | ૨૨ | ૯૫૦ | ૧૦૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૯૮૦ | ૧૧૫૦ |
| રજકાનું બી | ૮ | ૭૦૨૫ | ૭૦૨૫ |
| ગુવારનું બી | ૧૦૦ | ૯૦૦ | ૯૫૨ |

# ધંધા માટે લીધેલા રૂ.૮ લાખ પરત નહિ કરનાર પશુ આહાર વેપારીને કોર્ટનું તેડું

**અબતક, રાજકોટ**

ધંધાની જરૂરિયાત માટે લીધેલા રૂપિયા ૮ લાખ પરત કરવાનો ચેક રિટર્ન થયાની ફોજદારી કોર્ટ ફરિયાદમાં અદાલતે ભુપગઢના કેટલફીડ ધંધાર્થીને કોર્ટમાં હાજર થવા સમન્સ ઈસ્યુ કર્યું છે.આ અંગેની ફરિયાદની હકીકત મુજબ, ફરીયાદી ભરત મોઢવાડિયાએ ભુપગઢ ખાતે આવેલ સહજાનંદ કેટલ ફીડના માલીક નિલેશભાઈ પ્રતાપભાઈ સિંધવને ધંધાના કામ સબબ રૂપિયા છ માસમાં પરત કરવાની શરત સાથે હાથ ઉછીના આપ્યા હતા. ત્યારબાદ ફરીયાદીએ આરોપીને આપેલ હાથ ઉછીની રકમની પરત માંગણી કરતા આરોપીએ ફરિયાદીને ચુકવણી પેટે રૂ. ૮ લાખનો ચેક આપેલ, જે ચેક ફરીયાદીએ પોતાની બેંકમાં વટાવવા નાખતા ચેક વટાવાયા વગર ''ફંડ ઈનસફિસિયન્ટ ના શેરા સાથે પરત ફરતા ફરીયાદીએ પોતાના એડવોકેટ મારફત લીગલ ડિમાન્ડ નોટીસ પાઠવવા છતાં નોટીસમાં જણાવેલ સમયમાં આરોપીએ ફરિયાદીને ચેક મુજબની રકમ ન ચુકવતા ફરીયાદી ભરત મોઢવાડિયાએ આરોપી નીલેશ સિંધવ વિરુધ્ધ કોર્ટમા ફરિયાદ દાખલ કરેલ, જે ફરિયાદ કોર્ટે રજિસ્ટર લઈ ભુપગઢ ખાતે આવેલ સહજાનંદ કેટલ ફીડના માલીક આરોપી નીલેશ પ્રતાપભાઈ સિંધવને કોર્ટમાં હાજર રહેવા સમન્સ ઈસ્યુ કર્યું છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલે ગુજરાતમાં: સાણંદમાં સેમિકન્ડકટર પ્લાન્ટનું ઉદઘાટન કરશે



## સાણંદના પ્લાન્ટમાં એસએસડી અને રેમ પ્રકારના સ્ટોરેજ – મેમરી ઉપકરણો બનશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે માદરે વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. સાણંદ ખાતે સેમિકન્ડકટર પ્લાન્ટનું ઉદઘાટન કરશે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભગીરથ પ્રયાસોથી ભારત હવે નેશનલ સેમિકન્ડકટર મિશન અંતર્ગત સેમિકન્ડકટર ચીપ ઉત્પાદન ક્ષેત્રમાં પણ ડંકો વગાડવા તૈયાર છે. કાલે ગુજરાતના સાણંદ ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી માઈક્રોન ટેક્નોલોજીના અદ્યતન એટીએમપી (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) પ્લાન્ટનું ઉદઘાટન કરશે. સાણંદમાં માઈક્રોન સેમિકન્ડકટર ટેકનોલોજી ઈન્ડિયા પ્રા. લિમિટેડ દ્વારા રૂ. ૨૨,૫૧૬ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે અને ગુજરાતમાં માઈક્રોનની એટીએમપી સુવિધાના શરૂ થવાથી, ભારતમાં સેમિકન્ડકટર ક્ષેત્રે નવી ક્રાંતિનો શુભારંભ થશે.

સેમિકન્ડકટર ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં નેતૃત્વની ભૂમિકામાં છે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સઘન પ્રયાસોથી સાણંદમાં માઈક્રોનનો પ્લાન્ટ નિર્ધારિત સમયસીમામાં કાર્યરત થવા જઈ રહ્યો છે. આ પ્લાન્ટ એક એટીએમપી (એસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ) સુવિધા છે જેમાં એસ.એસ.ડી. (સોલિડ સ્ટેટ ડ્રાઈવ-હાર્ડ ડિસ્ક ડ્રાઈવ પ્રકારનું સ્ટોરેજ માટેનું આધુનિક ઉપકરણ) અને રેમ પ્રકારના ડીઆરએએમ અને એનએએનડી ઉત્પાદનો તૈયાર કરવામાં આવશે. સાણંદ પ્લાન્ટમાં અત્યારે ૨૦૦૦ લોકોની ટીમ કાર્યરત છે, જેમાં આગામી સમયમાં ૫ હજાર લોકોને સીધી રોજગારીની

(અનુ. આઠમા પાને)

## સાણંદ જીઆઈડીસીમાં પ્રીમિયમ હોટલ બનાવવા ૫ એકર જમીનની ફાળવણી

સાણંદ ઔદ્યોગિક વસાહતમાં કાર્યરત નેશનલ અને મલ્ટીનેશનલ કંપનીઓ માટે સુવિધાઓમાં વધારો કરવાના ઉદ્દેશથી, હોટલ નિર્માણ માટે પ્લોટની હરાજી પૂર્ણ કરવામાં આવી છે. સાણંદ-૨ ઔદ્યોગિક વસાહતમાં ૨૦૧૬૮.૫૪ ચોરસ મીટર (અંદાજિત ૫ એકર) જેટલો પ્લોટ વિશેષ રીતે પ્રીમિયમ હોટલ નિર્માણ માટે રિઝર્વ કરવામાં આવ્યો હતો.

આ ઈ-હરાજીમાં મહત્તમ બીડ સાથેના ડેવલપરને નિયમોનુસાર પ્લોટની ફાળવણી કરવામાં આવી છે. ૩ થી ૫ સ્ટાર હોટલના નિર્માણની કામગીરી શરૂ કરવા માટે કંપનીને ચાર વર્ષનો મોરિટોરિયમ પીરિયડ આપવામાં આવ્યો છે. આ હોટલ સિવાય સાણંદ ઔદ્યોગિક વસાહતની ૩ કિલોમીટર નજીક એક ફાઈવ સ્ટાર હોટલ નિર્માણની કામગીરી પણ પ્રગતિમાં છે. આ પ્રકારની વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓની હાજરી હોવાથી, અહીં મુલાકાતે આવતા ડેલિગેટ્સ અને કર્મચારીઓને રહેવા માટે આ હોટલની સુવિધા મહત્વપૂર્ણ બનશે.

સાણંદ ઔદ્યોગિક વસાહતમાં ઉદ્યોગોની સુવિધા માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવ્યવસ્થિત કનેક્ટિવિટી હોવાથી ઉદ્યોગોનો સતત વિકાસ થઈ રહ્યો છે. અત્યારે સાણંદ ઔદ્યોગિક વસાહતમાં ૧૧૫૦ ઔદ્યોગિક એકમો કાર્યરત છે. સાણંદમાં મહિલાઓ માટે સમર્પિત મહિલા ઔદ્યોગિક પાર્ક બનાવવામાં આવ્યો છે, જેના દ્વારા મહિલાઓને સશક્ત બનાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

# સોમવારે હોલીકા દહન: રંગોનું પર્વ "ધુળેટી"ની બુધવારે ઉજવાશે



સોમવારે સુર્યાસ્ત બાદ શુભ મુહુર્ત હોળી પ્રગટાવી શકાશે

### હોલીકા દહનનો શુભ સમય

પ્રદોષકાળનો શુભ સમય સાજે ૬:૫૦ થી ૯.૧૮ ચોઘડિયાં પ્રમાણે શુભ સમય ચલ ચોઘડિયું રાત્રે ૬.૫૦ થી ૮.૨૨ સુધી છે.

**અબતક, રાજકોટ**

સોમવારે સુર્યાસ્ત બાદ હોલીકા દહન કરવામાં આવશે. જ્યારે રંગોના પર્વ ધુળેટીની ઉજવણી બુધવારે કરવામાં આવશે.

ફાગણ શુદ ચૌદસને સોમવારે હોળી છે. સોમવારે સાંજેના ૫.૫૭ કલાકથી પૂનમ તીથીની શરૂઆત થાય છે. જે મંગળવારે સાંજના ૫.૦૯ કલાક સુધી પૂનમ તિથિ છે ખાસ કરીને હોળીમાં પૂનમ ભદ્રા રહીત હોય અને પ્રદોષકાળ વ્યાપીની હોય તેવી પૂનમ લેવી તેવો શાસ્ત્રનો મત છે.

પ્રદોષ કાળ વ્યાપીની પૂનમ સોમવારે છે. મંગળવારે નથી આથી દરેક પંચાંગ પ્રમાણે જ્યોતિષના નિયમ પ્રમાણે હોલિકા દહન હોળી ૨ માર્ચને સોમવારે છે. હોલિકા દહન માટે ભદ્રાના મુખનો ત્યાગ કરવો જોઈએ જે મોડી રાત્રીના આવે છે. આથી સોમવારે દિવસ આથમ્યા પછી શુભ મુહૂર્તમાં હોલિકા દહન કરી શકાશે. હોળાષ્ટક મંગળવારે સાંજે ૫.૦૯ કલાકે પુરા થશે. વર્ષોની પરંપરા છે હોળીની દિશાના આધારે એક માન્યતા પ્રમાણે હોળી પ્રગટયા બાદ જે દિશામાં પવન વાતો હોય તે દિશા પ્રમાણે તે વર્ષના વરસાદની આગાહી કરવામાં આવે છે. ઈશાન ખુણામાં સારો વરસાદ થાય. ૧૬ આની અગ્નિ ખુણામાં પવન વાયતો દુષ્કાળનો ભય રહે. વાયવ્ય ખુણામાં પવન વાપનો સારો વરસાદ થાય. નૈત્રજ્ય ખુણામાં પવન વાય તો સાધારણ વરસાદ થાય. પશ્ચિમ દિશામાં પવન જાય તો ૮ આની ચોમાસુ, દક્ષિણ દિશામાં પવન જાય તો પાક નાશ પામે, પૂર્વે દિશામાં પવન વાય તો કયાંક વરસાદ પડે કપાંકનો પડે. ૧૨ આની વર્ષ ઉત્તર દિશામાં જાય તો વરસાદ સારો કહી શકાય. ધાન્ય સાફું ઉપરની કોર પવન ચડે તો યુધ્ધ થાય પ્રજા દુ:ખી અને હોળીની ઝાર ચારેકોર ફરે તો વાવાઝોડું વંટોળ વાય છે.

સૌપ્રથમ હાથમાં જળ લઈ અને સંકલ્પક કરવો આજના દિવસે મારા શરીરની બધી બાધાઓ દુર થાય રોગ શત્રુ દુર થાય અને સારા આરોગ્યની પ્રાપ્તી થાય ત્યાર બાદ હોળીમાં શ્રીફળ હોમવું ત્યારબાદ અબીલ ગુલાલ કંકુના છાટણા નાખવા ખજૂર અને ધાણી પણ પધરાવી શકાય હોળીમાં લવિંગ કપૂર પણ પધરાવી શકાય છે જેનાથી વાતાવરણ શુદ્ધ બને છે ત્યારબાદ ધર્મ સિંધુ ગ્રંથના નિયમ પ્રમાણે હોળીની ત્રણ પ્રદક્ષિણા ફરવી અને પ્રાર્થના કરવી મારા શરીરની બધી જે બીમારીઓ દુર થાય હોળીના દિવસે પોતાના કુળદેવીના મંત્ર જપ કરવા શ્રેષ્ઠ છે. સાથે હનુમાનજીની ઉપાસના ભૈરવ ઉપાસનાં કરી શકાય જેથી આખુ વર્ષે શાંતિથી પસાર થાય. સરસવ નો દીવો કરી હનુમાનજીને તથા ભૈરવદાદાને હોળીની સાંજે ૨૧ અળદના દાણા ચડાવા પણ શુભ છે અને ફળદાઈ છે.

હાલ કુંભ, મીન તથા મેષ રાશિના જાતકોને મોટી પનોતી તથા સિંહ અને ધન રાશીના લોકોને શનિની નાની પનોતી ચાલે છે. આથી હોળીનાં દિવસે હનુમાન ચાલીસાના પાઠ કરવા હનુમાનજીનું પૂજન કરવું. જેથી પનોતીમાં રાહત રહેશે તથા મીન, વૃશ્ચિક, કર્ક રાશીના લોકોને રાહુ અશુભ ચાલે છે. ગોચરમાં રાહુ અશુભ ચાલતો હોવાથી હોળીનાં દિવસે મહાદેવજીને કાળા તલ ચડાવા તે ઉપરાંત મહાદેવજી ઉપાસનાં હોળીનાં દિવસે ખાસ કરવી જેથી રાહત રહેશે.

હોલિકા દહન બાબતે જોઈએ તો હોલિકા દહન સાંજના દિવસ આથમ્યા પછી પ્રદોષકાળ નો સમય શ્રેષ્ઠ ગણાવવામાં આવ્યો છે અને આ સમય દરમિયાન વૈજ્ઞાનિક રીતના જોઈએ તો હોળીનો તાપ શરીરને મળે તો શરીરની બીમારીઓ દૂર કરવા માટે મદદ કરે છે આથી જ હોળીની પ્રદક્ષિણા ફરવાનું મહત્વ છે ખાસ કરીને હોળીના દિવસ પછીથી ગરમીમાં વધારો થાય છે જે આપણું શરીર છેલ્લા ત્રણેક મહિના થયા ઠંડીમાં રહ્યું હોય અને તુરંત જ ગરમી સહન કરી શકતું નથી આથી આ દિવસો દરમિયાન વાયરલ બીમારીનો વધારો થાય છે એ બીમારી અથવા તો દોષ ના નીવારણ માટે હોળીનો તાપ દરેકને મળવાથી વાયરલ એટલે કે સિઝનલ બીમારી ઓ દૂર થાય છે આ હોળીનું મહત્વ વૈજ્ઞાનિક રીતના પણ ઘણું છે તેમાં પણ ખાસ કરીને ધાણી અને દાળિયા હોળીમાં પધરાવવાનું મહત્વ છે તે ઉપરાંત હોળીમાં કપૂર અને લવિંગ પધરાવાનું મહત્વ છે આ પધરાવાથી વાતાવરણ શુદ્ધ બને છે અને ખજૂર દાળિયા ધાણી ખાવાનું પણ મહત્વ છે તે કફ દૂર કરવામાં શરદી દૂર કરવામાં મદદ કરે છે આ હોળીનો પ્રસાદ પણ આપણને શારીરિક બીમારી દૂર કરવામાં મદદ કરે છે.

આપણે ત્યાં હોળીના દિવસે નાના બાળકને હાઈડો પહેરાવી અને તેમના મામા હોળીની પ્રદક્ષિણા ફરે છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવેલ છે. તેમ શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)એ જણાવ્યું હતું.

# દ્વારકામાં મંગળવારે બપોરે ફુલ ડોલ ઉત્સવની ઉજવણી

### ગ્રહણ મોક્ષ બાદ ચંદ્રોદય હોય બપોરે ૨ થી ૩ સુધી ફુલ ડોલ ઉત્સવ ઉજવાશે




**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકામાં જગત મંદિર ખાતે આગામી મંગળવારે બપોરે ૨ થી ૩ કલાક દરમિયાન ફુલડોલ ઉત્સવની ઉજવણી કરવામાં આવશે શ્રીજી દર્શનમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

આગામી મંગળવારના રોજ ખગ્રાસ ચંદ્રગ્રહણ હોય આમ છતાં સૌરાષ્ટ્ર કચ્છ સહિત યાત્રાધામ દ્વારકામાં ગ્રહણ મોક્ષ બાદ ચંદ્રોદય થનાર હોય ગ્રહણ પાળવાનું થતું ન હોય જગતમંદિરમાં શ્રીજીના દર્શન ક્રમ – ફુલડોલ ઉત્સવ અંગે જરૂરી ફેરફાર કરાયો છે. યાત્રાધામ દ્વારકામાં સાંજે ૬.૪૭ કલાકે ગ્રહણ મોક્ષ બાદ ૬:૫૯ કલાકે ચંદ્રોદય થનાર હોય દર વર્ષની જેમ બપોરે ફુલડોલ ઉત્સવ ઉજવાશે. મંદિર વહીવટદારની યાદીમાં જણાવ્યાનુસાર પૂનમ – ફુલડોલ

(અનુ. આઠમા પાને)

# પાણીની હોળી: રવિવારે ૭ વોર્ડમાં વિતરણ બંધ

## હેડ વર્ક્સ પર જીએસઆર સફાઈની કામગીરી સબબ ઈસ્ટ ઝોન હેઠળ આવતા વોર્ડ નં.૪ (પાર્ટ), ૫ (પાર્ટ), ૬ (પાર્ટ), ૧૫ (પાર્ટ) અને વેસ્ટ ઝોન હેઠળ આવતા ૮ (પાર્ટ), ૧૧ (પાર્ટ) અને ૧૩ (પાર્ટ)માં લાખો લોકો હોળીના તહેવારમાં રહેશે પાણી વિનાના

**અબતક, રાજકોટ**

હોળીના તહેવારના દિવસોમાં જ આગામી રવિવારે કોર્પોરેશન દ્વારા શહેરના ૭ વોર્ડમાં પાણીકાપ ઝીંકવાની જાહેરાત કરી છે. જીએસઆઈ સફાઈની કામગીરી સબબ આજી ૩૦ આધારિત ઈસ્ટ ઝોન હેઠળના વોર્ડ નં.૪ (પાર્ટ), વોર્ડ નં.૫ (પાર્ટ), વોર્ડ નં.૬ (પાર્ટ) અને વોર્ડ નં.૧૫ (પાર્ટ) જ્યારે ચંદ્રેશનગર આધારિત વેસ્ટ ઝોન હેઠળના વોર્ડ નં.૮ (પાર્ટ), વોર્ડ નં.૧૧ (પાર્ટ), વોર્ડ નં.૧૩ (પાર્ટ)માં પાણી વિતરણ બંધ રહેશે.

કોર્પોરેશનના વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ હેડ વર્કસ પર જીએસઆરની સફાઈ કામગીરી સબબ આગામી ૧-માર્ચના રોજ આજી ૩૦ લાઈન હેઠળના વોર્ડ નં.૪ રીધ્ધી સીધ્ધી, ગાંધી સ્મૃતિ, મહાકાળી સોસાયટી, શિવમ પાર્ક ૧ થી ૬, ગાંધી સોસાયટી ૧ થી ૫, જય નંદ નગર, વિજય વંત ૧ થી ૩, બેડીપરા( પાર્ટ), બોરીચા સોસાયટી, ત્રિમૂર્તિ ચોક, સીતારામ રોડ(પાર્ટ), બેચાર મારાજ શેરી, આયસબાપીર રોડ, વાંઢા પીપળ વારી શેરી, કાબા કુંભાર વારી શેરી, નંદ નગર, લંગડા હનુમાન વારી શેરી, ભલા ભરવાડ શેરી, ગંગેશ્વર મહાદેવ મેઈન રોડ, નંદનવન, મીયાનાવાસ, મહાત્મા ગાંધી પ્લોટ ૧ થી ૧૨, ખોડીયાર પરા ૧ થી ૩, લાતી પ્લોટ ૧ થી ૧૭, ધરમ નગર ૧ થી ૪, ભગવતીપરા ૧ થી ૨૨, શાંતિ નગર, શ્રમજીવી સોસાયટી, વોર્ડ નં.૫ના આર્યનગર, બ્રાહ્મણીયાપરા-૧૦ થી ૨૧, ગધીયાનગર-૨, ન્યુ ગાંધી સોસા., કૈલાશધારા સોસા., કેયુંરપાર્ક, મોતીબાગ, નન્દુબાગ, ન્યુ શકિત સોસા., રણછોડનગર, રત્નદીપ સોસા.(પાર્ટ), ત્રિવેણી સોસા., વોર્ડ નં.૬ના શ્રી રણછોડનગર, ચંપક નગર, બ્રહમણિયાપરા, શીંગળા પ્લોટ, ગઢીયા નગર, શક્તી સોસા.(ફાયર બ્રિગેડ), ગીરનારી શેરી, સીતારામ રોડ, સેફી કોલોની, ફકરી પાર્ક, બદ્રી હાઉસ, પાંજળાપોલ, મનહરપરા, બેડીપરા શ્રમજીવી, ચુનારાવાડ, સીતારામ નગર, મયુર નગર, મયુર નગર મફતીયા પરા, સિલ્વર નેસ્ટ સોસા., શકતી ઈન્ડસ્ટ્રી, વોર્ડ નં.૧૫ના આંનદનગર, આજી જી.આઈ.ડી.સી., ભરતનગર, પોલીટેકનીક, આઈ.ટી.આઈ., ખોડીયારપરા સંપૂર્ણ (શે.ન.-૧ થી ૪૦), આજી વસાહત સંપૂર્ણ (શે.ન.-૧ થી ૬), આંબેડકરનગર સંપૂર્ણ (શે.ન.-૧ થી ૧૪), ન્યુ સર્વોદય સંપૂર્ણ (શે.ન.-૧ થી ૧૩), અવધપાર્ક સંપૂર્ણ (શે.ન.- ૧ થી ૪), ક્રિષ્ના પાર્ક ૧ તથા ૨, સર્વોદય સોસા. સંપૂર્ણ (શે.ન.-૧ થી ૫), રામનગર સંપૂર્ણ (શે.ન.-૧ થી ૧૦), આરાધના સોસા., નવા થોરાળા, ગોકુલપરા, વણકરવાસ સંપૂર્ણ (શે.ન.-૧ થી ૬, કસ્તુરબા હરીજનવાસ , વિનોદનગર, કુબલીયાપરા, બાપા સીતારામનગર, લાખાજીરાજ ઉદ્યોગનગર સંપૂર્ણ (શે.ન.-૧ થી ૧૪), ગંજીવાડા શે.ન.-૧ થી ૧૮, ૪૧, ૪૨, ૪૩, ૬૫, ૬૯, ૭૦, ૭૬ તથા ૭૭, મેરામબાપાની વાડી સંપૂર્ણ (શે.ન.-૧ થી ૪), મનહર સોસા. સંપૂર્ણ (શે.ન.-૧ થી ૭), શિવાજીનગર પાર્ટલી શે.ન.-૧ થી ૧૨ , વર્ધમાન ઈન્ડ. પાણી વિતરણ બંધ રહેશે.

આ ઉપરાંત વેસ્ટ ઝોન હેઠળના ચંદ્રેશનગર હેડ વર્કસ હેઠળ આવતા વોર્ડ નં.૮ના લક્ષ્મીણનગર, નંદ કિશોર સોસા., રાધાનગર, પટેલ પાર્ક, પુર્ણિમા સોસા., જયશકિત સોસા., દાસીજીવણપરા, કરણ પાર્ક, વિદ્યુતનગર, ભકિતધામ, દેવનગર, મેઘમાયાનગર, વોર્ડ નં.૧૧ના માયાણીનગર આવાસ યોજના, માયાણીનગર-પાર્ટ, વિશ્વનગર આવાસ યોજના, વિશ્વનગર-પાર્ટ, સિલ્વર હાઈટસ એપા., વિરલ સોસા., નહેરૂનગર સોસા., નહેરૂનગર અઘાટ, પટેલ પાર્ક, આદિત્યગ પાર્ક, ગીરનાર સોસા., સરદારનગર, ચામુંડાનગર-પાર્ટ, અલ્કાર સોસા.-પાર્ટ, ઉદયનગર-૧, પુનમ સોસા.-પાર્ટ, ઓમનગર-પાર્ટ-(બી), વોર્ડ નં.૧૩ના અલ્કા સોસા., ચંદ્રેશનગર, અમરનગર, ઉદ્યોગનગર, મવડી પ્લોટ, નવરંગ પરા, મણીનગર, મહાદેવ વાડી, પરમેશ્વર કોલોની, રામેશ્વર પાર્ક, પટેલવાડી, એમ.પી. પાર્ક, જમુના પાર્ક, દીવાન પાર્ક, પૂજા પાર્ક, શોભાના પાર્કમાં આગામી રવિવારે પાણીકાપ લાદવામાં આવ્યો છે.



# સૌરાષ્ટ્ર-કચ્છમાં પીજીવીસીએલનો સપાટો

# રૂ.૮૬.૯૪ કરોડની ઐતિહાસિક વસૂલાત

## 30 હજારથી વધુ કનેક્શન કપાયા: ૨૯૫૧ ટીમો મેદાનમાં ઉતરી નગરપાલિકાઓ પાસેથી રૂ.૨૭ કરોડથી વધુના બાકી લેણાં વસૂલ: ડિફોલ્ટરોમાં ફફડાટ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા બાકી વીજ બિલની વસૂલાત માટે અત્યાર સુધીની સૌથી મોટી અને આક્રમક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા છેડવામાં આવેલા આ મેગા ડિસ્કનેકશન અભિયાનમાં રેકોર્ડબ્રેક સફળતા મળતા માત્ર એક જ દિવસમાં કુલ રૂ ૮૬ કરોડ ૯૪ લાખની માતબર રકમ વસૂલ કરવામાં આવી છે, જે વીજ કંપનીના ઈતિહાસમાં એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે.

બાકી લેણાં મુદ્દે કડક વલણ અપનાવતા પીજીવીસીએલ ની કુલ ૨૯૫૧ ટીમો દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ફિલ્ડમાં ઉતરીને સઘન ચેકિંગ અને ડીસ-કનેકશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન અંદાજે ૭૮,૬૩૫ ડિફોલ્ટર ગ્રાહકોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાંથી લાંબા સમયથી બિલ ન ભરનાર ૩૦,૮૫૭ ગ્રાહકોના વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા, જેના પગલે ડિફોલ્ટરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

વીજ વિભાગની આ આક્રમક કાર્યવાહીની સીધી અસર ગ્રાહકો પર જોવા મળી હતી. ટીમો ફિલ્ડમાં ઉતરતા જ હજારો ગ્રાહકોએ ડરના માર્યા સ્વૈચ્છિક રીતે કરોડો રૂપિયાની બાકી રકમ જમા કરાવી દીધી હતી. એટલું જ નહીં, ડ્રાઈવ દરમિયાન ૧૮,૯૫૦ ગ્રાહકો એવા પણ હતા જેમણે કનેક્શન કપાયા બાદ તુરંત જ બાકી બિલ અને રી-કનેક્શન ચાર્જ ભરીને વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરાવવાની ફરજ પડી હતી.

આ મેગા (અનુ. આઠમા પાને)

રાજકોટ જિલ્લા ભાજપના ઉપપ્રમુખપદે મનોજભાઈ રાઠોડની વરણી થતાં અભિનંદન



રાજકોટ જિલ્લા ભાજપના ઉપપ્રમુખપદે મનોજભાઈ રાઠોડની વરણી થતાં ખોબલે ખોબલે અભિનંદન
મોબાઈલ નં.:- 9824251663
શુભેચ્છકો
મનસુખભાઈ પી. ડોડીયા
સુનિલભાઈ એમ. ડોડીયા
સાગરભાઈ એમ. ડોડીયા
શિવમ ફેબ્રીકેશન